PNR સો., બે.મૂં. શાળા અને ફોરમની સંસ્થાઓ
# કોશિશ થી કામયાબી
Since 1-8-1974
વિકલાંગોના પુનઃસ્થાપનની પ્રવૃત્તિનું માસિક
૧૫ એપ્રિલ - ૨૦૨૩, અંક નં. ૧૨૪ / ૪૯૦




## બાળકો માટે એક નહીં અનેક મુશ્કેલીઓ લઈને આવે છે... ઓટિઝમ ડિસઓર્ડર

# ઓટિસ્ટીક સોહમ્‌ની સિદ્ધિઓ...

પેજ નં. પાંચ ઉપર

Koshish Thi Kamyabi ◆ RNI No. GUJGUJ/2013/48176 ◆ Postel Reg. No. L2/36/RNP/BVR-414/2022-24◆ Monthly
Date of Publication : 15 April- 23 ◆ Posted at 20th of every month at BHAV.RMS ◆ Subscription Rs. 150 per year (12 Issue) ◆ Total Page : 32

# બહેરાં મૂંગા શાળા તસ્વીર સમાચાર


વરિષ્ઠ નાગરિકો માટે
ફ્રી શ્રવણયંત્ર વિતરણ કેમ્પ


શ્રવણમંદ વિદ્યાર્થીઓ માટે જોબ કેમ્પસ સિલેક્શન


શાળામાં યોજાયેલ ગાયત્રી હવન


છાત્રાલયમાં શ્રી રઘુભાઈ હુંબલ
દ્વારા યોજાયેલ ભોજન સમારંભ


સાધન સહાય કેમ્પ માટે ચેક અર્પણ કરતા
શ્રી રાનીબેન ચૌધરી


વડોદરા ખાતેના સમારંભમાં કેન્દ્રીય મંત્રીશ્રી પુરુષોત્તમ
રૂપાલા સાથે સંસ્થાના મંત્રી શ્રી અશ્વિનભાઈ



ધ સાઈલેન્ટ ઓલમ્પિયાડમાં
મેડલ મેળવતા શાળાના બાળકો



નેશનલ ગેમ્સમાં શ્રવણમંદ બાળકોએ
૩ ગોલ્ડ અને ૩ બ્રોન્ઝ મેડલ મેળવ્યાં

# કોશિશ થી કામયાબી

**આ અંકમાં ...**


- બહેરાં મૂંગા શાળા તસ્વીર સમાચાર . . . . . . . . . . . ૦૨
- INDEX . . . . . . . . . . . . . . . . . . . . . . . . . ૦૩
- CONTENTS AT A GLANCE . . . . . . . . . . ૦૪
- બાળકો માટે એક નહીં અનેક મુશ્કેલીઓ લઈને આવે છે... ઓટિઝમ ડિસઓર્ડર . . . . . . . . . ૦૫
- "પોતાના માટે જીવવું તે સામાન્ય બાબત છે, જ્યારે બીજાના માટે થોડી ક્ષણ પણ જીવવું, તે બહુ મોટી બાબત છે." . . . . . . . . . . . . . ૦૬
- ભાવનગરમાં નિર્માણ પામશે ઓટિઝમગ્રસ્ત બાળકો માટે આધુનિક શાળા સંકુલ . . . . . . . . . . . . ૦૬
- શ્રીમતી રશ્મિ-મનહર સહાયનિધિ કોર્પસ ફંડ તથા સ્ટાફ વેલફેર કોર્પસ ફંડ . . . . . . . . . . . . . . ૦૭
- પી. એન. આર. હૉસ્પિટલ . . . . . . . . . . . . . ૦૮
- માત્ર ૧૦ રૂપિયામાં દર્દીના નિદાન સાથે દવા પણ મળે ! . ૦૮
- પ્રવીણચંદ્ર દલાલ ડિસેબિલિટી પ્રિવેન્શન સેન્ટર . . . . . ૦૯
- નટરાજ મગજના લકવાગ્રસ્ત (સેરિબ્રલ પાલ્સી) બાળકોની શાળા . . . . . . . . . . . . . . . . . . ૧૦
- અંબા સી.પી. હૉસ્ટેલ . . . . . . . . . . . . . . . ૧૨
- પી.એન.આર. સોસાયટી સંચાલિત ટિચર્સ ટ્રેનિંગ કોલેજ વિઝ્યુઅલી ઈમ્પાયર્ડ . . . . . . . ૧૩
- કે. એન. શાહ 'હાઈટેક' ઈન્કલુઝિવ સ્કૂલ . . . . . . . ૧૪
- રિસોર્સ સેન્ટર સમાચાર . . . . . . . . . . . . . . . ૧૬
- દિશા કમ વિકાસ પ્રોજેક્ટ . . . . . . . . . . . . . . ૧૭
- યુવક સંમેલન મુંબઈ - લાઈબ્રેરી . . . . . . . . . . . ૧૮
- શ્રી શાહ ખી. લ. બહેરાં મૂંગા શાળા (પ્રાથમિક વિભાગ) ૧૯
- PNR મુંબઈ ઓફિસ પ્રવૃત્તિ. . . . . . . . . . . . . ૨૨
- શ્રીમતી મહાલક્ષ્મીબેન અને શ્રી જગન્નાથ એ. મહેતા શ્રવણમંદોની માધ્યમિક અને ઉ. મા. શાળા . . . . . . ૨૩
- શ્રી કે. કે. અજમેરા ટિચર્સ ટ્રેનિંગ કૉલેજ (હિયરિંગ ઈમ્પાયર્ડ) . . . . . . . . . . . . . . . ૨૫
- શ્રીમતી ચંદાબહેન મોહનભાઈ પટેલ છાત્રાલય તથા શ્રી શાહ ખી. લ. બહેરાં મૂંગા શાળા મહેતા છાત્રાલય . . ૨૬
- શ્રીમતી પી.આર. વાધર કૃત્રિમ સાધન સહાય વર્કશોપ . . ૨૬
- PNR માં વકતૃત્વ કળા ખીલવાનો સેમિનાર . . . . . . ૨૭
- 'અંકુર' મંદબુદ્ધિવાળાં બાળકોની શાળા . . . . . . . . . ૨૭
- ડોનેશન લિસ્ટ. . . . . . . . . . . . . . . . . . . ૩૦
- પી.એન.આર. સોસાયટી તસ્વીર સમાચાર . . . . . . ૩૧


**પ્રિય વાચક મિત્રો,**

**'કોશિશ થી કામયાબી'** મેગેઝિન આપના હાથમાં મૂકતાં આનંદની લાગણી અનુભવું છું.

## ડાઉન સિન્ડ્રોમ અને ઓટિઝમ

વિશ્વ આરોગ્ય સંસ્થા દ્વારા વિવિધ પ્રકારની દિવ્યાંગતા માટે લોકોમાં જાગૃતિ, તેઓના અધિકારો અને કલ્યાણ માટે વિવિધ આંતરરાષ્ટ્રિય દિવસોની ઉજવણી કરવામાં આવે છે.

તાજેતરમાં ૨૧ માર્ચે **વર્લ્ડ ડાઉન સિન્ડ્રોમ ડે** અને ૨જી એપ્રિલે **વર્લ્ડ ઓટિઝમ ડે** ની ઉજવણી PNR અને 'અંકુર' માં ખાસ કાર્યક્રમો યોજી કરવામાં આવી. શારીરિક દિવ્યાંગતાના બદલે, આવી માનસિક દિવ્યાંગતા ધરાવતા આવા બાળકોની સમસ્યા અને વાલીઓની વેદના અલગ પ્રકારની હોય છે.

ડાઉન સિન્ડ્રોમ એ રંગસૂત્રીય ખામી છે. ૪૬ રંગસૂત્રોના બદલે, તેમાં વધારો હોય તો આવા બાળકો જન્મે છે. જેને આપણે નાની ડોક, ગોળ મોઢું, ચપટુ નાનું નાક, નીચે ઢળેલા અને નાના કાનથી ઓળખી શકીએ છીએ.

જયારે ઓટિઝમ બાળકોના જન્મ અંગે સંપૂર્ણ કારણ નથી મળી શક્યું, પરંતુ મોટી ઉંમરના મા-બાપો દ્વારા બાળકોને જન્મ કે જન્મ સમયે ઉભી થતી સમસ્યાઓ કે બાળકના મગજમાં ગડબડો હોય શકે છે. પરંતુ આવી બીમારી છોકરીઓ કરતા છોકરાઓમાં ચાર ગણી વધારે હોય છે. આવા બાળકો સામાન્ય બાળકો જેવા જ હોય છે, પરંતુ આવા બાળકોના લક્ષણોમાં એકના એક કાર્યનું પુનરાવર્તન, આંખ મેળવી વાત ન કરવી, અવાજ કે પ્રકાશ વિ. પ્રત્યેનો અસામાન્ય પ્રતિભાવ તેઓ વ્યક્ત કરતા હોય છે, પરંતુ આવા બાળકોમાં કોઈને કોઈ કુશળતા છૂપાયેલી હોય છે, જેને યોગ્ય તાલીમથી ખીલવી શકાય છે.

ડાઉન સિન્ડ્રોમ બાળકો અન્ય દિવ્યાંગતા સાથે પણ જોડાયેલા હોય છે. તેઓ શીખવામાં મોડા અને ધીમા, ભાષા-વાણી વિકાસમાં અસ્પષ્ટ અને અધુરા હોય છે.

ઉપરોકત બંને પ્રકારના બાળકોના સર્વાંગિ વિકાસ માટે આપણી PNR માં વિશિષ્ટ શિક્ષણ, તાલીમ, વિવિધ થેરાપી જેવી કે, ઓક્યુપેશનલ, ફિઝીયો, સેન્સરી, મ્યુઝિક, સ્પીચ, ADL વિગેરે દ્વારા સારવાર આપી, મુખ્યધારામાં સમાવવા માટે ઉમદા કાર્ય થઈ રહ્યું છે, જે આપણાં વિઝન-મિશનને સાર્થક કરી રહ્યું છે.

✍ **કિરીટ રાઠોડ**

**જિંદગીમાંથી 'હું' કાર દૂર કરો તો 'ઓમકાર' આવે.**


- **Koshish Thi Kamyabi**
  RNI No. GUJGUJ/2013/48176
  Postel Reg. No. L2/36/RNP/
  BVR-414/ 2022-24, Monthly
- **અંક નં. : ૧૨૪ / ૪૯૦**
  ૧૫ એપ્રિલ - ૨૦૨૩
- **પ્રકાશક : શ્રી ખી. લ. બહેરાંઓની સંસ્થા**
  ૫૧, વિદ્યાનગર, ભાવનગર-૩૬૪ ૦૦૨.
  ફોન: (૦૨૭૮) ૨૪૨૯૩૨૬, ૨૪૨૦૮૩૬
  મો.: ૯૪૯૯૬૬૧૬૯૪/૯૪૯૯૫૫૭૯૭૭
  **E-mail :** info@pnrsociety.org
  klinstitute.deaf@gmail.com
  **Visit us :** www.pnrsociety.org
  www.klinstitutedeaf.org
- તંત્રી
  **અનંત કે. શાહ**
- સહતંત્રી
  **અશ્વિન પંડ્યા**
  **કિરીટ રાઠોડ**
- પ્રિન્ટિંગ
  **અંબા ઑફસેટ,** ગાંધીનગર.
- 'કોશિશ થી કામયાબી' લવાજમ
  **આજીવન રૂ. ૨૫૦૦, વાર્ષિક રૂ. ૧૫૦**
- **ચેક ''શ્રી ખી. લ. બહેરાં મૂંગા શાળા, ભાવનગર''ના નામનો આપવા વિનંતી.**
- ગ્રાફિક્સ એન્ડ ડિઝાઈન
  **રાજેશ પટેલ**
- સંપાદક મંડળ
  **ફાલ્ગુની ખાટસુરિયા**
  **ગજાનંદ ભટ્ટ**
  **જ્યોતિ ભટ્ટી**
  **આરિફ જેઠવા**
  **પારસ શાહ**
  **ભરત કનાડા**
  **રાજેશભાઈ હકાણી**



**જાહેરાતના દર : (મેગેઝિન સાઈઝ - A4)**

| | | |
|---|---|---|
| બીજું ટાઈટલ પેજ - મલ્ટિ કલર | : રૂ. | ૧૦૦૦૦ |
| ત્રીજું ટાઈટલ પેજ - મલ્ટિ કલર | : રૂ. | ૧૦૦૦૦ |
| ચોથું ટાઈટલ પેજ - મલ્ટિ કલર | : રૂ. | ૧૦૦૦૦ |
| ફુલ પેજ - સિંગલ કલર | : રૂ. | ૫૦૦૦ |
| હાફ પેજ - સિંગલ કલર | : રૂ. | ૨૫૦૦ |
| ક્વાટર પેજ - સિંગલ કલર | : રૂ. | ૧૫૦૦ |




# CONTENTS AT A GLANCE



K. D. PADIA

## ◈ C. P. School, Autism School, Disha-cum-Vikas Project and Resource Centers

The Nataraj Cerebral Palsy School besides its providing physiotherapy and imparting education to its wards has been in forefront in extracurricular activities like celebrations of national and religious festivals with their significance and birthdays of wards; organizing fun-fair, visiting exhibitions, etc. The important accomplishments of the school have been bagging "Best Clean School Award, Orthosis Camp benefitting 16 beneficiaries and assessment of slow learning ability of 8 wards. K. N. Shah Autism School has been active. It has continued providing ABA online therapy training to 15 autistic children. Disha-cum-Vikas project assigned by National Trust, New Delhi continued its efforts to strengthen and improve ability of the special children under its care. Activities under the project included celebrations of festivals with their significance and outing for general appreciation of things happening around. Early Intervention and Remedial Centers for Children with Neurological Disorders based in Bhavnagar and Taluka HQs have started rendering treatments not only at the centers but at their door-steps also. These centers have earned gratitude from the public at large.

## ◈ KLID Arms Move with Greater Speed

Unique initiative of the K. L. Institute for the Deaf to have flag-hoisting ceremony on the Republic Day at the hands of two girls one each of its primary and secondary school as a part of Balika Din sent very positive signals in the public. Winning of medals in the Silent Olympiad 2023, held in Mumbai during Feb. 2023, by its wards and coach placed the KLID School in the limelight. This is not all. The wards of KLID- run schools participated in Sumitomo Athletic Meet and bagged medals competing normal students. Local Okland Water World which permitted 350 wards and 50 staff of KLID without any fees to enjoy its facility was a hall-mark enjoyable event for them. The KLID's other arm Teachers Training College as usual extended its expertise to other similar institutions and presented research papers for advancing knowledge in the field of deaf education. The third arm Artificial Limb Center examined 210 handicapped and provided them appliances and limbs on a token payment. It also organized camps in deference to the wishes of donors and supplied aids and appliances free of any charge. Camps were also organized outstations with the help of charity organizations and donors.

## ◈ Other Activities

Inauguration of 'Kridangan', Fire-safety System and Music Therapy Center, presentation of artfacts by wards of Ankur School for Mentally Retarded Children; Sports Festival, Visit of Science City, Bagless Education, Celebration of festivals, Essay Competition on Safety, Debate on Examinations, one-day Seminar on Inclusive Education, Celebration of Matrubhasha (Mother Tounge) Day, etc. of Hightech Inclusive School; Medical Services of PNR Special Hospital, Photostories, etc. and important news find place in this issue.

# બાળકો માટે એક નહીં અનેક મુશ્કેલીઓ લઈને આવે છે... ઓટિઝમ ડિસઓર્ડર

✍ જિજ્ઞાબેન સોલંકી



## બાળકના વિકાસમાં સૌથી મોટી સમસ્યારૂપ આ બીમારી માટે સમાજમાં હજુ પણ જાગૃતિનો અભાવ

બાળકોમાં વિકાસાત્મક દિવ્યાંગતા તરીકે ઓટિઝમનો વિશ્વમાં ત્રીજો ક્રમ આવે છે અને ભારતમાં દર વર્ષે અંદાજિત ૧૮ લાખ વ્યક્તિઓ ઓટિઝમથી અસરગ્રસ્ત થતા જોવા મળી રહ્યાં છે. જે ચિંતાજનક છે. આપણાં સમાજમાં આ વિષયના નિષ્ણાંતોનો પૂરતી સંખ્યામાં અભાવ છે. જાગૃતિનો પણ અભાવ છે. ઉપરાંત અદ્યતન સારવારનો વ્યાપ પણ ઓછો છે. બીજી તરફ આપણા ગ્રામ્ય અને શહેરના પછાત સમાજમાં, જ્યાં આવી દિવ્યાંગતા વધુ જોવા મળે છે. ત્યાં તેનો ઈલાજ અને બાળકને ઉપચાર ક્યાં મળી શકે છે તે બાબતની જાણકારી નથી. આમ ઓટિઝમની સમયસર સારવાર ન મળવાના આવા અનેક કારણો છે.

PNR સોસાયટી સંચાલિત અને સૌરાષ્ટ્રની એકમાત્ર કે. એન. શાહ ઓટિઝમ સ્કૂલના ઈન્ચાર્જ પ્રિન્સિપાલ શ્રી જિજ્ઞાબેન સોલંકી જણાવે છે કે, 'ઓટિઝમ બાળક આંખ સાથે આંખ મેળવીને વાત નથી કરતું, ઘરના સભ્યો અને પરિવાર કે સમાજમાં હળવા મળવામાં ખચકાટ અનુભવે છે, શિક્ષણમાં રસ અને રૂચિ નથી, આવી સમસ્યા, સ્વલીનતા એટલે કે ઓટિઝમ ડિસઓર્ડર હોઈ શકે છે. ન્યૂરોલોજીકલ દિવ્યાંગતા, જે ખાસ કરીને ૩ વર્ષ સુધીમાં જોઈને ઓળખી શકાય છે, તેમજ તેનું સચોટ નિદાન બાળકોના મગજના નિષ્ણાંત ડૉક્ટર કે સાયકોલોજીસ્ટ, ફિઝીયો-ઓક્યુપેશનલ કે સ્પીચ-લેંગ્વેજ થેરાપીસ્ટ કે વિશિષ્ટ શિક્ષકો દ્વારા આ વિષયના ચોક્કસ માપદંડો આધારિત અવલોકનના આધારે કરી શકાય છે.'

**"સોહમ બે વર્ષનો થયો પછી ખૂબ જ હાઈપર એક્ટિવ થયો અને Tamper Tantrum શરૂ થયા સાથે સ્પીચનું ડેવલપમેન્ટ ઓછું હતું, પછી તેનું ઓટિઝમનું નિદાન થયું તે સમયે ઓટિઝમ શબ્દ સમાજમાં નવો હતો અને તે વિશે વધુ માહિતી ન હતી. PNR સોસાયટીમાં હું જિજ્ઞાબેનને મળી તેમણે મને ઘણું માર્ગદર્શન આપ્યું, હું સોહમને રેગ્યુલર કલાસમાં લાવતી અને સાથે નોર્મલ સ્કૂલમાં પણ મૂકયો. નોર્મલ સ્કૂલમાં લગભગ બે વર્ષ તેની સાથે બેઠી, PNR સોસાયટીમાં યોજાતા ઓટિઝમના ઘણાં સેમિનાર એટેન્ડ કર્યા અને માર્ગદર્શન મેળવ્યું, સાથે બૂક્સ અને ઈન્ટરનેટ પર પણ ઘણી માહિતી મેળવી. ખાસ કરીને સ્પીચ અને બિહેવિયર પર ઘણું વર્ક કર્યું. તેનામાં રહેલી આર્ટિસ્ટિક ક્ષમતાઓ પિછાણી, ખાસ ચિત્ર શિક્ષક દ્વારા ટ્રેનિંગ અપાવી, જુદી-જુદી ચિત્ર સ્પર્ધામાં ભાગ લેવડાવ્યો. અત્યારે તેની પાસે પાંચ ગોલ્ડ મેડલ, પાંચ ટ્રોફી, સિતેર સર્ટિફીકેટ છે. ત્રણ વખત રાજ્ય કક્ષાની ચિત્ર સ્પર્ધામાં નંબર લાવ્યો છે. એક વખત ઈન્ટરનેશનલ ચિત્ર સ્પર્ધામાં ૨૧૦૦૦ નોર્મલ બાળકો વચ્ચે પ્રથમ નંબર મેળવ્યો છે, સાત વર્ષ સુધી ડ્રોઈંગની નેશનલ સ્કોલરશીપ મળી છે, ખેલ મહાકુંભમાં ત્રણ વખત નંબર લાવ્યો છે. ધો. ૧૦ પછી તેણે અમદાવાદની પ્રખ્યાત શેઠ સી.એન. ફાઈન આર્ટ્સ કોલેજમાં એડમિશન લીધું. તેની સાથે અમે બધા અમદાવાદ શિફ્ટ થયા. ત્યાં પાંચ વર્ષનો ડિપ્લોમા ઈન કોમર્શિયલ આર્ટ્સ કોર્સ કરે છે. ભવિષ્યમાં ગ્રાફિક ડિઝાઈનર બનશે. સાથે-સાથે ત્રણ વર્ષથી સી ડેક માં ચાલતા મલ્ટિ મીડિયા કોર્સ જે કોમ્પ્યુટરના ગ્રાફિક સોફ્ટવેર શીખવે છે ત્યાં સોહમ અને મેં સાથે કોર્સ કરી આઠ સોફ્ટવેર જેમ કે, કોરલ ડ્રો, ફોટોશોપ, ઈન ડિઝાઈન ફ્લેશ આફ્ટર ઈફેક્ટસ, પ્રિમીયર પ્રો-વિડીયો એડિટીંગ વગેરે શીખી, તેમાં એ ગ્રેડ મેળવ્યો છે. સોહમ સુંદર જાહેરાતો કોમ્પ્યુટર પર બનાવે છે, સાથે પેઈન્ટિંગ અને પોર્ટ્રેટ બનાવવાનું પણ ચાલું છે."**


**- ડૉ. સ્વાતિબેન જીવાણી**

ઓટિઝમની કાયમી સ્થિતિને સમજવા માટે તેના મુખ્ય ચિન્હો જેવા કે, 'પુનરાવર્તિત કાર્ય કર્યા કરવું, બોલાવનાર વ્યક્તિ સામે બાળકનો આંખ મેળવીને વાત ન કરવી, ઈશારા કે ચહેરાના હાવભાવનો અભાવ, અલ્પ અથવા બિલકુલ વાતચીત કરવા માટે પ્રયત્ન ન કરવો, અવાજ, પ્રકાશ, સ્પર્શ, સુગંધ કે ખાદ્ય વસ્તુઓ પ્રત્યેનો ચોક્કસ પ્રતિકાર કે અસામાન્ય પ્રતિભાવ વગેરે મુખ્ય છે. ઓટિઝમ ઘણી વખતે બીજી અન્ય દિવ્યાંગતા સાથે સંકળાયેલ હોય, કે બાળકના વર્તનોમાં ફેરફાર નોંધાતો હોય, ત્યારે અનેક તકલીફો બાળકના જીવનમાં જોવા મળે છે, જેથી તેને ઓટિઝમ સ્પેક્ટ્રમ ડિસઓર્ડર તરીકે પણ ઓળખવામાં આવે છે.

ઓટિઝમ સ્પેક્ટ્રમ ડિસઓર્ડર ૨ થી ૯ વર્ષની ઉંમરના ૧% થી ૧.૫% બાળકોને અસર કરતું જોવા મળે છે. તેમાં પણ શાળાએ જઈ રહેલ ૧૦% બાળકોમાં હળવી કે મધ્યમ પ્રકારે શીખવાની અસમર્થતા હોય છે.

નોંધનીય છે કે, ઓટિઝમ બાળકોમાં કોઈને કોઈ કુશળતા છુપાયેલી હોય છે, તેથી તેઓના તન અને મનની સકારાત્મક ઉર્જાને અહીં દર્શાવેલ તાલીમની સાથો-સાથ સ્વિમિંગ, પેઈંટિંગ, રમત-ગમત વગેરેમાં જોડવાથી તેઓ ઓટિઝમની સ્થિતિ સાથે પણ એક કુશળ નાગરિક બની શકે છે. જો યોગ્ય તાલીમ આપવામાં આવે તો, જે તે ક્ષેત્રમાં નામના મેળવી શકતા હોય છે.

# “પોતાના માટે જીવવું તે સામાન્ય બાબત છે, જ્યારે બીજાના માટે થોડી ક્ષણ પણ જીવવું, તે બહુ મોટી બાબત છે.”



✍ ડૉ. પૂજ્ય જ્ઞાનવત્સલસ્વામી

માનવસેવા અને પ્રભુ કર્મ માટે જ્યારે ખિસ્સામાંથી કંઈ ઓછું થાય છે ત્યારે હૃદય પ્રેમભાવ અને ઈશ્વરના આશીર્વાદથી ભરાઈ જાય છે. કંઈક કરી છૂટવાનો ભાવ જ મહત્વનો છે, બાકી ખાવું- પીવું અને જીવવું એ તો પશુ પણ કરે છે. પી.એન.આર. સોસાયટીમાં ચાલતી દિવ્યાંગો માટેની પ્રવૃત્તિ જોઈ થાય છે કે કેટલું અદ્દભૂત કામ થઈ રહ્યું છે. આ માટે કોઈ ધન દાન, કોઈ સમય દાન, તો બાબાભાઈ જેવા પોતાના સમગ્ર જીવનનું દાન આના માટે આપી રહ્યાં છે. પોતાના માટે જીવવું તે સામાન્ય બાબત છે જ્યારે બીજાના માટે થોડી ક્ષણ પણ જીવવું, તે બહુ મોટી બાબત છે.

BAPS સંસ્થાના લાઈફ કોચ એન્ડ એમિનન્ટ સ્પીકર અને અનેકના જીવનમાં ઉત્સાહ, પ્રેમ અને દિવ્યતાની જ્યોત પ્રગટાવનાર ડૉ. પૂજ્ય જ્ઞાનવત્સલસ્વામીએ પી.એન.આર. સોસાયટી આયોજિત લોકાર્પણ સમારોહ પ્રસંગે અધ્યક્ષસ્થાને સંસ્થાની પ્રવૃત્તિ, દાતાઓ, ટ્રસ્ટીઓ, કાર્યકરોને બીરદાવતા કહ્યું હતું કે, “ઈશ્વરની કૃપાથી આ થઈ શકે અને આપ સહુ પર આ કૃપા વરસી રહી છે અને તે વરસતી રહેવાની છે.” દિવ્યાંગોને શારીરિક કે માનસિક અક્ષમતાથી હતાશ ન થવા અને કોઈપણ ખામી ક્યારેય કોઈની સફળતામાં અડચણ બની શકતી નથી, તેની વાત કરતા ડૉ. પૂજ્ય જ્ઞાનવત્સલસ્વામીએ અનેક ઉદાહરણો આપી કહ્યું હતું કે, “જે રીતે અહીં બાળકો ગાઈ રહ્યા છે કે, ‘હમ હોંગે કામયાબ...’ આ ગીત તેમણે યાદ રાખવાનું છે અને હર પળે - હર ક્ષણે મનમાં ગાંઠ બાંધી રાખવાની છે કે, ‘હમ હોંગે કામયાબ...’ દ્રઢ નિશ્ચય, શુભ સંકલ્પ અને સખત પરિશ્રમની તૈયારી...” સફળતા માટે માત્ર આટલું જરૂરી હોય છે, તેમ તેમણે જણાવ્યું હતું. દિવ્યાંગ બાળકોના વાલીઓને પણ તેમણે કહ્યું કે, “ઈશ્વરે તમને સેવા કરવાનો અવસર આપ્યો છે. તમે અન્ય કરતા કંઈક વિશેષ કૃપાપાત્ર છો કે તમે કોઈના જીવનમાં અજવાળા કરવા આ રીતે સીધા જ જોડાઈ શકો છો. યાદ રાખો ઈશ્વર ક્યારેય કોઈનું ખરાબ ઈચ્છતો જ નથી.”

ડૉ. પૂજ્ય જ્ઞાનવત્સલસ્વામીએ માનવ સહજ માનસિકતાની વાત કરતા જણાવ્યું હતું કે, “આપણે બધું ઈશ્વર આધીન છે, ઈશ્વર કરે તે ખરું, તેવું કહીએ જરૂર છીએ, પરંતુ ઈશ્વરને તક આપતા નથી. આપણે આપણી રમત મૂકી દિવ્યાંગોની સેવા માટેનો આ ભેખ લીધો અને તેનું પરિણામ આપણે જોઈ શકીએ છીએ. શુભ નિષ્ઠા હોય તો પ્રતિષ્ઠા આપોઆપ આવતી હોય છે અને સારા કામમાં ક્યારે નાણાંની અછત આવતી જ નથી. તેમણે BAPS સંસ્થામાં ચાલતી વિવિધ સામાજિક પ્રવૃત્તિઓને પણ યાદ કરી, પી.એન.આર. સોસાયટીમાં ચાલતી પ્રવૃત્તિઓ આવું જ ઉમદા કામ કરી રહી છે તેમ જણાવી, તમામ ટ્રસ્ટીઓ, દાતાઓ, કાર્યકરો તથા બાળકો અને તેમના વાલીઓ પર ભગવાનની કૃપા સદાય રહે તેવા આશીર્વાદ આપ્યાં હતાં.”

## ભાવનગરમાં નિર્માણ પામશે ઓટિઝમગ્રસ્ત બાળકો માટે આધુનિક શાળા સંકુલ



**સંસ્થાના સ્થાપક ટ્રસ્ટી શ્રી બાબાભાઈ શાહ કહે છે કે, ‘હાલમાં યોજાયેલ લોકાર્પણ સમારોહમાં નટરાજ સી.પી. સ્કૂલ અને ટ્રેનિંગ કોલેજ કેમ્પસમાં ઓટિઝમ બાળકોની સ્કૂલ શરૂ કરવા માટે દાતાઓને અપીલ કરવામાં આવતા, કે. એન. શાહ ચેરિટેબલ ટ્રસ્ટના શ્રી નરેન્દ્રભાઈ શાહ, શ્રી રાજભાઈ શાહ, શ્રી રાહુલભાઈ શાહ વગેરેએ આ માટે સંપૂર્ણ યોગદાન આપવાની તૈયારી બતાવી છે. આ શાળા બનતા આ બાળકો માટે વધુ સુવિધા-સારવાર-શિક્ષણ ઉપલબ્ધ થશે.**

**ઉલ્લેખનીય છે કે, હાલમાં સૌરાષ્ટ્ર અને ગુજરાતમાં ઓટિઝમ બાળકો માટેની સરકારી માન્યતા સાથેની અનુદાનિત એક પણ શાળા ઉપલબ્ધ ન હોય, તે માટે પી. એન. આર. સોસાયટીની કે. એન. શાહ અર્લિ ઈન્ટરવેન્શન અને ઓટિઝમ શાળાને જ જો વિશિષ્ટ ડે સ્કૂલનો દરજ્જો મળી જાય, તેવા સંવેદનાસભર નક્કર પ્રયાસો થાય તેમ વાલીઓ ઈચ્છે છે.’**



# શ્રીમતી રશ્મિ-મનહર સહાયનિધિ કોર્પસ ફંડ તથા સ્ટાફ વેલફેર કોર્પસ ફંડ



## "શું તમે કયારેય કોઈ દેવદૂતને મળ્યા છો ?"

બિંદીબેન ત્રિવેદી

ઈશ્વર પોતાના કાર્ય માટે ખુદ ન જઈ શકતો હોય, ત્યાં તે એવી સમર્થ અને દિવ્ય વ્યક્તિને મોકલે છે, જે ઈશ્વરે સોંપેલું કાર્ય કોઈપણ જાતની અપેક્ષા વગર કરે છે. આવા જ કાર્ય કરનારી એક ટીમ હજારો કી.મી. દૂરથી આવેલ. આપણી સંસ્થામાં નબળી આર્થિક સ્થિતિ ધરાવનાર બહેરાં મૂંગા કુટુંબ ૧૫૦ છે, જેને સંસ્થા દાતાઓની સહાયથી એક વર્ષ ચાલે તેટલું અનાજ, કપડા, અન્ય જીવન જરૂરિયાતની વસ્તુ પૂરી પાડે છે. પણ આ દાતાઓ એવા છે, જેને આવા ગરીબ અને દિવ્યાંગ કુટુંબના તુટેલા અને પડું-પડું થતાં ઘરને ચણતરકામ, પ્લાસ્ટર, લાદી, બારી, બારણા કલર કરાવીને એકદમ નવું અને રહેવા લાયક બનાવી દે છે, જે માટે તેઓ લાખો રૂપિયાના દાન આપે છે. આ દેવદૂતોના નામ : ૧. **ડૉ. શ્રી હરેશભાઈ અને શ્રીમતી ભારતીબેન અજમેરા**, ૨. **શ્રી અરૂણભાઈ અને શ્રીમતી ઈલાબેન કોઠારી,** ૩. **શ્રી કિશોરભાઈ અને શ્રીમતી જ્યોત્સનાબેન મહેતા**, ૪. **કુમારી શ્રી રેવા અને શ્રીમતી શેફાલી ચૌધરી** આ સર્વના સહયોગથી **'શ્રીમતી રશ્મિ-મનહર'** ના જરૂરિયાતમંદ ૩૦ કુટુંબના ઘરને રીનોવેશન અને રી-કન્સટ્રકશન કરાવી આપ્યા. કોઈ એક ટંકનું ભોજન આપે, કોઈ એક માસ ચાલે તેટલું અનાજ આપે, નવા વસ્ત્ર આપે તો એક વર્ષ ચાલે, પણ **ડૉ. શ્રી હરેશભાઈ** અને તેમની ટીમે જે દાન આપ્યું છે, તે પેઢીઓ સુધી ચાલશે, આ ટીમ માને છે કે, 'એક ગરીબનું ઘર રહેવા યોગ્ય કરાવી આપીએ, તે અમારે મન એક મંદિર બનાવવા જેવું છે.' આવા દેવદૂતો અમારી બહેરાં મૂંગા શાળામાં તા. ૨૩ જાન્યુ.'૨૩ ના પધારેલ, જેનું યથોચિત સ્વાગત અને સન્માન કરેલ, તે સમયે જે લાભાર્થીઓના ઘર રીપેર કરાવી આપેલ, તે લાભાર્થીઓ તથા તેમના કુટુંબીજનો હાજર રહેલ તેઓ પાસે **ડૉ. શ્રી હરેશભાઈ અજમેરા** અને તેમની ટીમનો આભાર માનવા શબ્દ ન હોઈને, સર્વે લાભાર્થીઓએ આખી ટીમને ફુલના બુકે તથા હાર અર્પણ કરી પોતાનો આભાર વ્યકત કરેલ. આ પ્રસંગે સંસ્થાના તમામ હોદ્દેદારો શ્રી બાબાભાઈ, શ્રી અશ્વિનભાઈ પંડયા, શ્રી જીતુભાઈ શાહ, શ્રી અમીતભાઈ શાહ, શ્રી મહાસુખભાઈ જકડિયા, શ્રી રાજુભાઈ હકાણી, શ્રી મીતાબેન ઓઝા તથા સંસ્થાના તમામ હેડ ઓફ ડિપાર્ટમેન્ટ હાજર રહેલ અને ત્યારબાદ આખી ટીમ દરેક ઘર રીનોવેટ કરાવેલ છે, તે રૂબરૂ જોવા પધારેલ. સંસ્થાનો આ પ્રોજેકટ સંસ્થાના **વેલફેર ઓફિસર શ્રીમતી બિન્દીબેન ત્રિવેદી** સંભાળે છે. સંસ્થામાં કામ કરતા જરૂરિયાતમંદ કર્મચારીઓને તેમના કુટુંબનું સારી રીતે ભરણ-પોષણ કરી શકે તે માટે **'શ્રીમતી વિમળાલક્ષ્મી રમણલાલ ઓ. સંઘવી સ્ટાફ વેલફેર કોર્પસ ફંડ'** ના વ્યાજમાંથી કુલ ૬૩ કર્મચારીઓને દરેકને ૫ કિ. જીરાસર ચોખા, ૫ કિ. તુરદાળ, ૩ કિ. મગ ફાડા, ૧ કિ. છોલે ચણા, ૧ કિ. વટાણા અને ૧ કિ. મગ આપેલ છે.

## બધિર બાળકો માટે બ્લેન્કેટની ભેટ :

**દાતાશ્રી અનિલભાઈ પ્રતાપરાય પારેખ (મુંબઈ) તથા શ્રી ઉપેનભાઈ કે. પારેખ તરફથી પૂજ્ય માતુશ્રી સ્વ. શ્રીમતી કાશીબેન પ્રતાપરાય પારેખના સ્મરણાર્થે** સંસ્થાના છાત્રાલયમાં રહેતા ૨૫૦ બધિર બાળકો માટે ૨૫૦ વેલવેટ બ્લેન્કેટ (અંદાજે રૂા. ૧ લાખના) ભેટ આપવામાં આવેલ છે. શિયાળો શરૂ થાય તે પહેલાજ આ ભેટ આપેલ બ્લેન્કેટ બાળકોને સખત ઠંડીમાં ખૂબ કામ લાગેલ છે. આ ઉપયોગી ભેટ માટે સંસ્થા દાતાશ્રીનો ખૂબ આભાર માને છે. સંસ્થાના વેલફેર ઓફિસર શ્રીમતી બિન્દીબેન ત્રિવેદી આ દાન મળે તે માટે જહેમત લીધેલ છે.



## વાહન ખર્ચ માટે અમેરિકાના દાતાશ્રીઓ તરફથી મળેલ રૂા. ૩,૫૦,૦૦૦/- નું દાન :

આપણી પ્રાથમિક શાળામાં ભાવનગર અને ભાવનગરના આજુબાજુના વિસ્તારમાંથી અભ્યાસ માટે આવતા નાના ભૂલકાઓ જે ૪ વર્ષની ઉંમરથી ૧૨ વર્ષ સુધીના બાળકોને સાંભળી શકતા ન હોવાના કારણે તેઓને શાળામાં એકલા મોકલી શકાય નહીં અને મોટા ભાગના બાળકો નબળી આર્થિક સ્થિતિ ધરાવનાર કુટુંબમાંથી આવતા હોઈને વાર્ષિક રૂા. ૧૮,૦૦૦/- જેવો થતો વાહન ખર્ચ ભોગવી શકે નહીં.અને બધિર બાળકો સ્પેશ્યલ શાળામાં જ ખાસ તાલીમ લીધેલ શિક્ષકો પાસેજ અભ્યાસ કરાવી શકાય, તો આવા બાળકો વાહન ખર્ચને કારણે શાળાએ આવતા બંધ ન થઈ જાય તે માટે **અમેરિકા સ્થિત ડૉ. શ્રી હરેશભાઈ અજમેરા, શ્રી કિશોરભાઈ મહેતા તથા શ્રી અરૂણભાઈ કોઠારી તરફથી** રૂા. ૩,૫૦,૦૦૦/- માતબર દાન મળેલ છે. સંસ્થાએ કુલ ૭૪ બધિર ભૂલકાઓને વાહન સહાય પેટે તેમના બેન્ક એકાઉન્ટમાં રૂા.૪,૫૯,૦૦૦/- જમા કરેલ છે. આ દાન માટે પણ સંસ્થાના વેલફેર ઓફિસર શ્રીમતી બિન્દીબેન ત્રિવેદીએ જહેમત લીધેલ છે.



# પી. એન. આર. હૉસ્પિટલ



✍ મહાસુખભાઈ જકડિયા

**જાન્યુ.-'૨૩ તથા ફેબ્રુ.-'૨૩ દરમ્યાન, નીચે મુજબ દર્દીઓને વિનામૂલ્યે અથવા રાહતદરે સારવાર આપવામાં આવેલ છે**

| વિભાગ | તપાસેલ દર્દીની સંખ્યા | ઓપરેશન અથવા પ્રોસિજર સંખ્યા |
|---|---|---|
| ઓર્થોપેડિક | ૨૯ | ૦૩ |
| આંખ | ૧૫૫૫ | ૫૯૮ |
| આંખની છારી | ૪૯ | - |
| ઈ.એન.ટી. (કાન-નાક-ગળા) | ૫૭૭ | ૨૬૪ |
| ઓર્થોસ્કોપી | ૬૫ | - |
| ઓર્થોડેન્ટલ | ૩૫૪ | ૪૦૦ (ટ્રિટમેન્ટ) |
| જનરલ ઓપીડી | ૧૩૫૫ | - |
| એક્ષ-રે | ૮૨ | - |

| વિભાગ | તપાસેલ દર્દીની સંખ્યા | ઓપરેશન અથવા પ્રોસિજર સંખ્યા |
|---|---|---|
| લેબોરેટરી | ૬૭૧ | ૨૩૪૦ (ટેસ્ટ) |
| ચામડી | ૫૪ | - |
| પેડિયાટ્રિક ડેન્ટલ | ૦૫ | ૦૬ |
| આંખના પડદા | ૨૯ | - |
| **પ્રવિણચંદ્ર દલાલ ડિસેબિલિટી પ્રિવેન્શન સેન્ટર** | | |
| પ્લાસ્ટિક સર્જરી | ૯૨ | ૨૭ |
| હેર ઈમ્પ્લાન્ટ | ૨૭ | ૧૬ |
| રૂબેલા વેક્સિન | ૮ | - |

◈ સ્વાસ્થ્ય સંજીવની યોજના હેઠળ **૨૨૯** લાભાર્થીઓએ **રૂા. ૨૫,૨૦૭/-** ની સહાય મેળવેલ છે.

◈ મહાવીર મેડિકલ સહાય નીચે કુલ **૧૨** દર્દીઓએ **રૂા. ૨,૭૬૦/-** ની સહાય મેળવેલ છે.

# માત્ર ૧૦ રૂપિયામાં દર્દીના નિદાન સાથે દવા પણ મળે !

હાલમાં ઈન્જેકશન આપવાના, સ્યુગર ચેક કરવાના પણ હવે ઓછામાં ઓછા ૫૦ રૂપિયા થાય છે. તબીબી સેવા દિવસે અને દિવસે મોંઘી થતી જાય છે. પરંતુ તેની વચ્ચે પણ ઠેર ઠેર દર્દી નારાયણ માટે વિનામૂલ્યે અથવા તો સાવ નજીકની કિંમતે સેવા યજ્ઞ ચાલી રહ્યા છે.

આવું એક દવાખાનુ ભાવનગર શહેરના વિદ્યાનગરમાં પણ એક દસકા કરતા વધુ સમયથી કાર્યરત છે અને માત્ર ૧૦ રૂપિયામાં અહીં તપાસ તથા બે દિવસની દવા ઉપલબ્ધ છે.

ભાવનગર શહેરમાં વિદ્યાનગર નજીક આવેલી PNR હોસ્પિટલ, છેલ્લાં ૧૨ વર્ષથી દસ રૂપિયામાં નિદાન, તપાસ અને દવા આપી રહી છે. આ હોસ્પિટલ કેમ્પસમાં દિવ્યાંગો માટેની પણ વિવિધ પ્રવૃત્તિઓ થતી હોય, ભાવનગર શહેર ઉપરાંત ગામડાના દર્દીઓ મળી એક વર્ષમાં ૯ હજારથી વધુ દર્દીઓ અહીં લાભ લે છે.

**સેવાનો સમિયાણો : ભાવનગરમાં ૧૨ વર્ષથી ચાલી રહ્યો છે દર્દી નારાયણ માટે આ સેવાયજ્ઞ**

**દર વર્ષે સરેરાશ ૯ હજારથી વધુ દર્દીઓ લે છે નિદાન અને સારવારનો લાભ**

૮૫ વર્ષની વયે પણ સક્રિય એવા એમ. બી. બી. એસ., ડૉ. જયંતીલાલ ધંધુકિયા અહીં છેલ્લાં ૧૧ વર્ષથી સેવા આપે છે, તેઓ કહે છે, ''અહીં આવનાર દર્દીઓનું માત્ર નિદાન જ નહીં, પરંતુ બ્લડ પ્રેશર સહિતની તપાસ, જરૂર જણાયે ઈન્જેકશન અને બે દિવસની દવા પણ માત્ર ૧૦ રૂપિયાની ફી લઈને આપવામાં આવે છે. હું આ ઉંમરે પણ કાર્યરત છું, તે આ લોકોની દુઆ જ છે.''

સ્થાપક ટ્રસ્ટી શ્રી બાબાભાઈ કહે છે કે, 'પૈસાના અભાવે કોઈ વ્યક્તિ સારવાર અને દવાથી વંચિત રહે તે માનવતા માટે કલંક કહી શકાય. દિવ્યાંગો માટે તો અમારી સંસ્થા સેવારત જ છે જ, પરંતુ સામાન્યજન માટે પણ આ દવાખાનું ખૂલ્લું હોય છે. દસ રૂપિયામાં માણસ સાજો થાય, તેના આશીર્વાદ એ જ અમારી સંસ્થાની મૂડી છે', તેમ તેઓ ઉમેરે છે.

આ હોસ્પિટલમાં દર વર્ષે સરેરાશ ૯ હજારથી વધુ દર્દીઓ નિદાન અને સારવાર માટે આવે છે.



# પ્રવીણચંદ્ર દલાલ ડિસેબિલિટી પ્રિવેન્શન સેન્ટર



✍ જીજ્ઞેશ પારેખ

## રૂબેલા (નૂરબીબી) વેકસીનેશન :

દિવ્યાંગ બાળજન્મ અટકાવ અભિયાન અંતર્ગત, પી.એન.આર. સોસાયટીએ, પ્રવીણચંદ્ર દલાલ ડિસેબિલિટી પ્રિવેન્શન સેન્ટર અંતર્ગત રૂબેલા પ્રિવેન્શન પ્રોજેકટમાં જાન્યુ. '૨૩ દરમ્યાન ભાવનગર શહેર અને આજુબાજુ ગામડાની ૧૫ થી ૩૫ વર્ષની બહેનોને રૂબેલા રસીકરણ વિશેની સમજુતી, લેકચર, સ્લાઈડ દ્વારા આપવામાં આવેલ. જેમાં **૨૫** બહેનોને રૂબેલા રસીકરણ કરવામાં આવેલ છે.

## પ્લાસ્ટિક સર્જરી કેમ્પ :

- તા. ૨ થી ૫ જાન્યુ. '૨૩ ના રોજ **કોન્જીનીટલ ડિફોરમીટી પ્રોજેકટ** અન્વયે **પ્લાસ્ટિક સર્જરી કેમ્પ**નું આયોજન દાતા શ્રી રમેશભાઈ અજમેરા-મુંબઈના આર્થિક સહયોગથી કરવામાં આવ્યું હતું. જેમાં જન્મજાત ખામીવાળા જરૂરિયાતમંદ **૫૪** બાળકોની તપાસ ડૉ. નરેશ વાધવા (પ્લાસ્ટિક સર્જન) દ્વારા કરવામાં આવી હતી. તે પૈકી **૫** કપાયેલાં હોઠના, **૨** તાળવામાં કાણું અને **૭** હાઈપોસ્પિડીયા (મૂત્રનલિકાની જન્મજાત ખામી) તેમજ **૨** પોસ્ટ બર્ન એમ કુલ **૧૭** ઓપરેશન મુંબઈના ડૉ. નરેશ વાધવાએ કર્યાં હતાં. આ કેમ્પ ડૉ. નરેશ વાધવા (પ્લાસ્ટિક સર્જન), ડૉ. નિરવ ધોળકિયા, ડૉ. મેહુલ મોદી (એનેસ્થેટિક) તથા હોસ્પિટલ નર્સિંગ સ્ટાફની જહેમતથી સફળતાપૂર્વક પૂર્ણ કરવામાં આવ્યો હતો.
- તા. ૧૬ થી ૧૯ ફેબ્રુ. જાન્યુ. '૨૩ ના રોજ **કોન્જીનીટલ ડિફોરમીટી પ્રોજેકટ** અન્વયે **પ્લાસ્ટિક સર્જરી કેમ્પ**નું આયોજન દાતા શ્રી જીતેન્દ્રભાઈ ભણસાલી-મુંબઈના આર્થિક સહયોગથી કરવામાં આવ્યું હતું. જેમાં જન્મજાત ખામીવાળા જરૂરિયાતમંદ **૩૮** બાળકોની તપાસ ડૉ. નરેશ વાધવા (પ્લાસ્ટિક સર્જન) દ્વારા કરવામાં આવી હતી. તે પૈકી **૧** કપાયેલાં હોઠના, **૪** તાળવામાં કાણું અને **૪** હાઈપોસ્પિડીયા (મૂત્રનલિકાની જન્મજાત ખામી) તેમજ **૧** પોસ્ટ બર્ન એમ કુલ **૧૦** ઓપરેશન મુંબઈના ડૉ. નરેશ વાધવાએ કર્યાં હતાં. આ કેમ્પમાં ડૉ. નરેશ વાધવા (પ્લાસ્ટિક સર્જન), ડૉ. નિરવ ધોળકિયા, ડૉ. મેહુલ મોદી (એનેસ્થેટિક) તથા હોસ્પિટલ નર્સિંગ સ્ટાફની જહેમતથી સફળતાપૂર્વક પૂર્ણ કરવામાં આવ્યો હતો.




## સંસ્થાની મુલાકાતે આવતા શુભેચ્છકો, સ્ટુડન્ટસ :

તા. ૧૪ માર્ચ '૨૩ ના રોજ કોલેજ ઓફ હોમસાઈન્સ નિર્મલા નિકેતન, મુંબઈથી ડૉ. કામીની રેગે, પાયલ મહેશ્વરી એસોસિએટ પ્રોફેસર, ડિપાર્ટમેન્ટ ઓફ હ્યૂમન ડેવલપમેન્ટ અને HRD ના ૪૫ ફિમેલ સ્ટુડન્ટસ સંસ્થાની વિઝિટે આવ્યાં હતાં. ડૉ. કામીની રેગે (NATIONAL COMMITTEE EARLY CHILDHOOD ASSOCIATION - FOUNDER MEMBER AND JT. SECRETARY AND ASSOCIATION FOR PRIMARY EDUCATION AND RESEARCH) સાથે ૪૫ સ્ટુડન્ટસ હોવાથી ૩ ગ્રુપમાં વહેંચી તેઓને સૌ પ્રથમ કે.એન. શાહ ઈન્કલુઝિવ સ્કૂલની વિઝિટ કરાવવામાં આવી. તેમાં નોર્મલ બાળકો સાથે દિવ્યાંગ બાળકોને સ્માર્ટ બોર્ડ દ્વારા અધ્યતન ટેકનોલોજીના ઉપયોગથી એજ્યુકેશન આપવામાં આવે છે તે ઓરલી, તેમજ ઓનલાઈન સ્માર્ટ બોર્ડ પરથી સમજાવવામાં આવ્યું હતું.

ઓડિટોરિયમમાં પી.એન.આર. સોસાયટીની ડોકયુમેન્ટ્રી 'હમહૈ ઉમીદ' દેખાડવામાં આવેલ. આ ડોકયુમેન્ટ્રી જોઈને ટીચર અને વિદ્યાર્થીનીઓ ખૂબ જ પ્રભાવિત થઈ હતી. નટરાજ સી.પી. સ્કૂલ અને ઓટિઝમ સ્કૂલમાં જીજ્ઞાબેન દ્વારા સમૂહમાં પ્રાથમિક માહિતી આપવામાં આવી, ત્યારબાદ ત્રણ ગ્રુપ કરી એક ગ્રુપ જીજ્ઞાબેન, બીજું ગ્રુપ જયોતિબેન અને ત્રીજું ગ્રુપ દિનેશભાઈ અને જીજ્ઞેશભાઈ દ્વારા દરેક થેરાપી વિભાગ, ઓડિયોલોજી ડિપાર્ટમેન્ટ, વોકેશનલ ટ્રેનિંગ, તેમજ દિશા કમ વિકાસ પ્રોજેકટની વિઝિટ કરાવી વિસ્તૃત માહિતી આપવામાં આવી હતી.

સંસ્થાના માનદ મંત્રી શ્રી કિરીટભાઈ રાઠોડ, શ્રી હર્ષકાંતભાઈ રાખશિયા (ટ્રેઝરર)ની મુલાકાત કોલેજ ઓફ હોમ સાઈન્સ, નિર્મલા નિકેતન, મુંબઈ ડૉ. કામીની રેગે, શ્રી પાયલ મહેશ્વરી સાથે કરાવવામાં આવી હતી.



# નટરાજ મગજના લકવાગ્રસ્ત (સેરિબ્રલ પાલ્સી) બાળકોની શાળા



✍ વિભૂતિ વ્યાસ

## પતંગોત્સવ :

તા. ૧૩ જાન્યુ.`૨૩ ના રોજ **પતંગોત્સવ**નું આયોજન કરવામાં આવેલ. જેમાં નટરાજ સી.પી. સ્કૂલ, કે.એન. શાહ ઓટિઝમ સ્કૂલ, દિશા કમ વિકાસ પ્રોજેક્ટ અને સી.પી. સેન્ટરના કુલ ૧૫૦ વિદ્યાર્થીઓને પતંગ કીટ અને ચિક્કી પેકેટનું વિતરણ કરવામાં આવ્યું,જે શ્રી રાજેશભાઈ હકાણી અને રોટલા ગ્રુપ, ભાવનગરના સહયોગથી ઉજવવામાં આવ્યું હતું.

## ગેસ્ટ વિઝિટ :

- તા. ૨૪ જાન્યુ.`૨૩ ના રોજ યુ.એસ.એ. સ્થિત બુલુબેન પરેશભાઈ પારેખે તેમના પુત્રી શ્રી સેજલબેન અને તેમના મિસ્ટરે તેમના બાળકો સાથે નટરાજ સી.પી. સ્કૂલ, કે. એન. શાહ ઓટિઝમ સ્કૂલ તથા બધા વિભાગોની મુલાકાત લઈ, ઓટિઝમ વિષેની માહિતીનું આદાન-પ્રદાન કરેલ. ટેકનોલોજીના માધ્યમથી ભવિષ્યમાં જ્ઞાન ગોષ્ઠિ માટે કેવી રીતે તેઓ સંસ્થાના લાભાર્થીઓને ઉપયોગી બની શકશે, તે અંગે રૂચિ વ્યકત કરી હતી.
- તા. ૩૧ જાન્યુ.`૨૩ ના રોજ શ્રીમતી રેચલબેન એ. ગાંધીએ નટરાજ સી.પી. સ્કૂલની વિવિધ પ્રવૃત્તિઓની મુલાકાત લીધેલ. ખાસ કરીને તેઓ સી.પી. બાળકોની **ગેઈટ ટ્રેનિંગ** માટે ગાંધી પરિવાર દ્વારા અનુદાનિત ગેઈટ ટ્રેનિંગ મશીનના રોજિંદા બહોળા ઉપયોગથી સારી રીતે ચાલતા થયેલ, સી.પી. બાળકોની કેસ સ્ટડી જાણીને પ્રસન્ન થયા હતા.
- તા. ૩૧ જાન્યુ.`૨૩ ના રોજ ડૉ. નિખીલભાઈ શાહ, તેમજ રાગીણિબેન શાહે નટરાજ સી.પી. સ્કૂલ, કે.એન. શાહ ઓટિઝમ સ્કૂલ તથા થેરાપી વિભાગોમાં સારવાર લઈ રહેલાં દિવ્યાંગ બાળકોની PT, OT, સ્પિચ થેરાપીની પ્રગતિથી ગદ્દગદિત થયેલ.

## પ્રજાસત્તાક દિનની ઉજવણી :

તા. ૨૬ જાન્યુ.`૨૩ ના રોજ નટરાજ સી.પી. સ્કૂલ અને કે.એન. શાહ હાઈટેક ઈન્કલુઝિવ સ્કૂલના સંયુકત ઉપક્રમે યોજાયેલ દેશના ઐતિહાસિક ૭૪મા પ્રજાસત્તાક પર્વની ગરિમા પૂર્ણ ઉજવણી કરવામાં આવી. કાર્યક્રમમાં આમંત્રિત મહેમાનોનું સ્વાગત સંસ્થાના માનદ મંત્રી શ્રી કિરીટભાઈ રાઠોડ દ્વારા કરવામાં આવ્યું. ધ્વજવંદન ભાવનગરના અગ્રણી નાગરિક દાસ પેંડાવાળા પ્રાઈવેટ લિમીટેડના મેનેજીંગ ડાયરેકટર ડૉ. બૈજુભાઈ સુરેશભાઈ મહેતાના વરદ હસ્તે કરવામાં આવ્યું. આ કાર્યક્રમ દરમ્યાન દિવ્યાંગ અને સમધારણ વિદ્યાર્થીઓએ સાંસ્કૃતિક કૃતિઓ રજૂ કરી, ઉપસ્થિત સૌને દેશ ભક્તિમાં તરબોળ કર્યા. સાથે જ નટરાજ સી.પી. સ્કૂલ, TTC VI કોલેજ, દિશા કમ વિકાસ પ્રોજેક્ટ, કે. એન. શાહ ઓટિઝમ સ્કૂલમાં યોજાયેલ વિવિધ સ્પર્ધાઓનું ઈનામ વિતરણ સંસ્થાના ટ્રસ્ટીગણ તથા આમંત્રિત મહેમાનોના વરદ હસ્તે કરવામાં આવ્યું. કાર્યક્રમની આભારવિધિ શાળાના આચાર્યશ્રી જીજ્ઞાબેન સોલંકી દ્વારા કરવામાં આવેલ. તથા સમગ્ર કાર્યક્રમનું સંચાલન શ્રી વિભૂતિબેન વ્યાસે કરેલ. આ રાષ્ટ્રિય તહેવારની ઉજવણી માટે શ્રી કિરીટભાઈ રાયચંદભાઈ મહેતા તથા માલતીબેન પારેખ તરફથી રૂા. ૮૦૦૦/- નું અનુદાન પ્રાપ્ત થયેલ.

## સી.પી. સ્કૂલ સ્વચ્છ શ્રેષ્ઠ શાળા એવોર્ડ -`૨૩ :



SWACHH SURVEKSHAN

आज़ादी का अमृत महोत्सव

This is to Certify that

"Natraj Cerebral Palsy Primary School"

got 1st rank in the Competition of

Swachh School Between

Schools of Bhavnagar City during

"Swachh Survekshan - 2023"

held by

Solid Waste Management Department

Bhavnagar Municipal Corporation

during December 2022 at Bhavnagar, Gujarat.

N. V. Upadhyay IAS
Commissioner
Bhavnagar Municipal Corporation

Kirtibala Danidhariya
Mayor
Bhavnagar Municipal Corporation

તા. ૨૬ જાન્યુ. `૨૩ ના રોજ ભાવનગર મહાનગરપાલિકાના સ્વચ્છ સર્વેક્ષણ`૨૩ અંતર્ગત લીધેલ મુલાકાતમાં, ભાવનગરની વિવિધ શાળાઓ, હોટેલ, રેસ્ટોરન્ટ વગેરે ૧૬ શ્રેષ્ઠ સ્થળોની યાદીમાં,

પી. એન. આર. સોસાયટી સંચાલિત નટરાજ સી.પી. સ્કૂલની પસંદગી કરવામાં આવી છે, જે ગૌરવ લેવા જેવી બાબત છે. આ એવોર્ડ ભાવનગર મહાનગરપાલિકાના મેયરશ્રી દ્વારા પ્રાથમિક શાળા નં. ૫૯ માં યોજાયેલ કાર્યક્રમમાં આપવામાં આવેલ. સંસ્થા વતી આ એવોર્ડ શ્રી દિનેશભાઈ મકવાણા દ્વારા સ્વિકારવામાં આવ્યો હતો. સી.પી. સ્કૂલના બાળકો માટે, સ્વચ્છતા એ જીવનમાં વણાયેલી સુટેવ છે. સ્વચ્છતા માટે સ્કૂલના રોજિંદા સમય પત્રકમાં પર્યાવરણની સાચવણી અને સુંદર આયોજન દ્વારા સી.પી. સ્કૂલના પ્રત્યેક વિદ્યાર્થી, શિક્ષકો, મદદનીશ સ્ટાફની ચિવટ, ચોક્કસાઈ અને દરેકના સહિયારા પ્રયાસ થકી આ સુંદર પરિણામ હાંસલ થઈ શકયું છે.

### જન્મદિવસની ઉજવણી :

તા. ૧૪ ફેબ્રુ. `૨૩ ના રોજ સંસ્થાના માનદ મંત્રીશ્રી, કર્તવ્યનિષ્ઠ, સેવાભાવી અને માર્ગદર્શક એવા શ્રી કિરીટભાઈ રાઠોડના જન્મદિવસની ઉજવણી કરેલ. જેમાં સી.પી. સ્કૂલના વિદ્યાર્થીઓ, સ્ટાફ અને વાલીઓ તરફથી શ્રી કિરીટભાઈ રાઠોડને જન્મદિવસનું શુભેચ્છા કાર્ડ, બુકે, ચોકલેટ અને રેઝીન કિચેન આપી અભિનંદન પાઠવવામાં આવેલ. શ્રી કિરીટભાઈ તરફથી તમામ માટે નાસ્તાનું આયોજન કરવામાં આવેલ.

### ફન ફેર -`૨૩ :

તા. ૫ ફેબ્રુ. `૨૩ ના રોજ રોટલા ગ્રુપ આયોજિત ફન ફેર -`૨૩ માં નટરાજ સી.પી. સ્કૂલ, કે.એન. શાહ ઓટિઝમ સ્કૂલ, દિશા કમ વિકાસ પ્રોજેકટ અને સી.પી. સેન્ટર, વિદ્યાનગરના એમ કુલ ૧૩૭ વિદ્યાર્થીઓ, વાલીઓએ ઉત્સાહભેર ભાગ લઈ રૌજસ, જમ્પિંગ, રાઈડિંગ અને અવનવા ફૂડની મજા માણેલ.

### ઓર્થોસિસ મેનેજમેન્ટ કેમ્પ :

તા. ૧૦ ફેબ્રુ.`૨૩ ના રોજ **વન સ્ટેપ ફોરવર્ડ ટેકબેક જ્વેલરી પ્રા. લિ.-મુંબઈ**ના સહયોગથી ઓર્થોસિસ મેનેજમેન્ટ કેમ્પનું આયોજન કરવામાં આવેલ. જેમાં ડૉ. જીજ્ઞેશ ઝાલા (અમદાવાદ) દ્વારા ૧૬ લાભાર્થીઓના એસેસમેન્ટ કરવામાં આવ્યાં અને તેમાંથી ૧૫ લાભાર્થીઓને આર્થોસિસ કાઢવામાં આવ્યાં અને પછીનું માર્ગદર્શન અને કસરત સમજાવેલ. શ્રી જીજ્ઞાબેન સોલંકીના માર્ગદર્શન હેઠળ ડૉ. ચાર્મીબેન રાઠોડે આ કેમ્પ માટે જહેમત ઉઠાવેલ.

### ટેક મંજરી પ્રદર્શન મુલાકાત :

તા. ૧૧ ફેબ્રુ.`૨૩ ના રોજ સી.પી. સ્કૂલ, કે.એન. શાહ ઓટિઝમ સ્કૂલ, દિશા કમ વિકાસ પ્રોજેકટ, TTC, V.I. ના વિદ્યાર્થીઓ અને સ્ટાફ દ્વારા જ્ઞાનમંજરી એન્જીનિયરીંગ કોલેજ આયોજિત ટેક મંજરી એજ્યુકેશન અને ટેકનોલોજી ફેસ્ટિવલની મુલાકાત લેવામાં આવી હતી. જેમાં વિવિધ બ્રાંચના વિદ્યાર્થીઓ દ્વારા, વિવિધ વિષયો પર આધુનિક ટેકનોલોજીથી સજ્જ મોડેલ ડેમોસ્ટ્રેશન રાખવામાં આવેલ. જેમાં સ્પે. બાળકોને તેમના વોલિન્ટીયર દ્વારા ખાસ સંભાળ લઈ પ્રોજેકટને સમજાવવામાં આવ્યાં હતાં. જેમાના ઘણાં પ્રોજેકટ વિશિષ્ટ બાળકોને ઉપયોગી નિવડે તેવા હતા. આ મુલાકાત શ્રી જીજ્ઞાબેન સોલંકીના માર્ગદર્શન હેઠળ તથા શ્રી આયુષ નિતીનભાઈ સોલંકીના સહયોગથી સફળતાપૂર્વકની થઈ હતી.

### PNR સોસાયટીમાં નવા આગંતુક પ્રોફેશનલ ટીમને આવકાર :


ડૉ. પ્રવિણ


ડૉ. દિશા


ડૉ. ઝૈન

૧. **ડૉ. પ્રવિણ દેશમુખ** : Occupational Therapist, K. N. Shah early intervention and Autison School

૨. **ડૉ. દિશાબેન ચૌહાણ** : Physiotherapist early intervention and Remadial Center, Vidhyanagar

૩. **ડૉ. ઝૈન રાજાણી** : Physiotherapist, Talaja Center

૪. **ડૉ. વૈભવી કેવડિયા** : Physiotherapist, Sihor Center

૫. **મિસ દિવ્યાબેન પટોડિયા** : Rehab. Physiotherapist Clinical Psycnologist

૬. **શ્રીમતી ભાવિકાબેન પરમાર** : કેરગિવર્સ અર્લી ઈન્ટરવેન્શન સેન્ટર, શિહોર સેન્ટર

### ભોજન :

તા. ૧૬ ફેબ્રુ.`૨૩ ના રોજ દાતાશ્રી કવિતાબેન ભાવેશભાઈ શાહ તરફથી સી.પી. સ્કૂલ, હોસ્ટેલના વિદ્યાર્થીઓને પનિહારી ગાર્ડન રેસ્ટોરન્ટમાં ડિનર રાખવામાં આવ્યું હતું. તેમણે પ્રેમ અને સંવેદના સભર આવકાર આપી સર્વેને ભોજન કરાવેલ.

## સ્લો-લર્નર વિભાગ

❁ સી.પી. સ્કૂલ, નટરાજ કેમ્પસ, ભાવનગર ખાતે સ્લો લર્નર અને લર્નિંગ ડિસેબિલીટી ધરાવતાં બાળકો માટે અસેસમેન્ટ સેન્ટર શરૂ કરવામાં આવ્યું છે. જેમાં બાળકોના અસેસમેન્ટ દ્વારા જો એ બાળક સ્લો લર્નર કે લર્નિંગ ડિસેબિલિટી ધરાવતું હોય તો તેમને ઉપચારાત્મક શિક્ષણ આપવામાં આવે છે. જે અંતર્ગત બાળકોને રેમેડિયલ એજયુકેશન રાજવી કક્કડ દ્વારા આપવામાં આવે છે. આ સ્પેશ્યલ એજયુકેશન અંતર્ગત બાળકોની મૂળભૂત શીખવાની ક્ષમતાનો ઓળખી તેઓને એ મુજબનું શિક્ષણ આપવામાં આવે છે. જે અંતર્ગત પાયાની



લેખન, વાંચન અને ગણનની પ્રવૃતિથી શરૂઆત કરવામાં આવે છે. આ સેન્ટરમાં હાલમાં ૮ વિદ્યાર્થીઓ આવે છે.

- મંત્ર પરમાર નામનો વિદ્યાર્થી શરૂઆતમાં આવ્યો ત્યારે પાયાની લેખન, વાંચન અને ગણન પણ કરી શકતો ન હતો. હવે આ બાળક 'કક્કો' 'બારાક્ષરી' '૧ થી ૨૦ અંક' લખી-વાંચી શકે છે. શરૂઆતમાં આ બાળક ખુબજ અંર્તમુખી વ્યકિતત્વ ધરાવતો હતો. હવે મંત્ર બીજા બાળકો સાથે પણ મળી શકે છે. સાથે જૂથમાં પ્રવૃતિ પણ કરી શકે છે.
- ચૌહાણ ઉર્વશી, જે શરૂઆતમાં આવી ત્યારે 'ABCD' અને 'કક્કો' ના અમુક અક્ષરો જાણતી હતી. હાલમાં તે 'ABCD' 'કક્કો' 'બારાક્ષરી' '૧ થી ૫૦' લખી-વાંચી શકે છે.
- આ બાળકોને રેમેડિયલ એજ્યુકેશનના વર્ગોનો સમય પૂર્ણ થયા બાદ, ઓકયુપેશનલ થેરાપી પણ આપવામાં આવે છે. આર્ટ એન્ડ ક્રાફટ, રમતગમત જેવી વિભિન્ન પ્રવૃતિઓમાં તેઓ સહભાગી થઈને શ્રેષ્ઠ પ્રદર્શન કરી શકે તે માટે પ્રેરિત કરવામાં આવે છે.

## સફળતા માટેનો સહારો

**ઓટિઝમ બાળકોના વાલીને મદદરૂપ એ.બી.એ. તાલીમ :** આપણી સંસ્થાના બાળકોના સર્વાંગી વિકાસ માટે સમયાંતરે સારવારલક્ષી વિવિધ પ્રવૃત્તિઓ કરાવવામાં આવે છે. ઓટિઝમ બાળકોમાં મોટાભાગે સામાજિક આદાન પ્રદાન અને વાતચીતના અભાવે બિહેવીયર પ્રોબ્લેમ જોવા મળે છે. તો આપણાં આ બાળકોના બિહેવીયરને શાંત કરી, સુધારણા તથા જીવનલક્ષી તાલીમ મેળવી શકે, તે માટે **એ.બી.એ. ઓનલાઈન વાલી તાલીમ** નું આયોજન ડિસે.'૨૨ થી મે'૨૩ સુધી કરેલ છે. જેમાં PNR સોસાયટી સંચાલિત કે.એન. શાહ ઓટિઝમ સ્કૂલના ૧૫ બાળકોના વાલીઓએ ભાગ લીધેલ છે. જેમાં ડૉ. દિશાબેન શાહ ચાઈલ્ડ સાયકોલોજીસ્ટ, સ્પેશ્યલ એજ્યુકેટર, એ.બી.એ. તજજ્ઞ, Sydney (ઓસ્ટ્રેલિયા) દ્વારા ઓનલાઈન તાલીમ આપવામાં આવેલ છે.

આ તાલીમમાં આપણા ઓટિઝમગ્રસ્ત બાળકોના વાલીઓ ખૂબજ સરસ રસપૂર્વક સમજી અને તેમાં સોંપેલ વર્ક પણ પોતાના બાળક સાથે કરે છે. વાલીઓના પ્રતિભાવ મુજબ 'આ તાલીમ અમારા બાળકોને ખૂબ જ ઉપયોગી છે અને તેનાથી અમને સારી પ્રેરણા મળેલ છે.'

આ તાલીમશાળાના આચાર્યશ્રી જીજ્ઞાબેન સોલંકીના માર્ગદર્શન હેઠળ શરૂ કરવામાં આવેલ છે. આ કાર્યમાં મદદનીશ શિક્ષકશ્રી રૂપલબેન પારેખ અને સાયકોલોજીસ્ટ શ્રી દિવ્યાબેન પટોરીયાએ વાલીઓને પ્રેક્ટિકલ વર્ક માટે જરૂરી માર્ગદર્શન પૂરું પાડે છે.



# અંબા સી.પી. હોસ્ટેલ

લાલજીભાઈ પંડયા



- તા. ૫ ફેબ્રુ.'૨૩ ના રોજ **રોટલા ગ્રુપ**ના મેમ્બરો દ્વારા પી.એન.આર. સોસાયટી નટરાજ કોલેજના ગ્રાઉન્ડમાં બાળકોના મનોરંજન માટે જમ્પિંગ, ટોય ટ્રેનનું આયોજન કરવામાં આવેલ તથા બાળકો માટે નાસ્તો તથા જમવાની વ્યવસ્થા કરેલ. હોસ્ટેલના બાળકોએ ઉત્સાહભેર ભાગ લીધો હતો.
- તા. ૧૨ ફેબ્રુ.'૨૩ ના રોજ શ્રી રંજનબેન શાહ તરફથી હોસ્ટેલના બાળકોને નેપકીન તથા હાથ રૂમાલનું વિતરણ કરવામાં આવેલ.
- તા. ૨૬ ફેબ્રુ.'૨૩ ના રોજ શ્રી ખોજેમ કામદાર તરફથી બાળકોને પાણીની બોટલ, પેન્સિલ સેટ આપવામાં આવેલ.
- તા. ૭ માર્ચ.'૨૩ ના રોજ હોસ્ટેલના બાળકોએ હોળી તથા તા. ૮ માર્ચ.'૨૩ ના રોજ ધૂળેટી પર્વની ઉજવણી કરેલ.

## નીચેના મહાનુભાવોએ હોસ્ટેલના બાળકોને પોતાના પરિવારના સભ્યોના જન્મદિન, મેરેજ એનિવર્સરી કે દિવંગત સ્નેહીની તિથિ નિમિત્તે ભોજન / નાસ્તો કરાવેલ

### ભોજન / મિષ્ટાન

- તા. ૧૭ જાન્યુ. ના રોજ શ્રી દિતીબેન શાહ તરફથી...
- તા. ૨૧ જાન્યુ. ના રોજ શ્રી ગીતાબેન ઠાકર તરફથી...
- તા. ૨૭ જાન્યુ. ના રોજ શ્રી જીજ્ઞેશભાઈ પીઠવા તરફથી...
- તા. ૩૦ જાન્યુ. ના રોજ શ્રી ભગીરથભાઈ દેસાઈ તરફથી...
- તા. ૫ ફેબ્રુ. ના રોજ શ્રી જયનેશભાઈ શાહ તરફથી...
- તા. ૬ ફેબ્રુ. ના રોજ શ્રી જનકભાઈ રસોયા તરફથી...
- તા. ૧૪ ફેબ્રુ. ના રોજ શ્રી મધુકરભાઈ રાચ્છ તરફથી...
- તા. ૭ ફેબ્રુ. થી ૧૨ ફેબ્રુ. ના રોજ શ્રી કીર્તિભાઈ ઠક્કર તરફથી...
- તા. ૯ ફેબ્રુ. ના રોજ શ્રી હરપાલસિંહ ચુડાસમા તરફથી...
- તા. ૧૨ ફેબ્રુ. ના રોજ શ્રી પ્રવિણભાઈ કાનાબાર તરફથી...
- તા. ૧૩ ફેબ્રુ. ના રોજ શ્રી ક્રિષ્નાબેન ઠક્કર તરફથી...
- તા. ૧૫ ફેબ્રુ. ના રોજ શ્રી અંજુબેન તરફથી...
- તા. ૨૬ ફેબ્રુ. ના રોજ શ્રી અશોકભાઈ વ્યાસ તરફથી..

❁ તા. ૨૮ ફેબ્રુ. ના રોજ શ્રી મોનીકાબેન ડેલીવાલા તરફથી સાંજનું
❁ તા. ૨૮ ફેબ્રુ. ના રોજ શ્રી તૃપ્તિબેન મહેતા તરફથી બપોરનું...
❁ તા. ૧ માર્ચ. ના રોજ શ્રી વિક્રમભાઈ મકવાણા તરફથી...
❁ તા. ૫ માર્ચ. ના રોજ હરપાલસિંહ ચુડાસમા તરફથી...
❁ તા. ૭ માર્ચ. ના રોજ શ્રી ગીવાબેન ઠાકર તરફથી...

**નાસ્તો**

❁ તા. ૨૭ જાન્યુ. ના રોજ શ્રી સમીરભાઈ શાહ તરફથી...
❁ તા. ૨૯ જાન્યુ. ના રોજ શ્રી જીજ્ઞેશભાઈ પટેલ તરફથી...
❁ તા. ૧ ફેબ્રુ. ના રોજ શ્રી અશ્વિનભાઈ પંડયા (K.L.માનદ મંત્રી) તરફથી...
❁ તા. ૬ ફેબ્રુ. ના રોજ શ્રી જયનેશભાઈ શાહ તરફથી...
❁ તા. ૧૨ ફેબ્રુ. ના રોજ શ્રી હેત્સવીબેન સોમાણી તરફથી...
❁ તા. ૧૩ ફેબ્રુ. ના રોજ શ્રી ધર્મેન્દ્રસિંહ તરફથી..
❁ તા. ૧૩ ફેબ્રુ. ના રોજ શ્રી ઉષાબેન વાઘાણી તરફથી...
❁ તા. ૧૪ ફેબ્રુ. ના રોજ શ્રી કિરીટભાઈ રાઠોડ (PNR માનદ મંત્રી) તરફથી...
❁ તા. ૧૪ ફેબ્રુ. ના રોજ મધુકરભાઈ રાચ્છ તરફથી...
❁ તા. ૨૪ ફેબ્રુ. ના રોજ શ્રી માયાબા ગોહિલ તરફથી...
❁ તા. ૨૮ ફેબ્રુ. ના રોજ શ્રી જીજ્ઞાશાબેન કામદાર તરફથી...
❁ તા. ૩ માર્ચ. ના રોજ શ્રી ધીરૂભાઈ કટુડિયા તરફથી...
❁ તા. ૧૨ માર્ચ. ના રોજ મેહુભાઈ વાજા તરફથી...



# પી.એન.આર. સોસાયટી સંચાલિત
# ટિચર્સ ટ્રેનિંગ કોલેજ વિઝયુઅલી ઈમ્પાયર્ડ

કિરણ રાજયગુરુ



## વિશ્વ બ્રેઈલ દિનની ઉજવણી :

તા. ૪ જાન્યુ. `૨૩ ના રોજ વિશ્વ બ્રેઈલ દિન નિમિત્તે TTC (VI) કોલેજના પ્રથમ અને દ્વિતીય વર્ષના તાલીમાર્થીઓએ અલગ-અલગ સ્પર્ધાઓના ભાગરૂપે બ્રેઈલ લેખન સ્પર્ધા, બ્રેઈલ વાંચન સ્પર્ધા તથા સેન્સરી એકિટવિટી વગેરેનો સમાવેશ થાય છે. જે અંતર્ગત બે તાલીમાર્થીઓને ૨૬મી જાન્યુ. ના દિવસે સંસ્થાના ફાઉન્ડર ટ્રસ્ટી શ્રી બાબાભાઈ શાહ તથા શ્રી બૈજુભાઈ સુરેશભાઈ મહેતા (દાસ પેંડાવાળા) ના હસ્તે સર્ટિફીકેટ, રોકડ ઈનામ આપી પ્રોત્સાહિત કરેલ. તેમજ સ્પર્ધામાં ભાગ લેનાર તમામ લાભાર્થીઓને સર્ટિફીકેટ વિતરણ કરી પ્રોત્સાહિત કરેલ.

## રમતોત્સવ :

બ્રેઈલ સપ્તાહ ઉજવણી અંતર્ગત TTC (VI) કોલેજના તાલીમાર્થીઓ દ્વારા તા. ૭ જાન્યુ.`૨૩ થી તા. ૯ જાન્યુ.`૨૩ સુધી બ્રેઈલ સપ્તાહની ઉજવણી કરવામાં આવી હતી. જે પૈકી તાલીમાર્થીઓ દ્વારા સમુહ ભોજન, ઉપરાંત તાલીમાર્થીઓ દ્વારા સેન્સરી એકિટવિટી, ખો-ખો, પકડમ-પકડાઈ, અંતાક્ષરી વગેરે જેવી રમતો દ્વારા ઉત્સાહપૂર્વક ઉજવણી કરવામાં આવી હતી.

## TLM પ્રદર્શન :

બ્રેઈલ સપ્તાહ ઉજવણી અંતર્ગત TTC (VI) કોલેજના કોર્સ કો-ઓર્ડિનેટર શ્રી કિરણબેન રાજયગુરૂના માર્ગદર્શન હેઠળ તાલીમાર્થીઓ દ્વારા બનાવવામાં આવેલ TLM પ્રદર્શનનું આયોજન તા. ૬ જાન્યુ.`૨૩ ના રોજ કરવામાં આવેલ. જેમાં લાઈબ્રેરી, દિશા કમ વિકાસ પ્રોજેકટ, ઓટિઝમ સ્કૂલ, PNR એડમિન વિભાગ,



નટરાજ કોલેજ વિભાગ, MD TTC કોલેજના તાલીમાર્થીઓ વગેરેએ આ પ્રદર્શનની મુલાકાત લઈ TTC (VI) ના તાલીમાર્થીઓની મહેનતને બિરદાવી, તાલીમાર્થીઓને પ્રોત્સાહિત કરેલ.


## ધૂળેટી પર્વની ઉજવણી :

તા. ૪ માર્ચ `૨૩ ના રોજ D.ed. se. (VI) કોલેજના તાલીમાર્થીઓ દ્વારા ધૂળેટીની ખૂબ જ ઉમંગભેર ઉજવણી કરવામાં આવેલ. તમામ રાજસ્થાની તાલીમાર્થીઓને ગુજરાતના રીતરિવાજ મુજબ ખજૂર, ધાણી, દાળિયા તેમજ નાસ્તો આરોગીને એકબીજા પર રંગબેરંગી કલર અને ગુલાલ દ્વારા ધૂળેટી રમીને ખૂબજ ઉત્સાહપૂર્વક ઉજવણી કરવામાં આવી હતી.






# કે. એન. શાહ 'હાઈટેક' ઈન્કલુઝિવ સ્કૂલ



ધીરુભાઈ ધંધુકિયા

## રમતોત્સવ :

શાળામાં તા. ૩૧ ડિસે. ૨૨ ના રોજ **રમતોત્સવ**નું આયોજન કરવામાં આવેલ. ધો. ૧ થી ૮ વિદ્યાર્થીઓ દ્વારા જુદી જુદી રમત સ્પર્ધામાં ભાગ લીધેલ. રમત દ્વારા બાળકોને સર્વાંગી વિકાસ થાય, તેમજ બાળકના જીવનમાં સહનશીલતા, સહભાગીદારીતા, શારીરિક-માનસિક વિકાસ જેવા નૈતિક મૂલ્યો કેળવાય તે હેતુથી જુદી જુદી રમતો જેવી કે, કબડ્ડી, ખો-ખો, લીંબુ ચમચી, રસ્સા ખેંચ, ક્રિકેટનો સમાવેશ કરવામાં આવેલ. બધા જ બાળકોએ ઉત્સાહથી રમતોત્સવમાં ભાગ લીધેલ. તેમજ રમતમાં શ્રેષ્ઠ દેખાવ કરનાર ખેલાડીને ઈનામ આપી પ્રોત્સાહન પૂરું પાડવામાં આવેલ. આ સમગ્ર રમતોત્સવનું આયોજન શાળાના આચાર્યશ્રી હિતેનકુમાર પંડયા તથા શ્રી દક્ષાબેન પંડયા દ્વારા કરવામાં આવેલ.

## સાયન્સ સીટીની મુલાકાત :

શાળામાં તા. ૬ જાન્યુ. ૨૩ ના રોજ ધો. ૬ થી ૮ ના વિદ્યાર્થીઓએ ભાવનગર **સાયન્સ સીટી**ની મુલાકાત લીધેલ. વિદ્યાર્થીઓને વિજ્ઞાન વિષયમાં રસ, રુચિ, જિજ્ઞાસાવૃતિ જેવા ગુણો કેળવાય, તેમજ તેઓએ પ્રત્યક્ષ અનુભવ દ્વારા માહિતી પ્રાપ્ત કરેલ. સાયન્સ સીટીમાં બાળકોએ અલગ અલગ ગેલેરીની મુલાકાત લીધેલ. જેમાં મરીન એકવાટિક ગેલેરીમાં સૌ પ્રથમ ઉદ્દભવ પામેલા જીવન અને દરિયાઈ નિવસનતંત્ર પર Short Film દ્વારા જાણકારી પ્રાપ્ત કરેલ. ઓટોમોબાઈલ ગેલેરીમાં ચક્રની શોધથી લઈ ઈલેક્ટ્રોનિક એન્જિન, કગ્નોત એન્જિન, સાયકલ વગેરેની બનાવટ વિશે માહિતી પ્રાપ્ત કરેલ તેમજ નોબલ પ્રાઈઝ મળેલ વૈજ્ઞાનિકોના મોડેલ, પ્રયોગની રીત, સિધ્ધિઓ વિશે વિદ્યાર્થીઓને માહિતગાર કરેલ. આ ઉપરાંત ઈલેક્ટ્રોનિક મશીન ગેલેરી તથા બાયો-સાયન્સ ગેલેરીની પણ મુલાકાત લીધેલ. ત્યારબાદ બાળકોને ખોડિયાર માતાજીના મંદિરે લઈ જઈ દર્શન કર્યા પછી તેમને ભોજન કરાવી શાળાએ પરત લાવવામાં આવેલ. આ સમગ્ર આયોજન શાળાના શિક્ષક શ્રી દક્ષાબેન પંડયા, શ્રી મમતાબેન ચૌહાણ, શ્રી આરતીબેન, શ્રી સાગરભાઈ, શ્રી ઉપાસનાબેન ત્રિવેદી દ્વારા કરવામાં આવેલ.

## બેગલેસ શિક્ષણ કાર્ય :



શાળામાં તા. ૦૩ જાન્યુ. ૨૨ ના રોજ **બેગલેસ શિક્ષણ કાર્ય** અંતર્ગત સંગીત સાથે યોગ, કસરત કરવામાં આવેલ. આ કાર્યક્રમમાં ધો. ૧ થી ૮ ના તમામ બાળકોને સંગીતના તાલ સાથે યોગના આસાનો કરાવવામાં આવેલ, તેમજ વ્યક્તિના સ્વાસ્થ્ય પર થતી યોગની અસર, મનની એકાગ્રતા અને યોગના મહત્વ વિશે જાણકારી પ્રાપ્ત કરેલ. યોગની સાથે બાળકોએ કસરતના દાવ અને સૂર્યનમસ્કાર કરેલ. બાળકોનો સર્વાંગી વિકાસ થાય તે હેતુથી આ કાર્યક્રમનું આયોજન કરવામાં આવેલ. તા. ૪ જાન્યુ. ૨૩ ના માટીકામ અને ચિત્રકામ કરવામાં આવેલ. વિદ્યાર્થીઓમાં સર્જનાત્મકતા, ક્રિયાશીલતા, સહભાગીદારીતા જેવા ગુણો વિકસે અને ભાર વગર શિક્ષણ કાર્ય કરી શકે, તેમજ ચિત્રકામ, માટીકામ દ્વારા બાળકમાં સર્જનાત્મકતા ખીલે. બાળકોએ આનંદ અને ઉત્સાહથી માટીમાંથી સરસ રમકડા તૈયાર કરેલ અને સરસ મજાના ચિત્રો દોરી તેમાં રંગપૂરણી કરેલ. તા. ૫ જાન્યુ. ૨૩ ના ક્રાફ્ટમાં જુદી જુદી વસ્તુઓ તેમજ વેસ્ટમાંથી બેસ્ટ વિદ્યાર્થીઓ દ્વારા બનાવવામાં આવેલ અને તેનું પ્રદર્શન પણ ગોઠવવામાં આવેલ.



આ બેગલેસ શિક્ષણ કાર્યમાં વિદ્યાર્થીની સાથે તેમના વાલીઓનો પણ સારો એવો પ્રતિસાદ મળેલ. આવી જ રીતે શૈક્ષણિક પ્રવૃત્તિ શાળામાં થતી રહે તેમજ વિદ્યાર્થી સારી રીતે શિક્ષણ કાર્ય કરી શકે, શિક્ષણમાં ઉત્તરોત્તર પ્રગતિ કરે તેવા આશિષ આચાર્યશ્રીએ પાઠવ્યા. આ સમગ્ર કાર્યક્રમનું આયોજન શાળાના આચાર્યશ્રી હિતેનકુમાર પંડયા તેમજ શિક્ષકો દ્વારા કરવામાં આવેલ.

## ઉત્તરાયણ પર્વની ઉજવણી :

શાળામાં તા. ૧૩ જાન્યુ.`૨૩ ના રોજ **ઉત્તરાયણ પર્વ**ની ઉજવણી કરવામાં આવેલ. શરૂઆતમાં બાળકોને બાલસભામાં બાલગીતો, અભિનયગીતો, બાળવાર્તા, તેમજ કાઈટ મેકિંગ સ્પર્ધામાં પ્રથમ ક્રમાંક પ્રાપ્ત કરનાર વિદ્યાર્થીઓને ઈનામ આપી પ્રોત્સાહિત કરવામાં આવેલ. બાળકો આનંદ, ઉત્સાહથી શાળામાં ઉતરાયણ પર્વની ઉજવણી માટે પતંગ, ફીરકી સાથે આવેલ અને શાળાના મેદાનમાં રંગબેરંગી પતંગ ચગાવી શાળાનું વાતાવરણ બાળકોના કિલકિલાટથી ગુંજી ઉઠેલ. ઉપરાંત ઉતરાયણ પર્વના મહત્વ વિષે માહિતી વિદ્યાર્થીઓને આપવામાં આવેલ. આ સમગ્ર કાર્યક્રમનું આયોજન શાળાના આચાર્યશ્રી હિતેનકુમાર પંડયા દ્વારા કરવામાં આવેલ.

## વસંત પંચમીની ઉજવણી :

શાળામાં તા. ૨૫ જાન્યુ. `૨૩ ના રોજ **વસંત પંચમી** તહેવારની ઉજવણી કરવામાં આવેલ. ધો. ૧ થી ૮ ના વિદ્યાર્થીઓ દ્વારા માતા સરસ્વતીની વંદના અને આરતી કરવામાં આવેલ. પીળા વસ્ત્રો પહેરીને આ પર્વની ઉજવણી કરવામાં આવેલ. બાળકોએ માતા સરસ્વતીના ચરણોમાં ફૂલ અર્પણ કરી, પ્રાર્થના કરી શિક્ષણકાર્યમાં સફળતા પ્રાપ્ત કરે તેવા આશિષ મેળવેલ. આ સમગ્ર કાર્યક્રમનું આયોજન શાળાના આચાર્યશ્રી હિતેનકુમાર પંડયા દ્વારા કરવામાં આવેલ.

## રોડ સેફ્ટી અંતર્ગત નિબંધ સ્પર્ધા :

શાળામાં તા. ૧૭ જાન્યુ. `૨૩ ના રોજ **રોડ સેફ્ટી** અંતર્ગત, નિબંધ સપર્ધાનું આયોજન કરવામાં આવેલ. જેમાં ટ્રાફિક સમસ્યા અને તેના ઉપાય વિષય પર ધો. ૯ અને ૧૧ ના વિદ્યાર્થીઓએ જીવલેણ માર્ગ અકસ્માત કઈ રીતે નિવારી શકાય, તેમજ માર્ગ સલામતી અંગેના પોતાના વિચારો રજૂ કરી ખૂબ સરસ નિબંધ લેખન કર્યું હતું. તેમાં પ્રથમ ત્રણ ક્રમાંક મેળવનાર વિદ્યાર્થીને આચાર્યશ્રી દ્વારા પ્રોત્સાહન આપવામાં આવેલ.

## પરીક્ષા પે ચર્ચા અંતર્ગત ચિત્ર સ્પર્ધા :

શાળામાં તા. ૨૦ જાન્યુ. `૨૩ ના રોજ **પરીક્ષા પે ચર્ચા** કાર્યક્રમ અંતર્ગત, ચિત્ર સ્પર્ધાનું આયોજન કરવામાં આવેલ. જેમાં ધો. ૯ થી ૧૨ ના વિદ્યાર્થીઓએ ભાગ લઈ અવનવા સુંદર ચિત્રો બનાવ્યા હતાં. ચિત્ર સ્પર્ધામાં પ્રથમ ક્રમાંક ધો. ૯ નો વિદ્યાર્થી માળોદિયા વિશાલ, બીજો ક્રમાંક ધો. ૧૧ કોમર્સમાં અભ્યાસ કરતો વિદ્યાર્થી મોયેલ લલિત તથા તૃતિય ક્રમાંક ધો. ૯ નો વિદ્યાર્થી માંધલ જયવિને પ્રાપ્ત કરેલ. આ ત્રણ ક્રમાંક મેળવનાર વિદ્યાર્થીને આચાર્યશ્રીએ પ્રોત્સાહિત કર્યાં હતા.

## ૭૪ માં પ્રજાસત્તાક દિનની ઉજવણી :

શાળામાં તા. ૨૬ જાન્યુ.`૨૩ ના રોજ ૭૪ માં પ્રજાસત્તાક દિનની આન,બાન અને શાનથી ગૌરવપૂર્ણ ઉજવણી કરવામાં આવેલ. આ ખાસ કાર્યક્રમમાં મુખ્ય અતિથિ શ્રી બૈજુભાઈ મહેતા ઉપસ્થિત રહેલ. કાર્યક્રમની શરૂઆતમાં સ્વાગત પ્રવચન માનદ્ મંત્રી શ્રી કિરીટભાઈ રાઠોડ દ્વારા કરવામાં આવેલ. તેમજ રાષ્ટ્રધ્વજને સલામી પધારેલ મહેમાન શ્રી બૈજુભાઈ મહેતા દ્વારા આપવામાં આવેલ, સાથો-સાથ પ્રજાસત્તાક દિનનું મહત્વ સમજાવતું વકતવ્ય તેમણે આપેલ. કે.એન. શાહ હાઈકેટ ઈન્કલુઝિવ સ્કૂલના વિદ્યાર્થીઓ દ્વારા **ઝાંસી કી રાની** થીમ પર ડાન્સ રજૂ કરેલ. ઉપરાંત વિદ્યાર્થીઓ અને સ્કૂલના તમામ સ્ટાફને નાસ્તો કરાવવામાં આવેલ. આ પ્રસંગે સંસ્થાના ફાઉન્ડર ટ્રસ્ટી શ્રી બાબાભાઈ, શ્રી ઈલાબેન, શ્રી પારસભાઈ શાહ, શ્રી ધીરૂભાઈ ધંધુકિયા, શ્રી હર્ષકાંતભાઈ રાખશિયા, શ્રી મહાસુખભાઈ જકડિયા, સી.પી. સ્કૂલ તથા કે.એન. શાહ હાઈટેક ઈન્કલુઝિવ સ્કૂલના વિદ્યાર્થીઓ, શિક્ષકો, વાલીઓ ઉપસ્થિત રહેલ. આ સમગ્ર કાર્યક્રમનું આયોજન શાળાના આચાર્યશ્રી હિતેનકુમાર પંડયા દ્વારા કરવામાં આવેલ.

## એક દિવસ સેમિનાર :



શાળામાં તા. ૮ ફેબ્રુ.`૨૩ ના રોજ **ઈન્કલુઝિવ શિક્ષણ** અંતર્ગત એક દિવસના સેમિનારનું આયોજન કરવામાં આવેલ. તેમાં હાઈટેક સ્કૂલના ચેરમેન અને મહિલા કોલેજના નિવૃત્ત પ્રિન્સિપાલ શ્રી ડી.જે. ધંધુકિયા સાહેબે, હાઈએસ્ટ ટેકનોલોજી અને ઈન્કલુઝિવ શિક્ષણ ઉપર ભાર મૂકયો હતો. તેમાં નોર્મલ સાથે દિવ્યાંગ બાળકોને સાથે લઈને કઈ રીતે આગળ લાવી શકાય, તે અંગેનું માર્ગદર્શન પૂરું પાડયું હતું. આ ઉપરાંત ઈન્કલુઝિવ શિક્ષણના કાયદાઓ તથા દિવ્યાંગ બાળકોને ૨૧ પ્રકારની ડિસેબિલિટી વિશે માહિતગાર કરેલ. તેમજ શિક્ષકોને દિવ્યાંગ બાળકો અને તેની વિશિષ્ટ શક્તિઓ તરફ પ્રકાશ પાથર્યો હતો. તેમણે એજ્યુકેશનના ત્રણ મહત્વના પાયા દર્શાવ્યા હતાં. તેમાં શિક્ષક, પિયર અને સ્કૂલનું વાતાવરણનું સમાયોજન દ્વારા બાળકો સાથે તેના પિયરને કઈ રીતે એન્કરેજ કરવું, તે બધી જ વિગતોથી

શિક્ષકોને અવગત કરેલ.ઉપરાંત RTE એક્ટ ૨૦૦૭, ICT ટ્રેનિંગ તથા સ્માર્ટ બોર્ડના ઉપયોગ, આ તમામની વિસ્તૃત માહિતી શિક્ષકોને આપેલ. આમ સમગ્ર કાર્યક્રમનું આયોજન હાઈટેક ઈન્કલુઝિવ સ્કૂલના આચાર્યશ્રી હિતેનકુમાર પંડયા દ્વારા કરવામાં આવેલ.

## સાંસ્કૃતિક કાર્યક્રમ તકતી પૂજન :

કે.એન. શાહ હાઈટેક ઈન્કલુઝિવ સ્કૂલનું તા. ૧૮ ફેબ્રુ.'૨૩ ઉદ્‌ઘાટન કરવામાં આવેલ. પધારેલ તમામ મહેમાનોએ દરેક વર્ગખંડમાં જઈ બાળકોના શિક્ષણકાર્યની ચર્ચા કરેલ અને બાળકો સાથે વાતચીત કરેલ. તેમજ સાંસ્કૃતિક કાર્યક્રમ યોજવામાં આવેલ. તેમાં હાઈટેક સ્કૂલના ધો. ૫ ના વિદ્યાર્થીઓ દ્વારા એજ્યુકેશન થીમ પર ડાન્સ રજૂ કરવામાં આવેલ અને ધો. ૧ ના વિદ્યાર્થીઓ દ્વારા **નાની મારી આંખ** બાલગીત પર અભિનય રજૂ કરેલ. આ સમગ્ર કાર્યક્રમનું આયોજન આચાર્યશ્રી હિતેનકુમાર પંડયા તથા શિક્ષક શ્રી દક્ષાબહેન પંડયા, શ્રી ઉપાસનાબહેન ત્રિવેદી, શ્રી ઋષિતાબહેન દ્વારા કરવામાં આવેલ.

## વિશ્વ માતૃભાષા દિનની ઉજવણી :

સ્કૂલમાં વિશ્વ માતૃભાષા દિન નિમિત્તે શ્રુતલેખન સ્પર્ધા યોજવામાં આવેલ. આ સ્પર્ધામાં શાળાના ધો. ૬ થી ૮ ના વિદ્યાર્થીઓએ ભાગ લીધેલ તેમજ તેમને માતૃભાષાનું મહત્વ, વિશેષતા, ઉપયોગીતા વિશે માહિતી આપવામાં આવેલ. સ્પર્ધામાં ભાગ લેનાર વિદ્યાર્થીમાં શ્રેષ્ઠ દેખાવ કરનાર વિદ્યાર્થીને પ્રથમ, દ્વિતીય અને તૃતીય ક્રમાંક આપવામાં આવેલ. આ કાર્યક્રમની હર્ષભેર ઉજવણી કરવામાં આવેલ અને સમાજમાં માતૃભાષાની ગરીમા જળવાઈ રહે સાથો-સાથ વ્યવસાયિક, શિક્ષણક્ષેત્રે પણ માતૃભાષાને મહત્વ આપવામાં આવેલ છે અને માતૃભાષાને જાળવી રાખવાના પ્રયત્નો કરેલ. આ સમગ્ર કાર્યક્રમનું આયોજન શાળાના આચાર્યશ્રી હિતેનકુમાર પંડયા દ્વારા કરવામાં આવેલ.

## ધો. ૧૦ તથા ધો. ૧૨ નો શુભેચ્છા સમારંભ :

સ્કૂલમાં તા. ૨૮ ના રોજ, ધો. ૧૦ અને ધો. ૧૨ ના વિદ્યાર્થીઓના



શુભેચ્છા સમારંભનું આયોજન કરવામાં આવેલ. જેમાં હાઈટેક સ્કૂલના ચેરમેન શ્રી ડી.જે. ધંધુકિયા સાહેબ, સંસ્થાના સેક્રેટરી જનરલ શ્રી પારસભાઈ શાહ, માનદ મંત્રી શ્રી કિરીટભાઈ રાઠોડ, ટ્રેઝરર શ્રી એચ.પી. રાખશિયા, હાઈટેક સ્કૂલના આચાર્યશ્રી હિતેનકુમાર પંડયા ઉપસ્થિત રહ્યા હતાં. આ કાર્યક્રમની શરૂઆત પ્રાર્થના ગીતથી કરવામાં આવેલ, તેમજ બાલમંદિરના વિદ્યાર્થીઓ દ્વારા સુંદર કૃતિ રજૂ કરવામાં આવેલ. ત્યારબાદ ધો. ૧૦ અને ધો. ૧૨ ની વિદ્યાર્થીનીઓએ પોતાના શાળાના સ્મરણો રજૂ કરેલ. શ્રી ડી.જે. ધંધુકિયા સાહેબે પ્રસંગોચિત ઉદ્‌બોધન આવેલ. જેમાં ધો. ૧૦ અને ધો. ૧૨ ના વિદ્યાર્થીઓને મોટિવેશન સ્પીચથી આગળ વધવાની પ્રેરણા પૂરી પાડેલ. સેક્રેટરી જનરલ શ્રી પારસભાઈ શાહે ધો. ૧૦ અને ધો. ૧૨ ના વિદ્યાર્થીઓ બોર્ડની પરીક્ષામાં ઉત્કૃષ્ટ દેખાવ કરી સ્કૂલનું નામ રોશન કરે તેવા શુભાશિષ પાઠવેલ. આ પ્રસંગે GKIQ માં પ્રથમ આવનાર વિદ્યાર્થીઓને ઈનામ વિતરણ તથા નિબંધ સ્પર્ધા અને વકૃત્વ સ્પર્ધામાં પ્રથમ ત્રણ નંબર મેળવનાર બાળકોને પ્રમાણપત્ર એનાયત કરવામાં આવેલ. આ કાર્યક્રમનું સંચાલન શ્રી દક્ષાબેન પંડયા તથા શ્રી મમતાબેન ચૌહાણ દ્વારા કરવામાં આવેલ અને આ સમગ્ર કાર્યક્રમનું માર્ગદર્શન હાઈટેક સ્કૂલના આચાર્યશ્રી હિતેનકુમાર પંડયા દ્વારા પૂરું પાડવામાં આવેલ

**Dear PNR family,**

I was shocked and saddened with the news of Mafatkaka. I was fortunate to spend some quality time with him during last 23 years. From the first day of the meeting, I was touched deeply about his humbleness and a low profile.

He was very intelligent and had a very likable and a radiant personality. Mafatkaka was always cool, calm and collaborative. He loved his lovely princess, Reshma, and would not go to sleep until she sings a song for him every night. What a remarkable life!!

We along with numerous friends and family miss him dearly and his decades of charitable work.

**- Praful Shah (USA)**

# રિસોર્સ સેન્ટર સમાચાર

PNR સોસાયટી સંચાલિત, તળાજા ખાતે ચાલતા મગજના લકવાગ્રસ્ત, તેમજ મંદબુધ્ધિ દિવ્યાંગ બાળકોના કેન્દ્ર ઉપર હોળી-ધૂળેટીના તહેવારની ઉજવણીના ભાગરૂપે **દિવ્યાંગ રંગોત્સવ**નું આયોજન કરવામાં આવ્યું હતું. તેમાં દિવ્યાંગ બાળકો દ્વારા એકબીજાને કુમકુમ તિલક કરીને ફૂલથી હોળી રમીને, તેમજ સામુહિક જન્મદિવસની ઉજવણી કરી રંગોત્સવની આનંદ ઉલ્લાસભેર અનોખી ઉજવણી કરવામાં આવી હતી. કાર્યક્રમનું સંચાલન સેન્ટરના શ્રી પંકજભાઈ કટકિયા (સ્પેશ્યલ એજ્યુકેટર) દ્વારા કરવામાં આવ્યું હતું. અંતમાં બાળકોને ખજૂર-દાળિયા-સૂકો નાસ્તો તેમજ રમકડાનું વિતરણ કરવામાં આવ્યું હતું.



# દિશા કમ વિકાસ પ્રોજેક્ટ

## દિવ્યાંગો માટે આશા કિરણ...

અમિત મિત્રા



### બ્રેઈલ સપ્તાહ ઉજવણી :

**બ્રેઈલ સપ્તાહ** ઉજવણી અંર્તગત TTC કોલેજ દ્વારા TLM પ્રદર્શનનું આયોજન તા.૬ જાન્યુ.'૨૩ રોજ થયેલ, તેમાં દિશા કમ વિકાસ પ્રોજેક્ટના વિદ્યાર્થીઓ તથા શિક્ષકગણ દ્વારા મુલાકાત લેવામાં આવેલ. બાળકોને ઉપયોગી TLM દ્વારા બાળકોના જ્ઞાનમાં વધારો થઈ શકે તેથી તેનો લાભ લીધો હતો.

### ઉત્તરાયણ પર્વની ઉજવણી :

તા. ૧૨મી જાન્યુઆરીના રોજ નટરાજ સી.પી. સ્કૂલ અને અન્ય પ્રોજેક્ટના વિદ્યાર્થીઓ માટે પતંગ, ફિરકી, ગોગલ્સ, માસ્ક તથા મીઠાઈના પેકેટનું વિતરણ કરવામાં આવેલ. જે મેળવી પ્રોજેક્ટના વિદ્યાર્થીઓ દ્વારા આનંદની લાગણી અનુભવવામાં આવેલ અને ઉત્સાહપૂર્વક **ઉત્તરાયણ પર્વ**ની ઉજવણી કરવામાં આવી હતી.

### પ્રજાસત્તાક પર્વની ઉજવણી :



તા. ૨૬મી જાન્યુ.ના રોજ **પ્રજાસત્તાક પર્વ** ઉજવણી નિમિત્તે દિશા કમ વિકાસ પ્રોજેક્ટના વિદ્યાર્થીઓ દ્વારા "તેરી મીટ્ટી" દેશભક્તિ ગીત ઉપર પર્ફોમન્સ આપવામાં આવ્યું હતુ. જેની પ્રેક્ટિસ શ્રી બિનાબેન જાની અને શ્રી હર્ષાબેન પાડલિયા દ્વારા કરાવવામાં આવી.

### ગૌરવની પળ :



તા. ૨૬મી જાન્યુઆરીના રોજ દિશા કમ વિકાસ પ્રોજેક્ટના વિદ્યાર્થી કાકડીયા હર્ષ હરેશભાઈને 'રીડર ઓફ ધી યર'ના ખિતાબથી નવાજવામાં આવેલ. તેને આ પ્રસંગે મોમેન્ટો આપી સન્માનિત કરવામાં આવ્યો હતો. જે પ્રસંગે ટ્રસ્ટીગણ અને પ્રોજેક્ટ કો-ઓર્ડીનેટર શ્રી અમિતભાઈ મિત્રા દ્વારા અભિનંદન પાઠવી ખુશીની લગણી વ્યકત કરવામાં આવેલ.

### ટેકમંજરીની મુલાકાત :

તા. ૧૧ ફેબ્રુઆરીના રોજ સી.પી. સ્કૂલ, ઓટિઝમ સ્કૂલ, દિશા-વિકાસ પ્રોજેક્ટના વિદ્યાથીઓ તથા સ્ટાફ દ્વારા જ્ઞાનમંજરી એજ્યુકેશન એન્ડ ટેકનોલોજી ફેસ્ટિવલની મુલાકાત લેવામાં આવી હતી. જેમાં વિવિધ બ્રાન્ચના સ્ટુડન્ટ દ્વારા, વિવિધ વિષયો પર મોડલ્સ બનાવી તેનું ડેમોસ્ટ્રેશન કરવામાં આવ્યું હતું. જે ખુબજ વિશાળ વિસ્તારમાં ફેલાયેલું હતું તે માટે સ્પેશ્યલ ચિલ્ડ્રન્સનું વોલેન્ટયર્સ દ્વારા ખાસ કાળજીપૂર્વક દરેક મોડેલ્સ બાળકોને સમજાવ્યા અને વીઝિટમાં આસિસ્ટ કરેલ. આ પ્રદર્શનીમાં ઘણાં પ્રોજેક્ટ આપણાં સ્પેશ્યલ ચિલ્ડ્રન માટે ઉપયોગી હતા જેની સવિસ્તૃત માહિતી મેળવેલ.

### ગેસ્ટ વિઝીટ :

તા. ૧૮ ફેબ્રુઆરીના રોજ પી.એન.આર. સોસાયટીના વાર્ષીક ઉત્સવ નિમિત્તે **ગેસ્ટ વિઝીટ**નું આયોજન કરવામાં આવેલ જેમાં દિશા વિકાસ પ્રોજેક્ટના સ્ટાફ દ્વારા વિવિધ પ્રવૃત્તિઓ ગેસ્ટને બતાવવામાં આવી હતી. જેમ કે મોટા બાળકોનું સ્માર્ટ કલાસ દ્વારા એજ્યુકેશન, નાના બાળકોમાં એકિટવિટી દ્વારા શિક્ષણ, બાળકો પાસે ચોકલેટ બનાવડાવવી તેનું પેકિંગ કરાવવું, બાળકોએ બનાવેલી વસ્તુઓનું વેચાણ કરવામાં માર્ગદર્શક બનવું. થેરાપિસ્ટ સ્ટાફ દ્વારા મેટ્રિકસ થેરાપી, પ્લે થેરાપીનેં પ્રદર્શન કરવામાં આવેલ.

### ધુળેટી પર્વ :

તા.૩ માર્ચ ૨૦૨૩ ના રોજ દિશા કમ વિકાસ પ્રોજેક્ટના વિદ્યાર્થીઓ, સ્ટાફ અને વાલીગણ દ્વારા ધુળેટી પર્વની ઉજવણી કરવામાં આવેલ. જેમાં વિદ્યાર્થીઓને હોળી પર્વ પાછળની પૌરાણિક કથાનું વર્ણન શિક્ષકગણ દ્વારા કરવામાં આવેલ. ત્યારબાદ વિદ્યાર્થીઓને ધુળેટી પર્વની ઉજવણીના રંગ-ગુલાલથી હોળી રમતા બાળગીતો બતાવવામાં આવ્યાં હતાં. પ્રોજેક્ટ કો-ઓર્ડીનેટર શ્રી અમિતભાઈ મિત્રાની હાજરીમાં સૌએ ઉત્સાહ અને આનંદ પૂર્વક તિલક હોળી રમ્યા હતાં. ત્યાર બાદ સ્ટાફ શ્રી રીનાબેન વસૌયા દ્વારા સૌને ધાણી અને ખજૂરનો પ્રસંગને અનુરૂપ નાસ્તો કરાવ્યો હતો.



# યુવક સંમેલન મુંબઈ લાઈબ્રેરી

છાયા જોષી



### પ્રજાસત્તાક દિવસની ઉજવણી :

લાઈબ્રેરીમાં ૨૬મી જાન્યુઆરી પ્રજાસત્તાક દિવસની ઉજવણી દેશભક્તિ ચિત્રોનું ડ્રોઈંગ કરીને કરવામાં આવી, લાઈબ્રેરી એક્ટિવિટી અંતર્ગત સી.પી. સ્કૂલ તથા કે.એન. શાહ હાઈટેક સ્કૂલના વિદ્યાર્થીઓ દ્વારા દેશભક્તિ ડ્રોઈંગ કરાવવામાં આવ્યા.

### દિવ્યાંગ અભિજીત ગોટાણીએ પી.એમ.ને પોર્ટ્રેટ રજૂ કર્યું :

આસામ માટે ગૌરવની ક્ષણ કહી શકાય, દિવ્યાંગ યુવાન અભિજીત ગોટાની; એક અત્યંત હોશિયાર કલાકાર અને સિલચરના પ્રતિભાશાળી ક્રિકેટરે, વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીને મળ્યા અને તેમને એક પોર્ટ્રેટ ભેટમાં આપ્યું, જેનું તેમણે સ્કેચ કર્યું હતું. મુખ્યમંત્રી ડૉ. હિમંતા બિસ્વા સરમા હાજર રહ્યા.

### દિવ્યાંગો માટે ૧૧૮ રૂપિયામાં સ્માર્ટ ટ્રાવેલ કાર્ડ બનશે :

(ન્યૂઝ ડેસ્ક) અવધ બસ સ્ટેશન પર ઈલેક્ટ્રિક બસમાં મુસાફરી કરવા માટે, ૩૦ ટકાથી વધુ દિવ્યાંગ મુસાફરો માટે સારા સમાચાર છે કે શહેરી પરિવહન, **મફત મુસાફરી સ્માર્ટ કાર્ડ** બનાવી રહ્યું છે, આ કાર્ડ એક વર્ષ માટે બનાવી શકાય છે. આ માટે રજીસ્ટ્રેશન ફી તરીકે ૧૦૦ રૂપિયા અને ૧૮ % જી.એસ.ટી. સહિત કુલ ૧૧૮ રૂપિયા ખર્ચવા પડશે. સ્માર્ટ કાર્ડ ધારકોને બસમાં એકલા મુસાફરી કરવાની છૂટ છે. ગંભીર દિવ્યાંગ વ્યક્તિ સાથે તેમના સાથીદાર મુસાફર પણ વિનામૂલ્યે મુસાફરી કરી શકશે.

### દિવ્યાંગ કર્મચારીઓને તેમના ગૃહ જિલ્લામાં જ નિમણૂક આપવામાં આવશે

રાજસ્થાન દિવ્યાંગ કર્મચારી નિયમો-૧૯૭૯ માં જોગવાઈ છે કે દિવ્યાંગ કર્મચારીઓને તેમના ગૃહ જિલ્લામાં જ નિમણૂંક આપવામાં આવશે. આ ઉપરાંત, ૨૦ જૂલાઈ ૨૦૨૦ ના રોજ, વહિવટી સુધારણા વિભાગના આદેશ હેઠળ, આવા કર્મચારીઓને તેમના ઘરની નજીક નિમણૂંક આપવામાં આવશે.

### જાન્યુ-ફેબ્રુ-૨૩ દરમ્યાન નટરાજ લાઈબ્રેરીમાં નવા આવેલા પુસ્તકો

| ક્રમ | પુસ્તકનું નામ | પ્રકાર |
|---|---|---|
| ૦૧ | અંત-આરંભ ભાગ ૧-૨ | નવલ કથા |
| ૦૨ | કેરિયર ડેવલપમેન્ટ પરના વિશ્વના શ્રેષ્ઠ પુસ્તકોમાંથી શું શીખવા મળે છે ? | ૧૦ બેસ્ટસેલર પુસ્તકોનો સાર |
| ૦૩ | ક્રિએટિવિટી પરના વિશ્વના શ્રેષ્ઠ પુસ્તકોમાંથી શું શીખવા મળે છે ? | ૧૦ બેસ્ટસેલર પુસ્તકોનો સાર |
| ૦૪ | મહાજાતિ ગુજરાતી | ગુજરાતી પ્રજાનો સામાજિક ઈતિહાસ |
| ૦૫ | માણસ નામે ગુનેગાર | નવલ કથા |
| ૦૬ | મોટિવેશન પરના વિશ્વના શ્રેષ્ઠ પુસ્તકો | ૧૦ બેસ્ટસેલર પુસ્તકોનો સાર |
| ૦૭ | લાઈફ પરના વિશ્વના શ્રેષ્ઠ પુસ્તકોમાંથી શું શીખવા મળે ? | ૧૦ બેસ્ટસેલર પુસ્તકોનો સાર |
| ૦૮ | બન્યું તે જ ન્યાય | દાદા ભગવાન |
| ૦૯ | પોઝિટીવ દ્રષ્ટિ | દાદા ભગવાન |
| ૧૦ | ભોગવે તેની ભૂલ | દાદા ભગવાન |
| ૧૧ | તમે જ તમારા ડૉક્ટર બનો | કુદરતી ઉપચાર પુસ્તિકા |
| ૧૨ | કુદરતમય જીવન | કુદરતી ઉપચાર પુસ્તિકા |
| ૧૩ | તંદુરસ્તીના ટેકેદારો ગાજર, લસણ, મેથી, ઘઉંના જવારા | કુદરતી ઉપચાર પુસ્તિકા |
| ૧૪ | ફળાહાર-રસાહાર | કુદરતી ઉપચાર પુસ્તિકા |
| ૧૫ | આહાર એજ ઔષધિ | કુદરતી ઉપચાર પુસ્તિકા |
| ૧૬ | સ્વાશ્રયી વૈદિકશાસ્ત્ર | આરોગ્ય પુસ્તિકા |
| ૧૭ | નિસર્ગોપચાર | કુદરતી ઉપચાર અંગેની માહિતી |
| ૧૮ | કુદરતી ઉપચાર | શું ખાવું ? શું ન ખાવું ? તેની માહિતી |
| ૧૯ | ઘરેલું ઉપચાર | સરળતાથી પ્રાપ્ત થતી વસ્તુ દ્વારા ચિકિત્સા |
| ૨૦ | વિપશ્યના-ડૉક્ટરોની દ્રષ્ટિએ | સાધના દ્વારા ચિકિત્સા |
| ૨૧ | આદર્શ સમ્રાટ | સમ્રાટો, શાસકો, રાણીઓના ચરિત્રો |
| ૨૨ | God Is My Friend | સંસ્કાર સિંચન કરવામાં ઉપયોગી પુસ્તક |
| ૨૩ | ગુરુ હૈદ્દવાર પ્રભુ કા | સદ્દગુરુ ઓશો કે અમૃત વચન હંસતી હુઈ જિંદગી હસો, નાચો, ગાઓ જીવન કા ઉત્સવ મનાઓ—ઓશો |



# શ્રી શાહ ખી. લ. બહેરાં મૂંગા શાળા (પ્રાથમિક વિભાગ)

ફાલ્ગુની ખાટસુરિયા



## પ્રજાસત્તાક પર્વની ઉજવણી :



શાળામાં **પ્રજાસત્તાક પર્વ**ની ભવ્ય ઉજવણી શાળાના પ્રાથમિક તથા માધ્યમિક બંને વિભાગના સંયુક્ત ઉપક્રમે યોજાઈ હતી. આ અતર્ગત પ્રાથમિક શાળાના આચાર્યશ્રી હર્ષાબેન આશરા તથા **બાલિકા દિન**ની ઉજવણી અંતર્ગત શાળાની બે દીકરીઓ હિરલ બારૈયા તથા પ્રભા સોલંકીના વરદ હસ્તે રાષ્ટ્રધ્વજ ફરકાવવામાં આવેલ. આચાર્યશ્રીએ તેમના પ્રાસંગિક ઉદ્દબોધનમાં મોબાઈલના ડેટાના બદલે પુસ્તકના ડેટાને પણ એક સારા ભારત માતાના બેટા બનીને ન્યાય આપજો તેવો સંદેશ આપેલ. દરેક વિભાગના વિદ્યાર્થીઓ તથા કર્મચારીઓ દ્વારા વિવિધ રમત-ગમતો યોજાઈ. જેમાં પ્રથમ નંબરે આવનારને ઈનામ વિતરણ કરવામાં આવેલ. આ કાર્યક્રમમાં સંસ્થાના પ્રમુખ શ્રી ગિરીશભાઈ શાહ, માનદ મંત્રી શ્રી અશ્વિનભાઈ પંડયા, સહમંત્રી શ્રી અમિતભાઈ, ખજાનચી શ્રી જીતુભાઈ શાહ અને શ્રી રાજુભાઈ હકાણીએ પ્રોત્સાહક હાજરી આપી હતી. કાર્યક્રમના અંતે આભારવિધિ માધ્યમિક શાળાના આચાર્ય શ્રી શૈલેષભાઈ દવેએ કરેલ.

## સાઈલેંન્ટ ઓલમ્પિયાડ-૨૦૨૩ :




તા. ૩ ફેબ્રુ. થી તા. ૫ ફેબ્રુ.'૨૩ દરમિયાન મુંબઈ ખાતે બોમ્બે રાઉન્ડ ટેબલ-૧૯ દ્વારા આયોજિત **સાઈલેંન્ટ ઓલમ્પિયાડ-૨૦૨૩** નું આયોજન બોમ્બે યુનિવર્સિટી ગ્રાઉન્ડ (મરીન લાઈનસ) ખાતે થયેલ. આ એક નેશનલ ઈવેન્ટસ હતી જે ઓલ ઈન્ડિયામાંથી ડેફ બાળકો ત્યાં ભાગ લેવા માટે આવેલ. જેમાં આપણી શાળાના ૨૦ બાળકોએ વિવિધ રમતો, તેમજ ગ્રુપમાં ભાગ લીધેલ જેવી કે લીંબુ ચમચી, કોથળા દોડ, ૫૦મી દોડ, ૧૦૦, ૨૦૦, ૪૦૦ જેવી અને ૪ x ૧૦૦ રીલે દોડ તેમજ ચેસમાં ભાગ લીધેલ અને વિજેતા થયેલ. જેમાં ગોલ્ડ-૨, સિલ્વર-૬, બ્રોન્ઝ-૧ એમ થઈ ટોટલ-૯ મેડલ્સ પ્રાપ્ત કરેલ. તેમજ શિક્ષક દોડમાં આપણી શાળાના રમત શિક્ષક (કોચ) શ્રી સંદિપભાઈ આર. ગોસ્વામીએ પણ ૧૦૦મી. દોડમાં પ્રથમ નંબર (ગોલ્ડ મેડલ) પ્રાપ્ત કરી, સંસ્થાનું નામ રોશન કરેલ. તેમજ આ સિધ્ધિ માટે બાળકો અને કોચને સંસ્થા પરિવાર વતી શુભેચ્છા પાઠવેલ, તેમજ અભિનંદન આપેલ. આમ આ ઈવેન્ટસમાં શ્રી હિતેશભાઈ અને શ્રી વૃંદાબા, આ બંને એ ટીચર મેનેજર તરીકે સાથે રહેલ.

### <u>વિજેતા થયેલ ખેલાડીઓ</u>

૧. હિરલ બારૈયા-૧૫ થી ૧૭ વર્ષ ગ્રુપ - ૪૦૦ મી દોડ - ગોલ્ડ મેડલ, ૪ x ૧૦૦ રેલી - સિલ્વર

૨. તનુશ્રી લક્કડ-૧૫ થી ૧૭ વર્ષ ગ્રુપ - ચેસ - ગોલ્ડ મેડલ

૩. કાજલ સાંખટ-૧૫ થી ૧૭ વર્ષ ગ્રુપ - ૨૦૦ મી દોડ - સિલ્વર, ૪ x ૧૦૦ રેલી-સિલ્વર મેડલ

૪. બંસી પરમાર-૧૫ થી ૧૭ વર્ષ ગ્રુપ - ચેસ - સિલ્વર મેડલ

૫. દિપીકા શિયાળ-૧૫ થી ૧૭ વર્ષ ગ્રુપ - ૪ x ૧૦૦ રેલી - સિલ્વર મેડલ

૬. ધવલ ખેતરીયા-૧૫ થી ૧૭ વર્ષ ગ્રુપ - ૧૦૦ મી દોડ - બ્રોન્ઝ મેડલ

૭. સંદિપભાઈ આર. ગોસ્વામી (કોચ) (સ્પેશ્યલ સિધ્ધિ) - અંડર - ૪૦ ગ્રુપ - ૧૦૦ મી દોડ - ગોલ્ડ મેડલ (શિક્ષક દોડ)

ઉપર મુજબના ખેલાડીઓ અને શિક્ષક વિજેતા થયેલ છે. તેમને ખૂબ ખૂબ અભિનંદન.

## રાષ્ટ્રિય વિજ્ઞાન દિવસની ઉજવણી :



શાળામાં તા. ૨૮ ફેબ્રુ. ૨૩ ના રોજ **રાષ્ટ્રિય વિજ્ઞાન દિવસ** નિમિત્તે શાળામાં નવનિર્માણ પામેલી પ્રયોગ શાળાની નર્સરીથી ધો. ૮ ના

બાળકોએ તેમજ તેમના શિક્ષકોએ મુલાકાત લીધી હતી. તથા બાળકોને પ્રયોગ શાળાનું મહત્વ સમજવા વિજ્ઞાનના જુદા-જુદા પ્રકારો અને ભેદ પ્રત્યક્ષ નિહાળ્યા હતાં. તેમજ અવનવી વિજ્ઞાનની સાઈનોથી અવગત થયા હતાં. આ ઉજવણી ભારતના મહાન વૈજ્ઞાનિક ડૉ. ચંદ્રશેખર વેંકટરમણના સન્માન અને સ્મૃતિમાં, તેમણે કરેલી મહાન શોધ **રમણ ઈફેક્ટ** ના ૨૮ ફેબ્રુઆરી ૧૯૨૮ ના દિવસે સ્વીકારવામાં આવી. એની યાદમાં કરવામાં આવે છે. તેની માહિતી પ્રાર્થનારૂમમાં આપવામાં આવી હતી.

## ગાયત્રી યજ્ઞ :



શાળા ટ્રસ્ટ સંચાલિત પ્રાથમિક શાળાના પટાંગણમાં તા. ૧૧ માર્ચ. ’૨૩ ના રોજ દિવ્ય ગાયત્રી યજ્ઞનું આયોજન કરવામાં આવ્યું હતું. ભારતીય સંસ્કૃતિમાં યજ્ઞનું ખૂબ મહત્વ છે, યજ્ઞ વિચાર શુધ્ધિ અને વાતાવરણને સુંદર બનાવવામાં ખૂબ ઉપયોગી છે. તેનાથી કામ, મોહ, માયા જેવા આંતરિક શત્રુનો નાશ થાય છે. આવા પવિત્ર યજ્ઞ કાર્યમાં સંસ્થાના તમામ વિભાગો અને તેના વડાઓ જોડાયા હતા. તેમજ નર્સરીથી કોલેજ સુધીના વિદ્યાર્થીઓને યજ્ઞમાં આહુતિ આપવાનો લ્હાવો મળ્યો હતો. આ યજ્ઞ કાર્યમાં સંસ્થાના પ્રમુખ શ્રી ગિરીશભાઈ શાહ, માનદ મંત્રી શ્રી અશ્વિનભાઈ પંડયા, ખજાનચી શ્રી જીતુભાઈ શાહ, સહમંત્રી શ્રી અમિતભાઈ, શ્રી આનંદભાઈ તેમજ સંસ્થાના તમામ વિભાગના વડાઓ સહભાગી થયા હતાં. સમગ્ર યજ્ઞનું સંચાલન શ્રી ભગીરથભાઈએ કર્યું હતું. તેમજ યજ્ઞ કાર્યને સુપેરે સંપન્ન કરવામાં પ્રોજેકટ મંત્રી શ્રી ચંદ્રિકાબેન અને શ્રી મનિષાબેને ભારે જહેમત ઉઠાવી હતી.

## સુમિટોમો એથ્લેટિક મીટમાં બહેરાં-મૂંગા બાળકોની અનેરી સિધ્ધિ :

તા. ૨૬ ફેબ્રુ. ’૨૩ ના રોજ **સુમિટોમો એથ્લેટિક મીટ-૨૦૨૨-’૨૩** નું આયોજન સિદસર સ્પોર્ટ્સ કોમ્પલેક્ષ ખાતે થયેલ. જેમાં ભાવનગરની નોર્મલ શાળાઓના બાળકોની સાથે શ્રી શાહ ખી.લ. બહેરાં-મૂંગા શાળાના ૩૦ શ્રવણમંદ બાળકોએ વિવિધ રમતો જેવી કે, ૧૦૦ મીટર દોડ, ૨૦૦ મીટર દોડ, ૪ x ૧૦૦ રિલે દોડ, ગોળા ફેંક, ચક્ર ફેંક, લાંબી કૂદ, બરછી ફેંક વિગેરેમાં સિનીયર તથા જુનિયર કેટેગરીમાં ભાગ લઈ કુલ ૯ સિલ્વર મેડલ અને ૪ બ્રોન્ઝ મેડલ




મેળવીને વિજેતા થયેલ. વિજેતા થઈ મેળવેલ મેડલમાં ૧. વાર્ષિક માલમ, ૨૦૦ મીટર દોડ, સિલ્વર મેડલ, ૨. સંયમ ભજગોતર, ઉતમ પરમાર, યુગ ડબગર, મયુર કલસરિયા, ૪ x ૧૦૦ રિલે દોડ, સિલ્વર મેડલ, ૩. શર્મિલ નાકિયા, ચક્ર ફેંક, સિલ્વર મેડલ, ૪. ઉમંગ કળથિયા, બરછી ફેંક, સિલ્વર મેડલ, ૫. મેમણ મોહમદ, ગોળા ફેંક, સિલ્વર મેડલ, ૬. ઉમંગ કળોતરા, ગોળા ફેંક, સિલ્વર મેડલ, ૭. ધવલ ખેતરિયા, ૧૦૦ મીટર દોડ, બ્રોન્ઝ મેડલ, ૮. યશરાજ અબડા, લાંબીકૂદ, બ્રોન્ઝ મેડલ, ૯. જતીન બાવળિયા, લાંબીકૂદ, બ્રોન્ઝ મેડલ, ૧૦. મહેશ ભાલીયા, ગોળા ફેંક, બ્રોન્ઝ મેડલ પ્રાપ્ત કરી સંસ્થાનું ગૌરવ વધારેલ. તેમની આ સિધ્ધિ બદલ સંસ્થાના ટ્રસ્ટી, મંત્રી તથા આચાર્યશ્રી અને શિક્ષકશ્રીઓએ અભિનંદન પાઠવેલ. આ મીટમાં રમત શિક્ષક શ્રી સંદિપભાઈ ગોસ્વામીએ કોચ તરીકે જહેમત ઉઠાવેલ તેમજ મેનેજર તરીકે શ્રી ચંદ્રિકાબેન પરમાર ગયેલ.

## બધિર દિવ્યાંગો માટે યાદગાર ઓકલેન્ડ વોટર વર્લ્ડમાં ઉજવણી :



પ્રાથમિક અને માધ્યમિક (ધો. ૯-૧૧) ના બાળકો તા. ૧૩ માર્ચ ’૨૩ ના રોજ **ઓકલેન્ડ વોટર વર્લ્ડ** ખાતે વરતેજ ગયા હતાં. જેમાં બાળકોએ વિવિધ રાઈડ્સ, ડાન્સિંગ, ફુવારા, વેઝ વગેરેની ખૂબ મોજ માણી હતી. તેમજ નર્સરીથી ધો. ૩ સુધીના ભૂલકાઓએ સ્વીમિંગ પુલમાં નહાવાનો અવર્ણનીય આનંદ માણ્યો હતો. બપોરે બાળકોએ શીંગ, રેવડી, બોર અને ગરમા ગરમ બટેટા પૈવાનો નાસ્તો કર્યો હતો. વોટર વર્લ્ડની આ સુખદ ક્ષણનો લ્હાવો અપાવવા ઓકલેન્ડ વોટર વર્લ્ડના માલિક શ્રી દિનેશભાઈ સાંગાને વિજ્ઞાનનગરી - પરમાર્થના શ્રી બિપીનભાઈ શાહે વિનંતી કરતા, તેમણે આખા દિવસ

માટે જેની પ્રવેશ ફી રૂ. ૬૦૦/- છે. તેમાં સંસ્થાના ૩૫૦ બાળકોને અને ૫૦ સ્ટાફ એમ કુલ ૪૦૦ વ્યક્તિને વિનામૂલ્યે આ આનંદ લેવાનો અવસર આપ્યો હતો. એવી જ રીતે જ્યારે વાહન વ્યવસ્થાની વાત આવી તો તેમાં શિવસાગર ટ્રાવેલ્સના માલિક શ્રી પાર્થભાઈ રેશમિયાનો વિનામૂલ્યે સહકાર મળ્યો હતો. જેમણે શાળાથી વોટર વર્લ્ડની સફર કરાવવા ત્રણ બસ ફાળવી આપી હતી. તેમજ સમગ્ર વોટર વર્લ્ડના આયોજનમાં સંસ્થાના પ્રમુખશ્રી, મંત્રીશ્રી, ખજાનચીશ્રીના માર્ગદર્શનમાં ઓફિસ સુપ્રિટેન્ડન્ટશ્રી અને આચાર્યશ્રીઓના સંકલનમાં સમગ્ર સ્ટાફે જહેમત ઉઠાવી હતી. નાસ્તા વ્યવસ્થા સંસ્થાના છાત્રાલયમાંથી ગૃહમાતાશ્રી અને રસોયા દ્વારા તૈયાર કરી મોકલવામાં આવેલ હતી.

## ધ્યાન-માર્ગદર્શન કાર્યક્રમ :



તા. ૧ ફેબ્રુ. `૨૩ ના રોજ શાળાના મહાવીર ઓડિટોરીયમમાં **ધ ડિવાઈન લાઈફ સોસાયટી** (દિવ્ય જીવન સંઘ) શિવાનંદ આશ્રમમંત્રીશ્રી ઋષિકેશના યોગાચાર્ય પૂજ્ય. સ્વામી શ્રી ધર્મનિષ્ઠાનંદજી સરસ્વતી પધારેલ. તેઓની સાથે પૂજ્ય. સ્વામી શ્રી ત્યાગવૈરાગ્યાનંદજી સરસ્વતી કે જેઓ ધ ડિવાઈન લાઈફ સોસાયટી હેડ ક્વાટરના ટ્રસ્ટી તથા દિવ્ય જીવન સંઘ ભાવનગર સંસ્થાના ફાઉન્ડર ટ્રસ્ટી તથા અધ્યક્ષ છે, તેઓ પણ પધારેલ. પૂજ્ય સ્વામીશ્રી ધર્મનિષ્ઠાનંદજી સરસ્વતીએ યમ, નિયમ, પ્રાણાયમ, પ્રતિહાર, સમાધી, ધ્યાનનો તબક્કાવાર પરિચય કરાવીને સમાધીના અંતિમચરણમાં પહોંચવાનો માર્ગ પ્રશસ્ત કરેલ. જેમાં હાજર રહેલ સંસ્થાના પ્રમુખ શ્રી ગિરીશભાઈ શાહ, માનદ મંત્રીશ્રી અશ્વિનભાઈ પંડયા તથા અન્ય ટ્રસ્ટીગણ તેમજ શાળા કર્મચારીગણ તમામને ધ્યાન અને સમાધી વિશે સુંદર વકતવ્યનો લાભ મળેલ. ઓમકારના ધ્વનિમાં તલ્લિન થઈ દિવ્ય આનંદની અનુભૂતિ થયેલ. આ કાર્યક્રમમાં સ્વામીશ્રીનું મોમેન્ટો આપી સ્વાગત કરવામાં આવેલ તથા સ્વામીશ્રી દ્વારા શાળા પરિવારના સભ્યોને સુંદર માર્ગદર્શક પુસ્તકોની ભેટ આપેલ.

## સંસ્થા મુલાકાત :

શાળામાં તા. ૯ ફેબ્રુ. `૨૩ ના રોજ ભાવનગરની જાણીતી આર્ટ્સ કોલેજમાંની એક શામળદાસ આર્ટ્સ કોલેજના સેમેસ્ટર-૪ અને સેમેસ્ટર-૫ ના સમાજશાસ્ત્ર વિષયમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ તેઓના અભ્યાસના ભાગરૂપે અને શૈક્ષણિક જ્ઞાનમાં વધારો થાય તે હેતુથી **મુલાકાત** લેવા આવ્યા હતાં. તેઓની સાથે સમાજશાસ્ત્ર વિભાગના પ્રોફેસર ડૉ. શિલ્પાબેન રાજયગુરૂ આવ્યા હતા. તેઓએ પ્રાર્થના પ્રવૃત્તિથી લઈને સંસ્થાના તમામ વિભાગોની મુલાકાત લીધી હતી. તેઓ શાળાની વિવિધ પ્રવૃત્તિઓ નિહાળી ખૂબ ખુશ થયા હતા. અને આટલી સરસ શૈક્ષણિક-બિનશૈક્ષણિક માહિતી આપવા બદલ તેઓએ સંસ્થાના માનદ મંત્રીશ્રી અને સર્વે વિભાગના વડાશ્રીઓનો આભાર વ્યકત કર્યો હતો.

## સ્વસ્થ દાંત-સ્વસ્થ મુસ્કાન :



શાળામાં તા. ૨૧ જાન્યુ. `૨૩ ના રોજ **'સ્વસ્થ દાંત-સ્વસ્થ મુસ્કાન'** કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ભાવનગરના જાણીતા દાંતના રોગોના નિષ્ણાંત ડૉ. કૃતિબેન શાહે (PNR હોસ્પિટલ) દાંતની સ્વસ્થતા, તેમજ બ્રશ કરવાની રીત વિશે સમજાવ્યું હતું. પ્રોજેકટરમાં દાંતની વિડીયો કિલપ બતાવીને સરસ માહિતી આપવામાં આવી હતી. તેમજ દાંતના સ્વાસ્થયને લગતા જુદા-જુદા પ્રશ્નોના જવાબ પણ આપ્યા હતાં. નર્સરીથી ધો. ૧૨ ના બાળકોએ આ માહિતી મેળવી ખૂબ ખુશ થયા હતા. આ કાર્યક્રમમાં સંસ્થાના માનદ મંત્રી શ્રી અશ્વિનભાઈ પંડયા, ખજાનચી શ્રી જીતુભાઈ શાહ, માધ્યમિક શાળાના આચાર્યશ્રી શૈલેષભાઈ, તેમજ પ્રાથમિક શાળાના આચાર્યશ્રી હર્ષાબેને પ્રેરક હાજરી આપી હતી. શાળાના બાળકોને ડેન્ટલ કીટ ભેટ આપવામાં આવી હતી. કાર્યક્રમના અંતમાં આભારવિધિ શ્રી હર્ષાબેને કરી હતી.

## પ્રદેશ ભાજપ પ્રમુખ શ્રી સી. આર. પાટીલના જન્મદિવસની દિવ્યાંગોની સંસ્થામાં ભવ્યતાભેર ઉજવણી :

તા. ૧૬ માર્ચ `૨૩ ના રોજ ભાજપ પ્રદેશ પ્રમુખ શ્રી સી.આર. પાટીલના જન્મદિવસ નિમિત્તે ભાવનગરની દિવ્યાંગ બાળકોની

શાળાઓ શ્રી ખી.લ.બહેરાં-મૂંગા શાળા, શ્રી કે. કે. અંધ ઉદ્યોગ શાળા, શ્રી અંકુર મંદબુધ્ધિવાળા બાળકોની વિશિષ્ટ શાળા અને નટરાજ સેરેબ્રલ પાલ્સીવાળા બાળકોની શાળાના છાત્રવાસી બાળકોને બપોરે મિષ્ટાન ભોજન કરાવવામાં આવેલ. તમામ બાળકોએ સ્વાદિષ્ટ અને મનપસંદ મિષ્ટાન ભોજનની લહેજત માણી અનેરી ખુશી વ્યકત કરેલ. આ નિમિત્તે સુરતના રીઅલ એસ્ટેટ, આહિર સમાજના અગ્રણી ભાજપ પ્રદેશમંત્રી શ્રી રઘુભાઈ હુંબલ સંસ્થાઓમાં ખાસ હાજર રહી, બાળકોને પ્રોત્સાહિત કરેલ.

## તંબોળી કાસ્ટિંગ્ઝ લીમીટેડ દ્વારા વરિષ્ઠ નાગરિકોને વિનામૂલ્યે શ્રવણયંત્ર વિતરણ :



તા. ૧૬ માર્ચ ૈ૨૩ ના રોજ તંબોળી કાસ્ટિંગ્ઝ લિમીટેડ ભાવનગરના સૌજન્યથી જરૂરિયાતમંદ ૬૧ વરિષ્ઠ નાગરિકોને બહેરાં-મૂંગા શાળાના મહાવીર ઓડિટોરિયમમાં શ્રવણયંત્ર વિતરણ કરવામાં આવેલ. આ નિમિત્તે શ્રી વૈભવભાઈ તંબોળી અને પરિવારજનો તથા કંપનીના અધિકારીશ્રીઓ ખાસ ઉપસ્થિત રહી તેમના વરદ હસ્તે શ્રવણયંત્રોનું વિતરણ કરેલ. કાર્યક્રમની શરૂઆત દીપપ્રાગટયથી થયેલ. શ્રી અશ્વિનભાઈ પંડયાએ કાર્યક્રમની વિગત તથા મહેમાનશ્રીઓનો પરિચય આપેલ. શ્રી વૈભવભાઈ તંબોળીએ પ્રાસંગિક ઉદ્દબોધન કરેલ. શ્રવણખાધ ધરાવતા વરિષ્ઠ નાગરિકોને આ શ્રવણયંત્ર વરદાન સ્વરૂપ નિવડયા હતાં. જેમના દ્વારા તેઓની શ્રવણશક્તિ સજાગ થયેલ. બહેરાં મૂંગા શાળાના પ્રમુખ શ્રી ગિરીશભાઈ શાહ, મંત્રીશ્રી અશ્વિનભાઈ પંડયા અને ટ્રસ્ટી મંડળના સભ્યોશ્રીઓ જરૂરિયાતમંદ લોકોને મદદરૂપ થવા તથા માનવતાના સેવા કાર્યમાં માટે હંમેશા તત્પર રહે છે.

## સમગ્ર ગુજરાતના બધિર-દિવ્યાંગો માટે વિનામૂલ્યે પ્રાથમિક શિક્ષણ :

રાજ્ય સરકારશ્રીના સમાજ સુરક્ષા ખાતાની માન્યતા પ્રાપ્ત શ્રી શાહ ખી.લ. બહેરાં મૂંગા શાળામાં બધિર બાળકોને વિનામૂલ્યે પ્રાથમિક શિક્ષણ આપવામાં આવે છે. આગામી જૂન ૨૦૨૩થી શરૂ થનાર શૈક્ષણિક વર્ષમાં ૪ થી ૬ વર્ષના બધિર બાળકોને નર્સરીમાં પ્રવેશ આપવાનું કાર્ય શરૂ છે. ધો. ૧ થી ધો. ૮ માં ઉપલબ્ધતા અનુસાર પ્રવેશ અપાશે. બહારગામના વિદ્યાર્થીઓ માટે જગ્યાની ઉપલબ્ધતા અનુસાર છાત્રાલયમાં પ્રવેશ અપાશે. પ્રવેશ માટે તા. ૧૭-૧૮ એપ્રિલ સોમવાર-મંગળવાર, સમય ૧૨ થી ૫ કલાક દરમ્યાન તમામ ડોકયુમેન્ટ લઈ, બાળક સાથે આવવું.

# PNR મુંબઈ ઓફિસ પ્રવૃત્તિ

પી.એન.આર. સોસાયટીની મુંબઈ સ્થિત ઓફિસના ટ્રસ્ટીઓની એક મિટીંગ ઓરીએન્ટ કલબ, મુંબઈ ખાતે તા. ૨૭ ફેબ્રુ. ૈ૨૩ ના રોજ મળેલ. જેમાં શ્રી નરેન્દ્રભાઈ કે. શાહ, શ્રી પ્રકાશભાઈ એન. દેસાઈ, શ્રી હર્ષદભાઈ શેઠ, શ્રી કીર્તિભાઈ સંઘવી, શ્રી જીતુભાઈ શાહ, શ્રી કૃષ્ણકાંતભાઈ ચિત્તલિયા, શ્રી વામનભાઈ પારેખ, શ્રી હરેનભાઈ સંઘવી અને શ્રી હિતેનભાઈ દલાલ વિ. હાજર રહેલ. સ્વાગત પ્રવચન કરતા શ્રી પ્રકાશભાઈ દેસાઈએ પી.એન. આર. સોસાયટીના વાર્ષિક સમારંભનો ઉલ્લેખ કરી જણાવ્યું હતું કે સમારંભમાં ખૂબ જ બહોળા પ્રમાણમાં મુંબઈ સ્થિત મહેમાનો હાજર રહેલ અને તેની ઐતિહાસિક સફળતા બાબત ગૌરવથી વર્ણવેલ. શ્રી નરેન્દ્રભાઈ શાહે, ૭૦ મહેમાનોને કે. એન. શાહ હાઈટેક સ્કૂલના ઉદ્દઘાટન માટે નિમંત્રેલ. આ મહેમાનોએ ૧૯ ફેબ્રુઆરી-૨૦૨૩માં જાહેર થયેલ દાનો રૂા. ૪૧ લાખ પૈકી રૂા. ૨૫ લાખ તેઓ તરફથી મળેલ તેમ જણાવ્યું. દરેક ટ્રસ્ટીઓએ આ કાર્યને પ્રશસ્ય ગણી વધાવ્યું. આ સાથે શ્રી નરેન્દ્રભાઈએ સંસ્થાની નટરાજ સી.પી. સ્કૂલ ઉપર બે માળ લેવા અન્વયે રૂા. ૪ કરોડનું દાન જાહેર કરેલ તેને પણ ટ્રસ્ટીઓએ બિરદાવેલ. ટ્રસ્ટી શ્રી કૃષ્ણકાંત-ભાઈ ચિત્તલિયાએ શ્રી નરેન્દ્રભાઈને પુષ્પગુચ્છ અર્પણ કરીને તેમના પી.એન. આર. સંસ્થાના વિકાસ માટે અદ્દભૂત સહકાર બદલ આભાર વ્યકત કરેલ.


શ્રી પ્રકાશભાઈ

આ મિટીંગમાં સંસ્થાના નવા પ્રોજેકટ માટે વિસ્તૃત ચર્ચા કરાયેલ. શ્રી હર્ષદભાઈ શેઠે કોર્પસ ફંડ વધારવા, તેમજ ટીચર્સ સેલેરી જેવા પેકેજ કરવા સૂચન કરેલ. સાથે-સાથે કેવી રીતે કોર્પસ ફંડ વધારવું, તે બાબત પણ ચિંતન થયેલ. છેલ્લે મુંબઈમાં જાગૃતતા તથા સહાય માટે સમારંભ યોજવા ચર્ચા થયેલ. હાલ કોઈ મોટા પ્રોજેકટ ન હોય આ બાબત ફરીથી વિચારણા કરવા સહમતિ સધાયેલ. સાથે સાથે જે કંઈ દાન મુંબઈ સમારંભ માટે આવેલ હોય, તેને સંસ્થાના કોર્પસ ફંડમાં જમા કરવા નિર્ણય કરાયેલ.

શ્રી પ્રકાશભાઈ દેસાઈના આભાર દર્શન સાથે મુંબઈ કમિટીની મિટીંગની પૂર્ણાહુતિ થયેલ.



# શ્રીમતી મહાલક્ષ્મીબેન અને શ્રી જગન્નાથ એ. મહેતા શ્રવણમંદોની માધ્યમિક અને ઉ. મા. શાળા

✍ જ્યોતિ ભટ્ટી



## 'પરીક્ષા પે ચર્ચા-૨૦૨૩' :

માનનીય વડાપ્રધાનશ્રીના **'પરીક્ષા પે ચર્ચા-૨૦૨૩'** કાર્યક્રમ અન્વયે માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક વિભાગમાં **ચિત્ર સ્પર્ધા**નું આયોજન કરવામાં આવેલ. જેમાં ધો. ૯ માં પ્રથમ ત્રણ વિદ્યાર્થીઓ ૧. વાળા વિવેક એ., ૨. વાણિયા જીજ્ઞા એચ. અને ૩. માંગુકિયા વિધિ પી. તથા ધો. ૧૧ માં પ્રથમ બે વિદ્યાર્થીઓ ૧. પરમાર બંસી આર. અને ૨. પડાળિયા હર્ષિલ સી. કેન્દ્રિય વિદ્યાલય, ભાવનગર - પરા ખાતે શહેર કક્ષાની **'પરીક્ષા પે ચર્ચા'** થીમ આધારિત ચિત્ર સ્પર્ધામાં સામાન્ય વિદ્યાર્થીઓ સાથે જોડાયેલ. આ સાથે તેઓને પુસ્તક અને સર્ટિફીકેટ આપવામાં આવેલ. સ્પર્ધા અંગેનું માર્ગદર્શન આચાર્ય શ્રી શૈલેષભાઈ દ્વારા આપવામાં આવ્યું હતું. તેમજ સમગ્ર કાર્યવાહી ચિત્ર શિક્ષકા શ્રી ઉજ્જવલાબહેન વ્યાસ દ્વારા કરવામાં આવી હતી.

## ફિલ્મ 'કચ્છ એક્સપ્રેસ' :

શ્રી ખી.લ. બહેરાં મૂંગા શાળા-ટ્રસ્ટ, તેમજ શ્રીમતી મહાલક્ષ્મીબહેન અને શ્રી જગન્નાથ એ. મહેતા શ્રવણમંદોની માધ્યમિક અને ઉચ્ચતર માધ્યિમક શાળાના શ્રવણમંદ બાળકોને તા. ૫ ફેબ્રુ. ના રોજ ભાવનગરના EP સિનેમા ઘરમાં **'કચ્છ એક્સપ્રેસ'** ફિલ્મનો પ્રથમ પ્રયોગ દર્શાવવામાં આવ્યો. જેમાં ભાવનગરના પ્રસિધ્ધ જ્વેલર્સ તનિષ્ક શો રૂમના માલિક શ્રી મુકેશભાઈ જોધવાણી, દિવ્યાંગોને પગભર કરવા સેવાયજ્ઞ ચલાવતા માઈક્રોસાઈન કંપનીના માલિક શ્રી નિશીથભાઈ મહેતા, ભાવનગરના પૂર્વ મેયર અને EP સિનેમા ઘરના CEO શ્રી મેહુલભાઈ વડોદરિયા, મેનેજર શ્રી પંકજભાઈ રાઠોડ, પત્રકાર શ્રી રાજેશભાઈ જોષી વગેરેના સૌજન્યથી વિદ્યાર્થીઓને આ ફિલ્મ માણવાનું સૌભાગ્ય પ્રાપ્ત થયું. સંસ્થાના માનદ મંત્રી અશ્વિનભાઈ પંડયા, ખજાનચી શ્રી જીતુભાઈ શાહ, પ્રાથમિક શાળાના આચાર્યશ્રી હર્ષાબેન, માધ્યમિક શાળાના આચાર્ય શ્રી શૈલેષભાઈ દવે વગેરે ઉપસ્થિત રહ્યા હતાં. શ્રવણમંદ બાળકોને ફિલ્મના સંવાદો, ગીતો વગેરે સાંભળવાનુ, સમજવાનુ ખૂબ મુશ્કેલ બને છે. આથી ફિલ્મના પડદાની સાઈડમાં તે સાઈન દ્વારા હાથના ઈશારા, યોગ્ય હાવભાવ પ્રોપર બોડી લેંગ્વેજ દ્વારા દર્શાવી સમજાવવામાં આવ્યું હતું. ભાવનગરમાં આ ફિલ્મનો પ્રથમ સાઈન મુવી શો રિલીઝ થયો. દાતાશ્રીઓ તરફથી વિદ્યાર્થીઓને સમોસા અને કોલ્ડ્રિંક્સ આપવામાં આવેલ. વિદ્યાર્થીઓએ મન ભરીને ફિલ્મની મોજ માણી હતી.

## વાલી મિટીંગ :



માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળામાં તા. ૨૦ ફેબ્રુ. ૨૩ ના રોજ ધો. ૧૦ અને ધો. ૧૨ ના વિદ્યાર્થીઓ માટે પ્રિલિમનરી પરીક્ષાના પરીણામ અંગે વાલીઓને અવગત કરવા, તેમજ વિદ્યાર્થીઓને બોર્ડની પરીક્ષા માટે પધ્ધતિસર તૈયારી કરવા માટેની શૈક્ષણિક મિટીંગનું આયોજન કરવામાં આવેલ. મુખ્ય મહેમાન પદે શ્રી લાલજીભાઈ ધાંધલ્યા (આચાર્ય, શ્રી વિશુધ્ધાનંદ વિદ્યાલય) તેમજ શ્રી નિલેશભાઈ વ્યાસ (આચાર્યશ્રી, નૂતન વિદ્યાલય), પધારેલ. સંસ્થાના મંત્રીશ્રી અશ્વિનભાઈ પંડયા, માધ્યમિક શાળાના આચાર્ય શ્રી શૈલેષભાઈ દવે, શ્રી સૂર્યકાન્તભાઈ, શ્રી સ્નેહાબેન, શ્રી વિપુલભાઈ વગેરે હોદ્દેદારો તથા વાલીઓ વિગેરે ઉપસ્થિત રહેલ. શ્રી લાલજીભાઈએ વિદ્યાર્થીઓને દ્રઢિકરણ કરવા, તેમજ નિર્ભિકપણે પરીક્ષા આપવા જણાવ્યું હતું. શ્રી નિલેશભાઈએ અનેક ઉદાહરણો દ્વારા વિદ્યાર્થીઓને આત્મવિશ્વાસથી હેતુપૂર્વક તૈયારી કરવા જણાવ્યું હતું. મંત્રીશ્રીએ વિદ્યાર્થીઓને ટેકનોલોજી ઉપયોગ અંગે વાત કરેલ. આચાર્યશ્રીએ પૌરાણિક વાર્તા દ્વારા સત્ય અને પ્રમાણિકતા અંગે બોધદાયક માહિતી આપેલ. દરેક વાલીઓને દરેક વિષયના પેપર બતાવી, વ્યક્તિગત રીતે પરીણામ વિશે જાણ કરી, વિદ્યાર્થીઓના પ્રોગ્રેસ અંગે ચર્ચા કરવામાં આવેલ. ઉપસ્થિત સહુએ વિદ્યાર્થીઓને પરીક્ષામાં સફળતા માટે શુભેચ્છાઓ પાઠવેલ. સમગ્ર કાર્યક્રમનું સંકલન શ્રી વિશ્વાબેન દ્વારા કરવામાં આવ્યું, તેમજ સાઈન દ્વારા શ્રી ભરતભાઈ, શ્રી વિરેન્દ્રભાઈ તથા શ્રી જયોતિબેન બારૈયા દ્વારા ઈન્ટરપ્રિટ કરવામાં આવ્યું.

## વિશ્વ માતૃભાષા દિવસ :

માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળામાં તા. ૨૧ ફેબ્રુ. ૨૩ ના **વિશ્વ માતૃભાષા દિવસ**ની ઉજવણી કરવામાં આવી. સૌ પ્રથમ આ

દિવસ આપણે શા માટે ઉજવીએ છીએ ? તે દરેક વિદ્યાર્થીઓને પૂછવામાં આવતા ધો. ૧૨ ના વિદ્યાર્થીએ સાઈન દ્વારા સરસ, સાચો ઉત્તર આપેલ. ત્યારબાદ શાળાના શિક્ષકો દ્વારા આપણી માતૃભાષામાં ગૌરવ સમા ચિંતકો, કવિ-લેખકોને યાદ કરી સમૃધ્ધ ગુજરાતી ભાષાના ઉપયોગ અંગે જણાવવામાં આવ્યું. ''જ્યાં જ્યાં વસે એક ગુજરાતી, ત્યાં સદાકાળ ગુજરાત.'' ગુજરાતી ભાષાને આપણી **મા** ગણવામાં આવી છે. આપણી માતૃભાષા આપણે સરળતાથી, આત્મવિશ્વાસથી બોલી શકીએ છીએ. આ સમજ શાળાના શ્રવણમંદ વિદ્યાર્થીઓને આપવામાં આવી. સાથે-સાથે શ્રવણમંદ બાળકો કે જેઓ જન્મથી જ પોતાના વિચારો, લાગણીઓ, માગણીઓ, સંવેદનાઓની અભિવ્યક્તિ માટે સાઈનનો જ ઉપયોગ કરતા હોય છે. આથી તેઓ માટે માતૃભાષા સાઈન લેંગ્વેજ ગણવામાં આવે છે. શિક્ષકોએ માતૃભાષા અંગે વિદ્યાર્થીઓને પ્રેરક માહિતી આપેલ. સમગ્ર કાર્યક્રમનું સંચાલન શ્રી વિશ્વાબહેન દ્વારા કરવામાં આવ્યું.

## વિજ્ઞાન સપ્તાહની ઉજવણી :




વિજ્ઞાન સપ્તાહની ઉજવણી નિમિત્તે માધ્યમિક શાળાના ધો. ૯ અને ધો. ૧૦ ના વિદ્યાર્થીઓ તા. ૨૪ ફેબ્રુ.`૨૩ ના રોજ **વિજ્ઞાનનગરી**ની મુલાકાતે ગયા હતાં. જ્યાં તેમણે વિવિધ લેબોરેટરીની મુલાકાત લઈને ગાણિતિક પ્રયોગો કર્યાં. ફિઝીકસ, કેમેસ્ટ્રી તથા બાયોલોજી લેબમાં વિવિધ પ્રાયોગિક પ્રદર્શન પ્રત્યક્ષ નિહાળ્યું. 3D ફિલ્મ જોવાનો આનંદ માણ્યો, શિક્ષકોએ વિવિધ ચાર્ટ તથા ત્યાંના વિભાગીય નિષ્ણાંતોએ આપેલી ઉપયોગી માહિતી સાઈન દ્વારા વિદ્યાર્થીઓને સમજાવેલ. શાળાના કો-ઓર્ડિનેટર શ્રી ચેતનાબહેન કોઠારીએ શિક્ષકો અને વિદ્યાર્થીઓને ખૂબ સહકાર આપી, તમામ માહિતી તેમની દેખરેખ હેઠળ અપાવી. વિદ્યાર્થીઓ માટે વિજ્ઞાનનગરીની મુલાકાત જ્ઞાનવર્ધક અને યાદગાર બની રહી. વિજ્ઞાનગરીમાં શીખેલા પ્રયોગો તેમણે શાળાની વિજ્ઞાન લેબમાં જાતે કરી, મેળવેલ જ્ઞાનનો પ્રત્યક્ષ સ્વયં પ્રાયોગિક અનુભવ પણ મેળવ્યો હતો.

## વિદાય સમારંભ :

માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળામાં તા. ૨ માર્ચ`૨૩ ના રોજ ધો. ૧૦ અને ધો. ૧૨ ના વિદ્યાર્થીઓનો વિદાય સમારંભ યોજવામાં આવેલ. જેમાં વાલીઓ પણ ઉત્સાહપૂર્વક જોડાયેલ. સંસ્થાના માનદ મંત્રી શ્રી અશ્વિનભાઈ, માધ્યમિક શાળાના આચાર્યશ્રી શૈલેષભાઈ, શ્રી મિતાબેન, શ્રી બિન્દીબેન, શ્રી સ્નેહાબેન વગેરે હોદ્દેદારો ઉપસ્થિત



રહેલ. પ્રાર્થના અને સ્વાગત બાદ વિદ્યાર્થીઓએ શાળાના અભ્યાસક્રમ દરમ્યાનના પ્રતિભાવ જણાવેલ. તેઓએ ખૂબ જ સારું શિક્ષણ, ઉચ્ચ સંસ્કાર અને જ્ઞાન પ્રાપ્ત કરેલ છે તેમ જણાવેલ. બાદમાં શિક્ષક શ્રી વિરેન્દ્રભાઈ, તેમજ શ્રી મુકેશભાઈએ પોતાના વિદ્યાર્થીઓ સાથેના અનુભવ સાથે પ્રતિભાવો રજૂ કરેલ. આ વિદ્યાર્થીઓની રમત-ગમત પ્રવૃત્તિ વિશે અહેવાલ રમત શિક્ષકશ્રી સંદિપભાઈએ રજૂ કરેલ. જેમાં તેઓએ વિદ્યાર્થીઓએ મેળવેલ નંબર, મેડલ વગેરે વિશે જણાવેલ. વાલીઓએ ગદગદિત થઈ પ્રતિભાવ આપતા જણાવ્યું હતું કે 'અમે આ શાળામાં બાળકોને ભણાવ્યાં તે અમારી નસીબદારી છે. અહીં તેઓને ખૂબ જ સરસ શિક્ષણ, તેમજ તમામક્ષેત્ર વિશે જ્ઞાન મળેલ છે. તેમજ સંસ્થાની દરેક સુવિધાઓ ઉત્કૃષ્ટ છે.' માનદ મંત્રી શ્રી અશ્વિનભાઈએ દરેક વિદ્યાર્થીઓને મહેનત કરી સારું પરિણામ લાવવા માટે પ્રેરકબળ પૂરું પાડેલ. સમગ્ર કાર્યક્રમ દરમ્યાન સાઈન દ્વારા ઈન્ટરપ્રિટ કરવામાં આવેલ. અંતમાં આભારવિધિ શ્રી જયોતિબેન ભટ્ટી દ્વારા કરવામાં આવી. તેમજ સમગ્ર સંચાલન શ્રીધ્રુવિબેન દ્વારા કરવામાં આવ્યું.

## જોબ પ્લેસમેન્ટ ફેર :



માધ્યમિક શાળામાં તા. ૨ માર્ચ`૨૩ ગુરૂવારના રોજ **જોબ પ્લેસમેન્ટ ફેર**નું આયોજન કરવામાં આવેલ. જેમાં ભાવનગરની પ્રખ્યાત કંપનીઓના CEO, તેમજ વિવિધ સામાજિક સંસ્થાના અધિકારીશ્રીઓ, કોર્પોરેટ અધિકારીશ્રીઓ ઉપસ્થિત રહીને ધો. ૧૦ અને ધો. ૧૨ના કુલ ૮૧ વિદ્યાર્થીઓમાંથી ૫૦ જેટલા શ્રવણમંદ વિદ્યાર્થીઓને નોકરી માટે પસંદ કરવામાં આવેલ. આ જોબ પ્લેસમેન્ટ ફેરમાં ધો. ૧૦ અને ધો. ૧૨ ના વિદ્યાર્થીઓ અને વાલીઓ બંનેને સાથે જ હાજર રાખવામાં આવેલ. જેથી ત્વરિત નિર્ણય થઈ શકે. આ કાર્યક્રમનું આયોજન સંસ્થાના મંત્રી શ્રી અશ્વિનભાઈ પંડયાએ કરેલ, તેમજ સફળ બનાવવા માટે માધ્યમિક શાળાના આચાર્ય શ્રી શૈલેષભાઈ દવે અને તમામ શિક્ષકોએ જહેમત ઉઠાવેલ.



# શ્રી શાહ કે. એલ. ઈન્સ્ટિટયૂટ ફોર ધ ડેફ - ટ્રસ્ટ સંચાલિત
# શ્રી કે. કે. અજમેરા ટિચર્સ ટ્રેનિંગ કૉલેજ
## (હિયરિંગ ઈમ્પાયર્ડ)

✍ ડો. સંતોષ યાદવ



### વિઝીટિંગ એક્સપર્ટ :

કોલેજના પ્રિન્સિપાલ ડૉ. સંતોષભાઈ યાદવને તા. ૨૧ જાન્યુ.`૨૩ ના રોજ કે.સી.પી. કોલેજ ઉદયપુર અને તા. ૩૦ જાન્યુ.`૨૩ ના રોજ હર્શું અડવાણી કોલેજ, સ્પે. એજ્યુ. ચેમ્બુર મુંબઈમાં વિઝીટિંગ એક્સપર્ટ તરીકેની કામગીરી સોંપવામાં આવેલ.

### બી. એડ. અને ડી. એડ. સ્પે. એજ્યુ. (એચ.આઈ.) ની મંજુરી :

બી.એડ. સ્પે. એજ્યુ. અને ડી. એડ. સ્પે. એજ્યુ. (એચ.આઈ.) ના અભ્યાસ માટે આર.સી.આઈ. દ્વારા મંજુરી લેવામાં આવે છે. જેની મુદ્દત પૂર્ણ થતાં આર.સી.આઈ. દ્વારા હવે પછીના પાંચ વર્ષ ૨૦૨૩-`૨૪ થી ૨૦૨૭-`૨૮ ની મંજુરી આપવામાં આવેલ છે.

### વિશ્વ માતૃભાષા દિવસ :



તા. ૨૧ ફેબ્રુ.`૨૩ **વિશ્વ માતૃભાષા દિવસ**ના રોજ શિક્ષકો દ્વારા માતૃભાષાનું મહત્વ સમજાવવામાં આવેલ અને ત્યારબાદ એક વકૃત્વ સ્પર્ધા યોજવામાં આવેલ. જેમાં તાલીમાર્થીઓએ માતૃભાષા વિશે વકતવ્ય આપેલ.

### વર્લ્ડ હીયરીંગ ડે :



કોલેજમાં ત્રીજી માર્ચના રોજ **વર્લ્ડ હીયરીંગ દિવસ**ની ઉજવણી કરવામાં આવેલ. જેમાં તાલીમાર્થીઓને હીયરીંગનું મહત્વ સમજાવવામાં આવ્યું હતું. ત્યારબાદ શિક્ષકો અને તાલીમાર્થીઓ વચ્ચે હીયરીંગના ફાયદાઓ અને ઉપયોગિતા વિશે ચર્ચા કરવામાં અવેલ.

### ધૂળેટી પર્વની ઉજવણી :



તા. ૪ માર્ચ`૨૩ ના રોજ કોલેજમાં **ધૂળેટી પર્વ**ની ઉજવણી કરવામાં આવેલ. જેમાં શિક્ષકો અને તાલીમાર્થીઓ દ્વારા અલગ-અલગ રંગોથી એકબીજાને રંગવામાં આવેલ.

### સાયન્સ પખવાડિયા ઉજવણી :



તા. ૨૨ ફેબ્રુ.`૨૩ થી તા. ૨૮ ફેબ્રુ.`૨૩ દરમ્યાન બળવંતરાય મહેતા વિજ્ઞાન નગરીમાં **સાયન્સ પખવાડિયા** ઉજવણી નિમિત્તે કોલેજના બી.એડ. સ્પે. એજ્યુકેશન (એચ.આઈ) ના તાલીમાર્થીઓ દ્વારા વોલિન્ટીયર તરીકે કામગીરી કરવામાં આવેલ. જેમાં તેઓએ વિઝિટમાં આવતા વિદ્યાર્થીઓને વિજ્ઞાનના અલગ-અલગ મોડેલ વિશે વિસ્તૃત માહિતી આપી હતી. તેમજ વિજ્ઞાન નગરીના તમામ સ્ટાફ તરફથી પણ સારો પ્રતિસાદ મળ્યો હતો અને તાલીમાર્થીઓને કામગીરી બદલ બિરદાવવામાં આવેલ.

### સેમિનાર આયોજન :

તા. ૧૧ માર્ચ `૨૩ ના રોજ "Indian Institute of Teacher Education" ગાંધીનગર દ્વારા "NEP-2020 - EQUITABLE AND INCLUSIVE EDUCATION MAINSTREAM TEACHERS" પર એક સેમિનાર યોજાયેલ, જેમાં સંસ્થાની ટીચર્સ ટ્રેનિંગ કોલેજના પ્રિન્સિપાલ ડૉ. સંતોષ યાદવે "REMOVING PHYSICAL ATTTUDINAL BARRIERS" ટોપીક ઉપર લેકચર લીધેલ.

**કોલેજ દ્વારા વિવિધ રિસર્ચ પેપર પબ્લિકેશન, પ્રેઝન્ટેશન તેમજ વિવિધ સેમિનારોનું આયોજન કરવામાં આવેલ હતું.**



સ્વ. ચંદાબહેન

## શ્રીમતી ચંદાબહેન મોહનભાઈ પટેલ છાત્રાલય
## તથા
## શ્રી શાહ ખી. લ. બહેરાં મૂંગા શાળા મહેતા છાત્રાલય



✍ સ્નેહાબેન જોષી

◈ તા. ૫ ફેબ્રુ.`૨૩ ના રોજ નટરાજ કેમ્પસમાં **રોટલા ગ્રુપ** દ્વારા બાળકોને જમ્પિંગ તથા જુદી-જુદી ગેમ્સ રમાડેલ તથા બાળકોને નાસ્તો તેમજ સાંજનું ભોજન કરાવેલ. બાળકોએ ખૂબ જ આનંદ કરેલ. ગેમ્સ રમાડી બાળકોને ગિફટ પણ આપવામાં આવી હતી. રોટલા ગ્રુપ તે મિત્રોનું ગ્રુપ છે, જે અવાર-નવાર દિવ્યાંગ બાળકોને જાદુગરના ખેલ, તેમજ બાળકોને ગમે તેવી પ્રવૃત્તિઓ કરાવી ભોજન કરાવતા હોય છે.

◈ તા. ૮ માર્ચ.`૨૩ ના રોજ ધૂળેટી નિમિત્તે છાત્રાલયના બધાજ બાળકોને ગુલાલ અને પીચકારીથી રમાડેલ તથા ખૂબજ આનંદ કરાવેલ. તથા મિષ્ટાન અને ફરસાણથી ભોજન કરાવેલ.

◈ ધો. ૧૦ તથા ધો. ૧૨ ના વિદ્યાર્થી / વિદ્યાર્થીનીઓને, મંત્રી શ્રી અશ્વિનભાઈ પંડયા, શ્રી અમિતભાઈ શાહ તથા ચેરમેન શ્રી મીતાબેન ઓઝાએ તથા છાત્રાલયના ગૃહમાતાઓએ મોં મીઠું કરાવી, ખૂબ-ખૂબ શુભેચ્છા પાઠવેલ.



## શ્રીમતી પ્રભાકુંવરબહેન રતિલાલ વાઘર
## કૃત્રિમ સાધન સહાય વર્કશોપ



✍ વિપુલ જેઠવા

◈ માહે જાન્યુ. માસમાં લોકલ લેવલે કુલ ૨૧૦ જેટલા લાભાર્થીઓને તપાસવામાં આવેલ છે. જેમાંથી આશરે ૩૧૧ જેટલા જુદા-જુદા સાધનો જેવા કે, આખા પગ-૦૨, અડધા પગ-૦૩, ની-બ્રેસ-૧૭૯, હેન્ડ સ્પીલન્ટ-૦૬, નાઈટ સ્પીલન્ટ-૦૨, સ્પાઈનલ ઓર્થોસિસ-૨૩, કેલિપર-૦૯, એ.એફ.ઓ.-૧૪, પ્લાસ્ટિક ઓર્થોસિસ-૨૧, ઓર્થોશુઝ-૦૪ જોડી તથા ૪૮ જુદા જુદા સાધનો જેવા કે, વાલગસ પેડ, એલ.એસ. બેલ્ટ, રીપેરિંગ કામ વિગેરે પૂરાં પાડવામાં આવેલ હતાં. તેમજ જરૂરિયાતમંદ દર્દીઓને સર્વાઈકલ કોલર, ફકત ટોકન પેમેન્ટથી પૂરૂં પાડવામાં આવેલ.

◈ લોકલ લેવલે માહે જાન્યુઆરી ૨૩ માં સંસ્થામાં ગત માસે કૃત્રિમ હાથ-પગનો કેમ્પ ડૉ. નાયક દ્વારા, ભીલાઈ (છત્તીસગઢ) મુકામે યોજાયેલ. જેમાં ૬૭ લાભાર્થીઓને ૪૦ આખા પગ અને ૩૧ લાભાર્થીઓને અડધા પગ પૂરાં પાડવામાં આવેલ હતાં.

◈ સંસ્થાના સિનિયર ડૉ. નાયક તથા હાલના પી. એન્ડ ઓ. શ્રી વિપુલભાઈ દ્વારા માહે જાન્યુઆરી માસમાં અંબાજી, બેંગ્લોર, શીમોગા, શીરસી, પુના, મુંબઈ તથા ધનસુરા મુકામે ની-બ્રેસ કેમ્પ યોજાયેલ. જેમાં ૫૬૪ જેટલી ની-બ્રેસ બનાવેલ .

◈ માહે ફેબ્રુઆરી માસમાં લોકલ લેવલે કુલ ૧૯૫ જેટલા લાભાર્થીઓને તપાસવામાં આવેલ છે. જેમાંથી આશરે ૨૮૯ જેટલા જુદા-જુદા સાધનો જેવા કે, આખા પગ-૦૨, અડધા પગ-૦૪, ની-બ્રેસ-૧૯૧, હેન્ડ સ્પીલન્ટ-૦૪, સ્પાઈનલ ઓર્થોસિસ-૦૮, કેલિપર-૦૯, એ.એફ.ઓ.-૧૧, પ્લાસ્ટિક ઓર્થોસિસ-૦૬, ઓર્થોશુઝ-૦૫ જોડી તથા ૪૯ જુદા જુદા સાધનો જેવા કે, વાલગસ પેડ, એલ.એસ. બેલ્ટ, રીપેરિંગ કામ વિગેરે પૂરાં પાડવામાં આવેલ હતાં. તેમજ જરૂરિયાતમંદ દર્દીઓને સર્વાઈકલ કોલર, ફકત ટોકન પેમેન્ટથી પૂરૂં પાડવામાં આવેલ.

◈ માહે ફેબ્રુઆરી `૨૩ માં સંસ્થામાં ગત માસે કૃત્રિમ હાથ-પગનો કેમ્પ ડૉ. નાયક દ્વારા, ભીલાઈ (છત્તીસગઢ) મુકામે યોજાયેલ. જેમાં ૭૬ લાભાર્થીઓને ૩૭ આખા પગ અને ૪૦ લાભાર્થીઓને અડધા પગ પૂરાં પાડવામાં આવેલ હતાં. ઉપરાંત વિપુલભાઈ જેઠવા દ્વારા જામનગર મુકામે ૧૦૦ લાભાર્થીઓને ૪૪ આખા પગ અને ૫૬ અડધા પગ પૂરાં પાડવામાં આવેલ હતાં.

◈ સંસ્થાના સિનિયર ડૉ. નાયક તથા હાલના પી. એન્ડ ઓ. શ્રી વિપુલભાઈ દ્વારા માહે ફેબ્રુઆરી માસમાં જલંધર, ચેન્નઈ, કોઈમ્બતુર તથા મુંબઈ મુકામે ની-બ્રેસ કેમ્પ યોજાયેલ. જેમાં ૩૮૨ જેટલી ની-બ્રેસ બનાવેલ હતી.

### કૃત્રિમ હાથ પગનો કેમ્પ :

શ્રીમતી પી.આર. વાઘર વર્કશોપ ૫૧, વિદ્યાનગર, ભાવનગરમાં તા. ૧૬ માર્ચના રોજ શ્રી અલંગ ઓટો એન્ડ જનરલ એન્જિનિયરીંગ પ્રા. લિ. દ્વારા કુલ ૧૩ દિવ્યાંગ વ્યક્તિને પસંદ કરીને કુલ ૧૪ કૃત્રિમ પગ, વર્કશોપમાં કેમ્પ યોજી ત્યાં પૂરાં પાડવામાં આવેલ હતાં. જેમાં આખા પગ-૬, અડધા પગ-૮ એમ કુલ ૧૪ સાધનો દાતાશ્રી તરફથી પૂરાં પાડવામાં આવેલ છે. જેના લાભાર્થીઓ ભાવનગર,

સુરેન્દ્રનગર, જામનગર, ગીર સોમનાથ તથા સુરતથી આવેલ હતાં. જેમાં દિવ્યાંગોને સાધનો પહેરાવી પ્રથમ વખત જ ચલાવવામાં આવેલ હતાં અને દરેક લાભાર્થીઓએ મળેલા સાધનો માટે ખૂબજ આભારની લાગણી વ્યક્ત કરી હતી. તેઓમાંથી એક શ્રી ભૂપતભાઈ ચૌહાણ (ભાવનગર) હીરા ઘસવાનું કામ કરી પોતાનું ગુજરાન ચલાવતા હતાં. જેઓને ૨૦૦૬ ના રેલ્વેના અકસ્માતમાં બંને પગ ઘુંટણથી નીચેના કપાઈ ગયેલ હતાં. આજરોજ તેઓને બંને કૃત્રિમ પગ ફીટ કરી આપેલ છે. અને તેઓ આ પગ વડે વ્યવસ્થિત ચાલી શકે છે અને હવેથી પોતાનું કાર્ય કરી શકશે. તેઓએ ખૂબ જ આભારની લાગણી વ્યકત કરેલ છે. બીજા લાભાર્થી શ્રી કાળુભાઈ મનજીભાઈ વાટવાસિયા કે જેઓ અવાણિયાના રહેવાસી છે. ૪૬ વર્ષની જ તેમની ઉંમર છે. જેઓને ડાયાબિટીસનો વ્યાધી હોવાથી તેમનો જમણો પગ ઘુંટણથી ઉપરથી કપાવવો પડેલ હતો. આજરોજ પ્રથમ વખત જ તેમને કૃત્રિમ પગ ફીટ કરી આપેલ છે. આ કૃત્રિમ પગથી તેઓ રોજિંદા કામ કરી શકશે. ઉપરાંત તેઓ કડિયાકામ કરતા હતા, તો તેમાં પણ તેઓ સામાન્ય સુપરવિઝન કરી પોતાના આર્થિક નિર્વાહ કરી શકશે.




## PNR માં વકતૃત્વ કળા ખીલવાનો સેમિનાર



PNR સોસાયટી, ભાવનગરના ઓડિટોરિયમ માં તા. ૧૭ માર્ચ `૨૩ અને ૨૧ માર્ચ `૨૩ ના રોજ સંસ્થાના માનદ મંત્રી અને રાષ્ટ્રપતિ દ્વારા સન્માનિત શિક્ષક શ્રી કિરીટભાઈ રાઠોડ, જેમણે ડાયસ પર જ ૩૩ વર્ષ ઉ.મા. વિભાગમાં પસાર કર્યા છે, તેઓએ **આદર્શ વકતૃત્વકળા** અંગે, થિયરી અને પ્રેકટીકલ દ્વારા વિદ્યાર્થીઓના મનમાંથી સ્ટેજ ફિયર દૂર કરી, આદર્શ વકતા બનવા માટે જરૂરી એવુ વિષયનું જ્ઞાન, રજૂઆતશૈલી, પ્રસંગો, ઉદાહરણો, કાવ્ય પંક્તિઓનો સમૂચિત ઉપયોગ વિગેરે વિષે વિસ્તૃત સમજણ આપી, વકતા, વિષય અને શ્રોતા અંગે વિસ્તૃત ચર્ચા કરી માર્ગદર્શન આપ્યું હતું. કે.એન. શાહ હાઈટેક ઈન્કલુઝિવ સ્કૂલના ધો. ૧૧ના વિદ્યાર્થીઓ, ટિચર્સ ટ્રેનિંગ કોલેજ V.I. અને M.D. ના વિદ્યાર્થીઓ તથા વિશિષ્ટ શિક્ષકોએ આ બે દિવસના વકતૃત્વકળા પર સેમિનારમાં ભાગ લીધો હતો.



સ્વ. ભાવસાર દેવચંદભાઈ મુળજીભાઈ તળાજીયા અને સ્વ. ભાવસાર ખમાલક્ષ્મી દેવચંદભાઈ તળાજીયા


## ‘અંકુર’ મંદબુધ્ધિવાળા બાળકોની શાળા

✍ નેહલ ગઢવી



### સ્વ. શ્રી અનંતરાય એ. શાહ (મફતભાઈ) :

જીવનનું પ્રથમ પગલું તે મૃત્યુ તરફનું પણ પ્રથમ પગલું છે. જીવનના સંબંધોની એક નિયતી મૃત્યુનો સ્વિકાર પણ છે. બસ આપણે તો સાક્ષી બની, આ બધી ઘટનાઓને જોવાની હોય છે. પણ અમુક જીવન અમુક સંબંધો અને તેની આસપાસની ઘટનાને આટલી સહજતાથી સ્વિકારી શકાતી નથી. કારણ કે વ્યક્તિ અને તેની સાથેના સંબંધ એ આપણા જીવનનું પ્રેરક બળ હોય છે. જ્યારે કોઈ વ્યક્તિ જીવનમાંથી ચાલી જાય છે ત્યારે તે વ્યક્તિ ફકત જતી નથી પરંતુ આપણું અડધું અસ્તિત્વ લઈને જાય છે. આવા જ એક વ્યક્તિ એટલે સ્વ. શ્રી અનંતરાય એ. શાહ (મફતભાઈ) નવજવાન સંઘ અને ત્યારબાદ PNR સોસાયટીની બધી જ સંસ્થાઓના પાયાના કાર્યકર સ્વભાવે ખૂબ મૃદુ, કોમળ અને સાલસ, ભાગ્યેજ કોઈ એવી વ્યક્તિ હશે જેમની સાથે શ્રી મફતભાઈએ ઉંચા અવાજે વાત કરી હશે. તેમના કુટુંબમાં પણ કોઈ વ્યક્તિ સાથે ઝઘડો, દલીલ કશું જ નહીં, ત્યારે વિચાર આવે કે આ વ્યક્તિના જીવનમાં આવા પ્રસંગો



આવ્યા જ નહીં હોય ? આવ્યા તો હોય જ પરંતુ શ્રી મફતભાઈનું એક જ હથિયાર હતું અને એ છે ‘મૌન’ જેનાથી ઘણી ઘટનાઓ સરળ બની હશે, ભલે એ વજ્રઘાતોએ જ એમના હૃદયને નબળું પાડયું હશે. વર્ષ ૧૯૯૮ થી શ્રી મફતભાઈએ ‘અંકુર’નો કાર્યભાર સંભાળ્યો અને તેમના માનદ મંત્રી પદનો લાભ અંકુર સંસ્થાને મળેલ અને તેઓ સંસ્થાને એક વિશિષ્ટ ઉંચાઈ પર લઈ ગયા. આવા શ્રી મફતભાઈ તા. ૨૭ જાન્યુ.`૨૩ ના

રોજ આપણી વચ્ચેથી ચાલ્યા ગયા છે. તેમના પરિવારને તો ખોટ પડી જ છે, પરંતુ સંસ્થા પરિવારને પણ બહુ મોટી ખોટ પડી છે. અંકુર સંસ્થાના ટ્રસ્ટીશ્રીઓ, સ્ટાફના સભ્યો તથા બાળકો વગેરે ઉંડા શોક અને આઘાતની લાગણી અનુભવે છે. સદ્દગતના આત્માને પ્રભુ શાંતિ આપે તેવી અભ્યર્થના.

## પ્રજાસત્તાક દિનની ઉજવણી :

શાળાના કેમ્પસમાં દર વર્ષની માફક આ વર્ષે પણ સંપૂર્ણ આન-બાન અને શાનની સાથે ૭૪માં **પ્રજાસત્તાક દિન**ની ઉજવણી કરવામાં આવેલ. શ્રી અવિકાબેન અગ્રવાલ (અંલગ ઓટો એન્ડ જન. એન્જી. કુ. પ્રા. લિ.) ના વરદ હસ્તે ધ્વજવંદન કરવામાં આવેલ. શાળાના શિક્ષક શ્રી જયપાલસિંહ ગોહિલે ધ્વજવંદન વિધિ કરાવેલ. ત્યારબાદ બાળકોને વિવિધ રમતો રમાડવામાં આવેલ જેનુ સંકલન શ્રી પારસભાઈ પરમારે કરેલ અને અંતમાં રમતમાં વિજેતા બાળકોને મહેમાનોના હસ્તે ઈનામ આપવામાં આવેલ. આ પ્રસંગે સંસ્થાના ટ્રસ્ટીશ્રીઓ ઉપસ્થિત રહેલ સમગ્ર કાર્યક્રમનું સંચાલન ડૉ. ભાવનાબેન અંધારિયાએ કરેલ અને સંકલન આચાર્ય શ્રી મેઘજીખાન કે. સાયબાણીએ કર્યું હતું.

## B.O.B. દ્વારા સ્વચ્છતા પખવાડિયાની ઉજવણી :




તાજેતરમાં બેંક ઓફ બરોડા દ્વારા **સ્વચ્છતા પખવાડિયા**ની ઉજવણી કરવામાં આવેલ. જેના અનુસંધાને શાળામાં તા. ૧૯ જાન્યુ.`૨૩ ના રોજ એક કાર્યક્રમનું આયોજન કરવામાં આવેલ. જેમાં સ્વચ્છતાનું મહત્વ સમજાવવામાં આવેલ તથા બેંક ઓફ બરોડા દ્વારા સંસ્થાને સ્વચ્છતાને લગતા વિવિધ સાધનો, તેમજ બાળકોને હાઈઝીન કીટની ભેટ આપવામાં આવી હતી.

## જન્મદિવસની ઉજવણી :

શાળાના મદદનિશ શિક્ષક, ખ્યાતનામ યુવા મોટિવેશનલ સ્પીકર સુ. શ્રી નેહલબેન ગઢવીના **જન્મદિવસ** નિમિત્તે તેમના તરફથી તા. ૬ ફેબ્રુ.`૨૩ ના રોજ શાળાના તમામ બાળકો, સ્ટાફ તથા રીક્ષા ચાલક ભાઈઓને ડિમ્પલ રેસ્ટોરન્ટ ખાતે જમાડવામાં આવેલ. વિશેષમાં તેઓ દર વર્ષે તેમનો જન્મદિવસ આ રીતે બાળકો સાથે ઉજવે છે.

## પિકનીક :



તા. ૫ જાન્યુ.`૨૩ ના રોજ ભાવનગર સ્થિત રોટલા ગ્રુપ દ્વારા નટરાજ કેમ્પસ, કાળિયાબીડ ખાતે એક **પિકનીક**નું આયોજન કરવામાં આવેલ. જેમાં શાળાના કુલ ૬૦ બાળકોએ વિવિધ રાઈડ્સ, ડી. જે. સાથે ડાન્સ, ગરબા, તેમજ સુંદર ડિનરનો આનંદ માણેલ.

## B.O.B. દ્વારા એકસરસાઈઝ સાઈકલની ભેટ :




તા. ૨૫ જાન્યુ.`૨૩ ના રોજ બેંક ઓફ બરોડા દ્વારા પ્રજાસત્તાક દિન, તેમજ સંસ્થાના સ્થાપના દિવસ નિમિત્તે શ્રી સુધીરંજન શાહુ સર (AGM - BOB Bhavnagar Region - Bhavnagar) ના પ્રયત્નથી સંસ્થાને ત્રણ સ્ટેટીક **એકસરસાઈઝ સાઈકલની ભેટ** આપવામાં આવેલ. આ પ્રસંગે શ્રી બહેરા સર (Chif Managar BOB - RM Office - Bhavnagar), શ્રી અનિલ સર (Chif Managar SSI Branch - Bhavnagar) ની વિશેષ ઉપસ્થિતિ રહેલ.

## મીટિંગ :

તા. ૧૭ જાન્યુ.`૨૩, તા. ૧૮ જાન્યુ.`૨૩ તેમજ તા. ૩ ફેબ્રુ.`૨૩ ના રોજ માનદ્દ મંત્રી શ્રી ડી. જે. ધંધુકિયા સાહેબની અધ્યક્ષતામાં તથા આચાર્યશ્રી મેઘજીખાન સાયબાણીની હાજરીમાં શાળાના શિક્ષકો સાથે ધોરણ, શિક્ષણ અંગેની ગહન ચર્ચા કરવામાં આવેલ તથા દરેક શિક્ષકોના મનોદિવ્યાંગ બાળકોના સંદર્ભમાં, ધોરણ શિક્ષણ અંગે મંતવ્યો લેવામાં આવેલ.

## ધૂળેટી પર્વની ઉજવણી :

દર વર્ષની માફક આ વર્ષે પણ શાળામાં તા. ૩ માર્ચ `૨૩ ના રોજ હર્ષોલ્લાસ સાથે **ધૂળેટી પર્વની ઉજવણી** કરવામાં આવેલ. લાયન્સ કલબ ઓફ ભાવનગર વેસ્ટના સભ્યોએ શાળાના બાળકો સાથે આનંદ અને ઉલ્લાસ ભર્યા વાતાવરણમાં ધૂળેટી પર્વ ઉજવેલ અને બાળકોને ધાણી-ખજુર તેમજ કોલ્ડ્રિક્સ આપવામાં આવેલ. આ પ્રસંગે લાયન્સ કલબ ઓફ ભાવનગર વેસ્ટના સભ્યોશ્રીઓ, સંસ્થાના ટ્રસ્ટીશ્રીઓ ઉપસ્થિત રહેલ. સમગ્ર કાર્યક્રમ આચાર્યશ્રી મેઘજીખાન સાયબાણીના માર્ગદર્શન હેઠળ સુંદર રીતે સંપન્ન થયેલ.

## ક્રિડાંગણ ઉદ્દઘાટન :

તા. ૪ માર્ચ `૨૩ ના રોજ શાળા ખાતે **ક્રિડાંગણ ઉદ્દઘાટન** કાર્યક્રમ

યોજવામાં આવેલ. આ પ્રસંગે SBIના શ્રી દેવેન્દ્રકુમાર શાહુ (D.G.M. & C.D.O., અમદાવાદ) શ્રી દેબાશીષ મોહંતી (B.G.M. B & O, ભાવનગર), શ્રી હિમાંશુ મોદી (Chief Manger Public Relation, ભાવનગર), શ્રી સંદિપભાઈ ભટ્ટ, શ્રી કમલેશભાઈ સોલંકી, શ્રી ભગીરથભાઈ જાડેજા, શ્રી હેમંતભાઈ (SBI પરિવાર - ભાવનગર) ઉપસ્થિત રહેલ. શ્રી દેવેન્દ્રકુમાર શાહુ સરએ ઉદ્‌ઘાટન કરી આ ક્રિડાંગણને બાળકો માટે ખુલ્લુ મુકેલ આ પ્રસંગે માનદ મંત્રી શ્રી અલ્પેશભાઈ શેઠ, માનદ ટ્રેઝરર શ્રી દેવલભાઈ શાહ હાજર રહેલ. શ્રી અલ્પેશભાઈ શેઠે સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયાના CSR પ્રોજેક્ટ હેઠળ સંસ્થાને રમત-ગમત સાધનો અને મેદાનમાં રબ્બર કોટીંગ માટે મળેલ રૂા. ૮,૫૫,૫૦૦/- નું અનુદાન સ્વિકારેલ તેમજ ભાવનગરના અગ્રણિ ઉદ્યોગપતિ શ્રી બુધાભાઈ પટેલ દ્વારા ક્રિડાંગણ નવીનીકરણ માટે રૂા. ૪,૦૦,૦૦૦/- નું અનુદાન પણ મળેલ છે, સંસ્થા પરિવાર વતી સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયાની સમગ્ર ટીમનો તેમજ શ્રી બુધાભાઈ પટેલ પરિવારનો આભાર માનેલ. સમગ્ર કાર્યક્રમનું સંચાલન ડૉ. શ્રી ભાવનાબેન અંધારિયાએ કરેલ તથા આચાર્ય શ્રી મેઘજીખાન કે. સાયબાણીએ સમગ્ર કાર્યક્રમનું સુંદર સંકલન કરેલ.

## શાળાના બાળકોની કલા પ્રસ્તુતિ :

તા. ૧૮ ફેબ્રુ.'૨૩ ના રોજ નટરાજ કેમ્પસ ખાતે આયોજીત સાંસ્કૃતિક કાર્યક્રમમાં શાળાના બાળકોએ યોગ અને દેશભક્તિના ગીત પર સુંદર કૃતિઓ રજૂ કરેલ અને ઉપસ્થિત શ્રોતાઓને મંત્રમુગ્ધ કરી તેમની દાદ મેળવેલ શાળાના મ્યુઝિક થેરાપીસ્ટ ડૉ. શ્રી ભાવનાબેન અંધારિયા, શિક્ષક શ્રી જયપાલસિંહ ગોહિલ, શ્રી હરદીપભાઈ કામળીયા, શ્રી પારસભાઈ પરમારે બાળકોની આ કૃતિઓ તૈયાર કરાવવા માટે ભારે જહેમત ઉઠાવેલ.

## ઉદ્‌ઘાટન - શાળા વિઝીટ :

તા. ૧૯ ફેબ્રુ.'૨૩ ના રોજ શાળામાં ઈન્સ્ટોલ કરવામાં આવેલ ફાયર સેફટી સીસ્ટમ તથા મ્યુઝિક થેરાપી રૂમનું દાતાશ્રીઓ તથા શુભેચ્છકોની હાજરીમાં ઉદ્‌ઘાટન કરવામાં આવેલ તથા મુંબઈથી પધારેલ મહેમાનોને શાળાની વિવિધ પ્રવૃત્તિઓ પાવર પોઈન્ટ પ્રેઝન્ટેશન દ્વારા બતાવવામાં આવેલ અને શાળાની વિઝીટ કરાવવામાં આવેલ. આ પ્રસંગે સંસ્થાના દાતાઓ, શુભેચ્છકો, ટ્રસ્ટીશ્રીઓ ઉપસ્થિત રહેલ અને સંસ્થાના આગામી ડ્રિમ પ્રોજેક્ટ હોસ્ટેલ વિશે સર્વ મહેમાનોને માહિતગાર કરવામાં આવેલ.

## લોનાવાલા ખાતે શાળાના બાળકોનો સુંદર દેખાવ :

તા. ૨૩ ફેબ્રુ.'૨૩ થી તા. ૨૮ ફેબ્રુ.'૨૩ દરમિયાન લોનાવાલા ખાતે અનામ પ્રેમ પરિવાર દ્વારા વિવિધ રાજ્યોના મંદબુધ્ધિ બાળકો વચ્ચે ડાન્સ કોમ્પીટીશન - ડ્રોઈંગ કોમ્પીટીશન, મેમરી ગેઈમ તથા સ્ટોર કીપર જેવી વિવિધ સ્પર્ધાઓનું આયોજન કરવામાં આવેલ. જેમાં શાળાના ૯ બાળકોએ વિવિધ સ્પર્ધાઓમાં ભાગ લઈ પોતાનું કૌશલ્ય બતાવી રાષ્ટ્રિય કક્ષાએ 'અંકુર' શાળાનું ગૌરવ વધારેલ આ રાષ્ટ્રિય કક્ષાની વિવિધ સ્પર્ધામાં શાળાના ૯ બાળકો તથા શિક્ષક સર્વશ્રી પારસભાઈ પરમાર, આરીફભાઈ જેઠવા તથા અમિતાબેન પટેલ જોડાયેલ.

(પેજ નં. ૩૦ ઉપરથી ચાલુ)

COMMITMENT TO EXCELLENCE

# ANKUR SPECIAL SCHOOL FOR M. R. CHILDREN

| | Rs. |
|---|---|
| Star Packaging Industries - Mumbai | 1,00,000 |
| Star Corrugating Industries - Mumbai | 1,00,000 |
| Shri Krishnakant Vandravanddas Chitalia - Mumbai | 1,00,000 |
| Shri Hansaben Kishorbhai Jotani (H. P. Rakhasia)-Bhav. | 1,00,000 |
| Shri Aruna Pradyumna Dave - Vadodara | 70,000 |
| Shri Phalguniben Manojbhai Shah - Bhavnagar | 50,000 |
| Shri Kapilbhai Machhar - Mumbai | 22,222 |
| Shri Kiran Aggarwal - Bhavnagar | 22,000 |
| Shri Shrikant Bhailal Shah | 11,001 |
| Shri Bhavnaben Himanshubhai Buch - Bhavnagar | 5,001 |
| Shri Prakashbhai M. Pandit - Mumbai | 5,000 |
| Shri Dharmesh P. Pandit - Mumbai | 5,000 |
| Shri Dharaben Trivedi & Bhatt Family - Bhavnagar | 5,000 |
| Shri Chiragbhai Vinubhai Rathod - Ahmedabad | 5,000 |
| Shri Parasbhai Madhvjibhai Parmar - Bhavnagar | 4,500 |
| D. L. Sachdev Charitable Trust - Hyderabad | 2,500 |
| Shri Pankajbhai Ghetiya - Bhavnagar | 2,000 |
| Shri Mahendrabhai J. Shah / Shri Priti M. Shah - Bhavnagar | 2,000 |
| Shri Dharmeshbhai Himmatbhai Pandya - Bhavnagar | 1,101 |
| Well Wisher | 1,100 |
| Shri Nikunjbhai Deliwala - Bhavnagar | 1,000 |
| State Bank Of India- Admin Office Bhavnagar - Bhavnagar | 8,55,500 |
| Shri Jitendra A. Shah - Mumbai | 2,60,000 |
| M/S. Jade Blue Lifestyle India Limited - Ahmedabad | 2,00,000 |
| Shri Surekha Mansukhlal Shah - Banglore | 1,51,000 |
| M/S. Alang Auto And Gen. Engg. Co. Pvt. Ltd - Bhavnagar | 1,08,000 |
| Shri Vanol Rajeshkumar Kanubhai - Surendranagar | 51,000 |
| M/S. Manek Fincon Private Limited - Kolcutta | 50,000 |
| Shri Devabai Kooverji Charitable Trust - Mumbai | 45,000 |
| Shri Kamleshbhai R.Sheth & Varshaben K Sheth - Bhav. | 33,750 |
| Shri Bhatt Rakshaben Sharadchandra - Bhavnagar | 31,200 |
| Shri Gulabben Karshanbhai & Karshanbhai Sitaram Bhakt-Surat | 30,000 |
| Shri Manjuben Vinod Shah - Mumbai | 25,000 |
| M/S. Sumitomo Chemical India Limited - Bhavnagar | 25,000 |
| Shri Jyoti Jitendra Kapadia - Mumbai | 25,000 |
| Shri Nanalal Bhavanbhai Patel Charitable Trust - Bhavnagar | 21,500 |
| Shri Shah Hareshbhai Shantilal - Ahmedabad | 20,000 |
| Shri Kunte Modha Shah Advisors Llp - Ahmedabad | 20,000 |
| M/S. Save Solutions Pvt Ltd - | 15,000 |
| Shri Kamlesh Dhirajlal Shah - Anand | 15,000 |
| Shri R. K. Shah Charitable Trust | 11,300 |
| Shri Amitkumar Parshottamdas Shah - Bhavnagar | 11,000 |
| Shri Mrugesh D. Desai - Anand | 11,000 |
| Shri Arun Odhavji Mehta - Mumbai | 11,000 |
| Shri Bhaveshbhai Nanubhai Patel - Ahmedabad | 10,000 |
| Shri Bhavna Charitable Trust - Surendranagar | 10,000 |
| Shri Kokilaben R. Acharya - Surendranagar | 10,000 |
| Shri Krunal Trivedi - Gir Somnath | 9,000 |
| Shri Vijaybhai Ratilal Dave - Ahmedabad | 7,000 |
| Shri Mahir Pujara Kakkad - Bhavnagar | 7,000 |
| Shri Sahil Bhagvanbhai Patel - Ahmedabad | 5,001 |
| Shri Apurvabhai Arvindbhai Parekh - Bhavnagar | 5,000 |
| Late Shri Manjulaben Champaklal Shah - Bhavnagar | 5,000 |
| Shri Radhika Bhalabhai Parmar - Bhavnagar | 2,700 |
| Shri Jyotirajsinh Ramjubha Jadeja - Bharuch | 2,501 |
| Shri Krunal Trivedi - Gir Somnath | 2,000 |
| Shri Pankajbhai Ghetiya - Rajkot | 2,000 |
| Well Wisher | 2,000 |
| Dr. Bhavnaben P. Andhariya - Bahvnagar | 1,500 |
| Shri Amitkumar Kapilrai Joshi - Bhavnagar | 1,000 |
| Shri Udaybhai Prafulbhai Rathod - Bhavnagar | 1,000 |
| Shri Kiranben Maheshbhai Parmar - Bhavnagar | 1,000 |

# ૧ ફેબ્રુઆરી થી ૩૧ માર્ચ '૨૩ સુધીના દાતાઓની યાદી

PNR
HOPE 4 ALL

## P. N. R. SOCIETY

### 80-G

| | Rs. |
|---|---|
| Shri Jamnadas Prabhashanker & Smt.Gulab Jamnadas Sheth Charity Trust - Mumbai | 25,000 |
| Shri Urmikant Prabhudas Mody - Mumbai | 5,00,000 |
| New Mahalaxmi Silk Mills Pvt. Ltd. - Mumbai | 1,00,000 |
| Shri Manjulaben Ratilal Mehta - Mumbai | 10,000 |
| Shri Dharmanshu Raval - Mumbai | 5,000 |
| Shri Kiritbhai A.Rathod - Bhavnagar | 2,500 |
| Shri Ritaben Nileshbhai Shah - Mumbai | 50,000 |
| Shri K.N.Shah Charitable Trust, C/O.National Color Chem.Corp. - Mumbai | 1,00,00,000 |
| Shri Babubhai Naranji Joshi - Mumbai | 10,000 |
| Shri Sadiqalibhai I. Laxmidhar - Rajkot | 21,000 |
| Shri Husenbhai Firozbhai Laxmidhar - Rajkot | 25,000 |
| Shri Jayant Steel Tube Co. - Mumbai | 50,000 |
| Shri Krishnakantbhai V.Chitaliya - Mumbai | 1,00,000 |
| Shri Hemantbhai P. Pandya - Bhavnagar | 5,000 |
| Shri Mahendra Jasvantlal Parekh Charitable Trust-Mumbai | 1,00,000 |
| Shri Kundanben J.Bhayani Charitable Trust - Mumbai | 10,00,000 |
| Shri K.N.Shah Charitable Trust, C/O.National Color Chem.Corp. - Mumbai | 43,00,000 |
| Shri Ashok Dhirajlal Dalal - Mumbai | 54,000 |
| Shri Tejas Girishchandra Oza - Bhavnagar | 3,000 |
| Shri Dinshaw Darabsha Siganporia - Mumbai | 50,000 |
| Dr.Ashok Ghanshyam Dalal - Mumbai | 15,000 |
| Shri Purnima G.Kapadia - Mumbai | 1,00,000 |
| Shri Dipak Rajnikant Solani - Mumbai | 5,000 |
| Shri Kumudben Manilal Shah - Mumbai | 20,000 |
| Shri Jay Purohit - Vadodara | 1,000 |
| Shri Jain Social Group Bhavnagar Youth - Bhavnagar | 16,500 |
| Shri Vinod Amratlal Shah - Mumbai | 5,000 |
| Shri Bharatbhai Shamjibhai Parekh - Mumbai | 1,50,000 |
| Shri Jitendra Kirtilal Bhansali Trust - Mumbai | 5,00,000 |
| Shri Dhruvi M.Acharya - Mumbai | 2,00,000 |
| Shri Amitkumar Parshottamdas Shah - Bhavnagar | 11,000 |
| Shri Bhikha Vallabh Charity Trust - Mumbai | 3,000 |
| Shri Chandrashankar A.Dave - Bhavnagar | 50,000 |
| Shri Hasumatiben Chandrashankar Dave - Bhavnagar | 50,000 |
| M/S. Ekol Paint Industries - Mumbai | 50,000 |
| Shri Pravinchandra Manilal Shah C/O.Parco Tractor Spares Corporation - Mumbai | 5,000 |
| Shri B.K. Parekh Parkinson's Disease & Movment Disorder Society - Mahuva | 48,000 |
| Shri Varsha Enterprise - Mumbai | 50,000 |
| Shri Amish Dineshbhai Doshi Amratlal & Sons - Mumbai | 50,000 |
| Shri Balvantrai Laxmishankar Joshi - Bhavnagar | 1,151 |

### CSR

| | Rs. |
|---|---|
| Shri Navdeep Chemicals Pvt Ltd - Mumbai | 1,00,000 |
| Shri Yupaa Fresh Pvt.Ltd - Mumbai | 12,93,000 |
| Shri Yupaa Fresh Pvt.Ltd - Mumbai | 7,91,000 |
| Shri Bhaskar Venkatesh Product Pvt.Ltd. - Bhopal | 5,01,000 |
| M/S. SNS Overeas Pvt.Ltd - Mumbai | 2,00,000 |
| Shri James Walker Inmarco Industries Pvt.Ltd - Mumbai | 3,01,000 |

### FCRA

| | Rs. |
|---|---|
| PNR USA Foundation Inc. - USA | 1,09,845 |

## K. L. INSTITUTE FOR THE DEAF - TRUST

| | Rs. |
|---|---|
| Matushri Late Vasantben Nagindas Mehta - Babra | 1,100 |
| Late Shri Bhupendrasinh R Jadeja - Bhavnagar | 4,500 |
| Late Eraben Jankbhai Gandhi - Bhavnagar | 10,000 |
| Shri Viaan Gauravbhai Choithani - Bhavnagar | 6,000 |
| Shri Hardik Shirishbhai Pandya - Bhavnagar | 2,500 |
| Shri Ajay Pradyumanbhai Bhatt - Bhavnagar | 4,200 |
| Shri Arunkumar A. Raval - Bhavnagar | 1,000 |
| Shri Khurshed & Firozbhai Vevania Charitable Trust-Mumbai | 5,000 |
| Shri Rajeshriba S. Rathod - Bhavnagar | 11,500 |
| Shri Jitendra Ichhalal Shah - Bhavnagar | 20,000 |
| Shri Abdulsatar Abdullabhai - Bhavnagar | 11,000 |
| Shri Pritesh Rajendra Shah - Mumbai | 1,501 |
| Shri Rajendra Jaysukhlal Shah - Mumbai | 1,000 |
| Shri Julieben Shah - Bhavnagar | 4,000 |
| Shri Anuj Udaybhai Gosaliya - Mumbai | 3,350 |
| Shri Krishnakant Vanravandas Chitalia - Mumbai | 1,00,000 |
| Shri Harshidaben & Nimuben Tamboli - Bhavnagar | 5,000 |
| Late Veenaben & Late Jaysukhbhai Shah - Bhavnagar | 10,000 |
| Shri Amiben S. Shah & Ansuyaben B. Shah - Bhavnagar | 11,500 |
| Shri Yashkumar S. Chavda - Bhavnagar | 51,000 |
| Shri Suryakantbhai H. Chavda - Bhavnagar | 51,000 |
| Shri Mrudulaben Manoharbhai Desai - Bhavnagar | 21,000 |
| M/S. Precision Wires India Limited - Mumbai | 25,000 |
| Late Kalabhai Moradiya - Mumbai | 18,000 |
| Shri Nanduben Jamanbhai Gadhethariya - Bhavnagar | 3,750 |
| Shri Jesal Nainesh Jhaveri - Mumbai | 5,000 |
| Late Shantaben Ramniklal Doshi Mokhadwala - Bhavnagar | 25,000 |
| Shri Himatlal Shantilal Sheth - Bhavnagar | 50,000 |
| Shri Vile Parle Vardhman Stha Jain Shravas Sangh-Mumbai | 10,000 |
| Shri Rituben Kalpeshbhai Desai - Bhavnagar | 3,500 |
| Shri Renukaben J Barbhaya - Bhavnagar | 1,000 |
| Late Vishalbhai Laxmanbhai Makwana - Bhavnagar | 3,150 |
| Estate Of Kokila Ashok Modi - Mumbai | 1,20,000 |
| Estate Of Kokila Ashok Modi - Mumbai | 48,000 |
| Estate Of Kokila Ashok Modi - Mumbai | 14,000 |
| Shri Kailasben Kishorchandra Jani - Bhavnagar | 25,000 |
| Late Dr. Seema Narendrabhai Balar - Bhavnagar | 15,000 |
| Shri Amitkumar Parsottamdas Shah - Bhavnagar | 11,000 |
| Shri Trambaklal Sundrji Kamdar Chritabel Trust-Bhavnagar | 1,00,000 |
| Shri Kamleshbhai R. Sheth ( Sheth Brothers) - Bhavnagar | 35,000 |
| Shri Pravinchandra Manilal Shah - Mumbai | 7,500 |
| Shri Dhirajlal Vrajlal Chudasama - Bhavnagar | 10,000 |
| Shri Jitubhai Shah - Bhavnagar | 1,500 |
| Late Ashokbhai Babubhai Patel - Bhavnagar | 6,000 |
| Shri Gadabhai Bhimbhai Kachhad - Amreli | 6,750 |
| Shri Kinnariben Snehalbhai Vala - Bhavnagar | 7,000 |
| Shri Mukeshbhai Ichhalal Shah - Bhavnagar | 35,000 |
| Shri Bindiben Trivedi - Bhavnagar | 10,000 |
| Shri Vishal Girishbhai Joshi - Ahmedabad | 5,000 |
| Shri Deep Shah - Ahmedabad | 5,000 |
| Late Ghughjibhai Harjibhai Desai - Bhavnagar | 2,500 |
| Shri Dudhiben Devchand Mehta Charitable Trust - Mumbai | 2,500 |
| Shri Tapasi Jagdish Trivedi - Bhavnagar | 30,135 |
| Shri Manjulaben Champaklal Shah - Bhavnagar | 5,000 |
| M/S. Sumitomo Chemical India Limited - Bhavnagar | 50,000 |

## BHAVNAGAR NAVJAWAN SANGH
### V.C. Lodhawala & Pratapbhai Parekh Ployclinic

| | Rs. |
|---|---|
| Shri Vinod Amratlal Shah - Mumbai | 5,000 |
| Shri Amitkumar Parsottamdas Shah - Bhavnagar | 11,000 |
| Shri Ramniklal Manordas Shah - Bhavnagar | 25,000 |
| M/S. Indosol Exports - Mumbai | 1,00,000 |
| Shri Kirit Atulbhai Rathod - Bhavnagar | 5,000 |
| Shri Rashmi Pratapbhai Parekh - Mumbai | 1,280 |
| Shri Varshaben Prabodhbhai Mehta - Mumbai | 1,25,000 |
| Shri Varshaben Prabodhbhai Mehta - Mumbai | 3,75,000 |
| Shri Krishnakantbhai V. Chitaliya - Mumbai | 1,00,000 |
| Shri Suryakantbhai Himatlal Chavda - Bhavnagar | 5,000 |
| Shri Falguniben Ashokbhai Khatsuriya - Bhavnagar | 11,111 |

(બાકી પેજ નં. ૨૯ ઉપર)



પી.એન.આર.માં
શ્રી બૈજુભાઈના વરદ્ હસ્તે

પ્રજાસત્તાક દિનની ઉજવણી



'અંકુર'
શાળામાં

# પી.એન.આર. સોસાયટી તસ્વીર સમાચાર



ક્રેડિબિલિટીના શ્રી કાજલકુમારી ફિલ્ડ વિઝીટમાં



'Nirmala Niketan College' Mumbai



ધૂળેટી પર્વની ઉજવણી - મહુવા રિસોર્સ સેન્ટર



ધૂળેટી પર્વની ઉજવણી - તળાજા રિસોર્સ સેન્ટર



સ્વચ્છતા અભિયાન એવોર્ડ




BOB એક્સરસાઈઝ સાઈકલની ભેટ 'અંકુર'

Koshish Thi Kamyabi ◆ RNI No. GUJGUJ/2013/48176 ◆ Postel Reg. No. L2/36/RNP/BVR-414/2022-24 ◆ Monthly
Date of Publication : 15 April - 2023 ◆ Posted at 20th of every month at BHAV.RMS ◆ Subscription Rs. 150 per year (12 Issue) ◆ Total Page : 32




Hindustan Pencils Pvt. Ltd. 510, Himalaya House, Mumbai - 400 001 Tel.: 91-22-22614505/06/07
Email: feedback@hindustanpencils com